ડૉ. આશિષભાઈ ચોક્સીએ મારા લેખોના અનુસંધાને ઓક્ટોબર-૨૦૧૫ અને ફેબ્રુઆરી-૨૦૧૬માં પત્રો લખીને મને ઉત્સાહિત કર્યો છે, જે આનંદ આપેલ છે, લેખો લખવા માટે પ્રાણવાયુ મને મળ્યો છે, એમ હું માનું છું. જૂન-૨૦૦૫થી મુ. શ્રી હંસરાજભાઈના આમંત્રણથી લખવાનું શરૂ કર્યું, જે હજી પણ ચાલુ છે. જેને માટે વાંચકો, મારા શુભેચ્છકો, તંત્રીમંડળ તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો આભારી છું. જૂન-૨૦૦૫થી શરૂ કરીને એપ્રિલ-૨૦૧૬ સુધીમાં મારા કુલ ૭૮ લેખો થયા છે. યોગાનુયોગ હાલ હું ૭૮ વર્ષનો છે. નિવૃત્તિમાં પણ 'કચ્છશ્રુતિ'ને કારણે હું પ્રવૃત્ત છું તે મને આનંદની સાથે સ્વસ્થ પણ રાખે છે. સૌને અભિનંદન.

*દિલીપ વૈશ્નવ - અમદાવાદ*
*મો. ૯૯૯૯૮ ૧૮૨૧૫*

***૭૮ વર્ષીય દિલીપભાઈ વૈશ્નવે અત્યાર સુધી ૭૮ લેખો લખ્યા છે. અભિનંદન.***

*– તંત્રીમંડળ*

★

### ખનીજ તત્ત્વો સંબંધી માહિતી આપવા બદલ શ્રી દિલીપભાઈ વૈશ્નવ અને 'કચ્છશ્રુતિ'ને ધન્યવાદ

'કચ્છશ્રુતિ'માં શ્રી દિલીપભાઈ વૈશ્નવે આપણને ખનીજ તત્ત્વો વિશે જે જાણકારી આપી તે ખરેખર માહિતીનો ખજાનો છે. આપણા ખોરાકમાં જાણે અજાણે આપણે ખનીજ તત્ત્વોને મહત્ત્વ આપતા ન હતા કારણકે આપણને જાણકારી ન હતી. શ્રી દિલીપભાઈએ, ખનીજ તત્ત્વોની ઝીણી ઝીણી વિગત શોધીને ખરેખર ખૂબ ઉમદા કાર્ય કર્યું છે. સામાન્ય રીતે ડૉક્ટરો પણ ઘણી બધી માહિતીથી અજાણ હોય તેવી માહિતી તેઓએ રજૂ કરી છે. શ્રી દિલીપભાઈ અને 'કચ્છશ્રુતિ'ને આ જહેમત લેવા બદલ ધન્યવાદ.

*ડૉ. આશિષ ચોક્સી - અમદાવાદ*
*મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬*

★

*શરીરના શણગાર ભલે સોનું અને ચાંદી હોય,*
*આત્માના અલંકાર તો સદ્‌ગુણ અને સાદાઈ જ છે.*

## પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'ના ફેબ્રુઆરી અંકમાં ડૉ. મિહિરભાઈ વોરાનો 'પાણી પીવાની પણ એક રીત છે' એ લેખ છપાયો છે. લેખકશ્રી સ્વયં ડૉક્ટર છે એટલે એમની વાતમાં તથ્ય હોય એ સ્વાભાવિક છે. પરંતુ આ લેખમાં અપવાદરૂપે કેટલીક પરસ્પર વિરોધી બાબતો આવી ગઈ છે.

પાના નં.-પ૨ની વચલી કોલમમાં લખે છે 'જમ્યાથી ૩૦થી ૪૦ મિનિટ પહેલાથી પાણી પીવાનું બંધ કરી દેવું જોઈએ.' (આ વાત બિલકુલ સાચી છે.)

પાના નં.-પ૩ની વચલી કોલમમાં લખાણ છે 'જમતાં પહેલાં એક ગ્લાસ પાણી પીવો. આ પાણીથી તમે ખાધેલા ખોરાકના પાચનમાં મદદ મળશે. નાસ્તો કર્યા પહેલાં પણ થોડું પાણી પીવું.' (આ વાત ભૂલભરેલી છે. એટલું જ નહીં, પણ શરીરને નુકસાનકારક છે.)

પાના નં.-પ૩ની પ્રથમ કોલમમાં લખાણ છે '૧૮થી ૨૫ ઉંમર ધરાવતી છોકરીઓએ દિવસમાં ૫ લિટર અને આ જ ઉંમરના છોકરાઓએ દિવસમાં ૭ લિટર પાણી પીવું જોઈએ.' (આ વાતમાં ક્યાંક ગેરસમજ થઈ હોય એમ લાગે છે.)

અન્ય જગ્યાએ પાના નં.-પ૪ની પ્રથમ કોલમમાં લખાણ છે 'સામાન્ય નિયમ તરીકે રોજ બે થી અઢી લિટર પાણી શરીરમાં જવું જોઈએ.' (આ વાત બિલકુલ સાચી છે.)

પાના નં.-પ૨માં લખાણ છે 'ઠંડું પાણી પચતા ૮ કલાક લાગે છે અને માટલાનું પાણી પચતા અઢીથી ચાર કલાક લાગે છે' (આ વાત પણ ભૂલ ભરેલી છે.) આયુર્વેદમાં જણાવ્યા મુજબ ઘન (સોલીડ) ખોરાકને પચતાં ૬ કલાક લાગે છે. આથી પાણીને પચતા આટલો સમય લાગે એ વાત બરાબર લાગતી નથી.

મારે પોતાને બેંગ્લોરના જિંદાલ ખાતેના નેચરોપથી ઈન્સ્ટિટ્યૂટમાં ત્રીસ દિવસ સારવાર અર્થે રહેવાનું થયું હતું. ત્યાં તમામ લોકોને ભારપૂર્વક શીખવવામાં આવતું કે 'જમ્યા પહેલાં ૩૦-૪૦ મિનિટ પાણી ના પીવું. જમતાં જમતાં વચ્ચે પણ પાણી ન પીવું. જમ્યા પછી એક કલાક બાદ જ પાણી પીવું.' તેઓ સમજાવતા કે ભોજન પહેલાં - ભોજન દરમિયાન - ભોજન પછી જો પાણી તરત હોજરીમાં જાય તો હોજરીમાંના પાચકરસો મંદ પડી જાય, પાચન બરાબર ન થાય અને તેથી 'મંદાગ્નિ' નામનો રોગ થાય. આ મંદાગ્નિને કારણે બીજા પણ અન્ય રોગો થવાની શક્યતા વધે. તેઓ સમજાવતા કે ફ્રિજનું ઠંડું પાણી ન પીવું, તડકામાંથી આવીને તુરતાતુરત પાણી ગટગટાવવું નહીં પણ ૩-૪ મિનિટ પછી અને શક્ય હોય તો બેસીને પાણી પીવું. ઊભા ઊભા પાણી પીવાનું બને તો ટાળવું. તેઓ સમજાવતા કે છાશ ખરેખર સારી અને આરોગ્યવર્ધક છે પરંતુ અમ્લપિત્ત (એસિડિટી) વાળાઓએ દહીં અને છાશનો ત્યાગ કરવો. સાંજે સૂરજ આથમ્યા પછી લોકોએ દહીં ન ખાવું જોઈએ (જો કે ખૂબ ઘણા લોકો રાત્રે ભોજનમાં દહીંનો ઉપયોગ કરે છે.) ઉનાળામાં હવા સૂકી હોય એટલે પાણી વધારે પીવાય પણ ચોમાસામાં હવામાં ભેજ હોય એટલે પાણી ઓછું પીવું જોઈએ. ચોમાસામાં લીલા શાકભાજીમાં પણ ભેજનું પ્રમાણ વધારે હોવાથી લીલા શાકભાજી પણ ઓછા ખાવા જોઈએ (આ જ કારણે જૈનોના પર્યુષણ ચોમાસામાં રાખવામાં આવેલ છે.) તેઓ અમને સમજાવતા કે ખૂબ ચાવી ચાવીને ખાવું જોઈએ - ઝડપથી ખાવું ન જોઈએ. સરેરાશ ગુજરાતી મહિલાઓમાં હંમેશાં હિમોગ્લોબીન ઓછું જ હોય છે. સૌથી વધારે હિમોગ્લોબીન ખજૂરમાં હોય છે. Folic Acid (Iron)ની ગોળીઓ કરતાં ખજૂરનો ઉપયોગ કરવો આવશ્યક છે.

આ જ અંકમાં શ્રી દિલીપ વૈશ્નવ પણ લખે છે કે – પાના નં.-૬૭ : 'દરરોજ અઢીથી ત્રણ લિટર પાણી પીવું.' (આ વાત સાચી છે.)

શ્રી દિલીપ વૈશ્નવના લેખમાં તેમણે લખેલી નંબર એકથી છ સુધીની તમામ સૂચનાઓમાં આયુર્વેદ સંમત છે અને એનો અમલ કરવામાં આવે તો પૂરી ફાયદાકારક છે.

શ્રી મિહિરભાઈએ પાના નં.-પ૨ પ્રથમ કોલમમાં 'મોઢું સાફ કરવાની' વાત લખેલ છે. આ વાત પણ ઉત્તમ છે - જરૂરી છે. કશુંક પણ મોંમાં નાખ્યા પછી તરત જ કોગળા કરીને મોઢું સ્વચ્છ કરી નાખવું જોઈએ. આ પ્રકારની જો ટેવ હોય તો દાંતના ડૉક્ટર પાસે બહુવાર જવું નહીં પડે.

છેલ્લે, શ્રી યશ રાયે 'સંકલ્પ બળ' શીર્ષક હેઠળ ઉત્તમ શાયરીઓ રજૂ કરી છે પણ દરેકની નીચે તેના કવિ - શાયરનું નામ લખવું જરૂરી છે. અન્યથા તમામ શાયરી - કવિતા શ્રી યશ રાયની સ્વયં રચિત છે એવો અર્થ નીકળે. અને જો ખરેખર બધી શાયરી તેમની સ્વયંરચિત હોય તો તેમને ખૂબ ધન્યવાદ - અભિનંદન.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

## 'કચ્છશ્રુતિ' – પ્રતિસાદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' નિયમિત રીતે મળે છે. વાંચન - વૈવિધ્ય દરેકને ગમે તેવું છે. તમને સૌને તે બદલ અભિનંદન છે.

***દિલીપ મ. વૈશ્નવ - અમદાવાદ***

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
**પુસ્તકાલય માટે ધન્યવાદ**

આપણા સમાજે પુસ્તકાલય પ્રવૃત્તિ યોજના અમલી બનાવી તે જાણી આનંદ થયો. આ માટે ખૂબ ખૂબ ધન્યવાદ. આ સિવાય, નવી પ્રવૃત્તિઓ અને યોજનાઓ ચાલુ કરેલ છે તે પણ સમાજ પરિવારજનોના વિશાળ હિતમાં રહેશે. મારી પાસેના પુસ્તકો પૈકી આ સાથેની યાદી મુજબ ૫૧ પુસ્તકો ઉપરોક્ત યોજના માટે ભેટ આપું છું, જે સ્વીકારશો.

*સત્યેન્દ્ર વી. પટણી - અમદાવાદ*

★

**'કચ્છશ્રુતિ' – કલાત્મક સજાવટ : પ્રતિભાવ**

આપ તરફથી 'કચ્છશ્રુતિ' મને મળે છે. ખૂબ આભાર. અંક પરના રળિયામણા ટાઈટલ પેજથી અંદરની સાહિત્ય સામગ્રીઓ દીપી ઊઠે છે. સજાવટ તથા મુદ્રણકાર્ય શુદ્ધ અને કલાત્મક બને છે. તે માટે આપની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. છેલ્લે એક સુંદર વિચાર વાંચ્યો – લાઈબ્રેરી શરૂ કરવાની યોજના. આ વિગત જાણી વિશેષ આનંદ થયો. આજના વાંચન વિમુખ થતા જતા સમાજને આવી પ્રવૃત્તિની ખાસ જરૂર છે. આ માટે આપને ઘણાં સાહિત્યકારો તેમજ અન્ય સ્થળોથી પુસ્તકો મળતા રહ્યા છે. તે સૌને અભિનંદન. આ પ્રવૃત્તિ માટે મારા તરફથી પણ પૂરો સહકાર મળતો રહેશે.

*જયંતિભાઈ ધોકાઈ (નિવૃત્ત આચાર્ય) - ઓખા (દ્વારકા)*
*ફોન : (૦૨૮૯૨) ૨૬૨૬૧૧*

★

**'કચ્છશ્રુતિ' – પ્રતિભાવ**

'કચ્છશ્રુતિ'ના છેલ્લા ૪/૫ અંકો વાંચીને ઘણો જ આનંદ થયો. હોળી તહેવારનું મહત્ત્વ, કેમ ઉજવાય છે વગેરે જાણ્યું. પૂ. કારાણી સા.ની જીવનશૈલી વાંચી. એમનો કચ્છ પ્રત્યેનો લગાવ અનેરો હતો. કચ્છના ગામેગામનાં પાળિયાઓનો ઈતિહાસ તેમણે ઉલેચ્યો છે. "કચ્છ કલાધર"માં કચ્છની કળા, સંસ્કૃતિ, મર્દાનગી, વટ વરાત ને વહેવાર, કુરબાનીની વાતો સંત, સુરા, સતીઓને ખૂંધ્યા છે તે કારાણી સિવાય કોઈ ન કરી શકે. સોનગઢ રત્નાશ્રમનાં બાળકો શિક્ષણ ઉપરાંત કચ્છની સંસ્કૃતિ વિશે આજે પણ યાદ કરી નાટકો - કાવ્યો રજૂ કરે છે. જમીન તકેદારી વિશે પન્નાલાલ છેડાનો લેખ સરસ છે.

*હીરાલાલ વેલજી ઊનડોઠવાલા - ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

## માતા બનવાની અભિલાષા સેવનાર મહિલાઓ માટે

માતા બનવાની અભિલાષા સેવતી દરેક સ્ત્રીને ચોક્કસ એવી મનોકામના હોય કે મારું આવનાર બાળક સ્વસ્થ અને સુંદર (અંગ્રેજીમાં ક્યુટ) હોય.

આવી અભિલાષા સેવનાર તમામ સ્ત્રીઓને મારો અનુરોધ છે કે જે ક્ષણે તેને ખબર પડે કે તેણે ગર્ભધારણ કરેલ છે ત્યારથી જ પોતાના બેડરૂમમાં પોતે ઇચ્છે છે એવા ક્યુટ બાળકનો (બાળ કનૈયાનો?) ફોટો અથવા ચિત્ર કે કેલેન્ડર નજર સામે રાખે અને વધુમાં વધુ સમય એ ચિત્ર સામે જોતાં રહીને એને પોતાના હૃદય-મનમાં ઉતારતા અને ચિંતન કરતા રહેવું. આનું પરિણામ આશ્ચર્યજનક આવશે અને જન્મનાર બાળકનો અણસાર તેણે મનમાં ઉતારેલ ચિત્રને મળતું હશે.

આ એક વૈજ્ઞાનિક સત્ય છે અને પુરવાર થયેલ છે. એટલે એમાં શંકા કરવાની જરૂર નથી. અલબત્ત આ નવ મહિનાના સમય દરમ્યાન તે સ્ત્રીએ પોતાના શારીરિક અને માનસિક આરોગ્યની પણ પૂરતી સંભાળ રાખવી જરૂરી છે. આ નવ મહિનાના સમય દરમ્યાન શિયાળો આવે તો શિયાળામાં રોજ સવારે 'નીરો' નામનું પીણું મળે છે તે નીરો દરરોજ અવશ્ય પીવું. નીરો પીવાથી બાળકનો વર્ણ ઊઘડે છે એવો આયુર્વેદનો મત છે.

અને જો શાસ્ત્રીય અથવા સુગમ સંગીતનો તમને શોખ હોય અને જો તમે ઇચ્છતા હો કે તમારું બાળક પણ સંગીતનો જ્ઞાતા બને, તો એક પ્રયોગ અચૂક કરજો.

દિવસ કે રાત્રે જ્યારે પણ ફુરસદ મળે ત્યારે તમારા પેટ પાસે કેસેટ પ્લેયર રાખીને તેમાં ઉત્તમ સંગીતની કેસેટ વગાડો. આવું લગભગ દરરોજ કરો અને પછી જુઓ કે તમારું બાળક જન્મની સાથે જ સૂર-તાલ અને લયના બેઝીક જ્ઞાન સાથે જ જન્મશે. પછી એને જીવનમાં સંગીત શીખવા માટે ઝાઝી મહેનત નહીં કરવી પડે – માના પેટમાંથી જ તે શીખીને આવેલ હશે.

આ પણ વૈજ્ઞાનિક સત્ય છે અને પુરવાર થઈ ચૂક્યું છે. એટલે એમાં પણ શંકા કરવાની જરૂર નથી.

***છેલ્લે*** : આ લખાણમાં જણાવેલ પ્રયોગમાં કશું નુકસાન તો નથી જ. જરૂર છે માત્ર પ્રયોગ કરી જોવાની, ને આળસને ખંખેરવાની.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

જમીન અને મકાન ક્ષેત્રે મંદીના સમયમાં

ખૂબ જ આકર્ષક ઓફર

**આજે કરેલ રોકાણનું ૭ વર્ષમાં ડબલ કરતા પણ વધુ વળતર**

ભુજથી ખૂબ જ નજીકના વિસ્તારમાં

અને... ૨૪ કલાક ધમધમતા રસ્તા ઉપર

રેડી પઝેશનથી આપવાના છે....

**ફ્લેટ તથો બંગ્લોઝ**

તાત્કાલિક દસ્તાવેજ

| | | |
|---|---|---|
| ૧ બી.એચ.કે. ફ્લેટ (1 BHK) | ૬૪૫ ચો.ફૂટ | માત્ર રૂા. ૨૫,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |
| ૧ બી.એચ.કે. બંગ્લોઝ (1 BHK) | ૧૦૦ ચો.વાર પ્લોટ વિસ્તાર ૬૫૦ ચો.ફૂટ બાંધકામ | માત્ર રૂા. ૫૦,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |
| ૨ બી.એચ.કે. બંગ્લોઝ (2 BHK) | ૧૦૦ ચો.વાર પ્લોટ વિસ્તાર ૮૫૦ ચો.ફૂટ બાંધકામ | માત્ર રૂા. ૫૦,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |

તરતમાં પઝેશન તરતમાં દસ્તાવેજ

૭ વર્ષમાં રોકાણના ડબલ કરતા પણ વધુ વળતર સહિત

આજે જ બુક કરાવો...

સંપર્ક

**સર્વસ્વ**

રીયલ એસ્ટેટ એન્ડ મેનેજમેન્ટ

મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

## Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

## SHREE SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

*Chandresh Virendra Lodhaya*
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960

## C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad, Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
**Booking Godown :** B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
**Booking Crossing & Delivery :** 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
**Delivery Godown :** 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

## H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta, Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982



II SHRI HARI II
## SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

## JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday, Portfolio & Teletopspe for Kids Photography Still & Video Live
**જીતુભાઈ સંઘવી** ફોટોગ્રાફર
પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન, ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.





Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

## HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set


Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI
M. : 92272 11715

## SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits, Powder & All Types of Textile Thickners, Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
**Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062**
**Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in**

# NAVNEET નાં તદ્દન નવાં શ્રેષ્ઠ ૩ પ્રકાશનો

## મોહક બાળ નામાવલી





કિંમત : ₹ 80.00

બાળકનો જન્મ થતાં જ ઘરમાં સૌને બાળકનું નામ પાડવાની મીઠી મૂંઝવણ થતી હોય છે. નામ સાંભળતાં જ ગમી જાય તેવું મોહક અને નવીનતાવાળું હોવું જોઈએ, એવી બધાની અપેક્ષા હોય છે. નામ અને તેનો અર્થ સ્પષ્ટ, રુચિકર તથા શુભ ભાવોને વ્યક્ત કરનાર હોય ને આપણે પસંદ કરેલું નામ અનોખું એટલું જ ભાવસભર હોય એવી જ આપણી મૂળભૂત ઈચ્છા હોય છે.

આ સર્વનો ખ્યાલ રાખી અહીં વિવિધ નામો પ્રચુરપણે રજૂ કરવામાં આવ્યાં છે.

## શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




### હૃદય


ઈશ્વરની એક અદ્‌ભુત બક્ષિસ

કિંમત : ₹ 150.00

### તાળી–ચિકિત્સા પદ્ધતિ

(સ્વ–સંમોહન સહિત)

કિંમત : ₹ 40.00




NAVNEET®

Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address** : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**Phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd @Navneet.com • **Website :** www.navneet.com

# તંત્રીલેખ શ્રધ્ધા - અંધશ્રધ્ધાના વાતાવરણમાંથી ઉચ્ચ શિક્ષણ તરફ

• અશોક મહેતા •

ભારતની પ્રજા ગળથૂથીથી જ આસ્થાળુ છે. તે ભગવાનમાં અને સંપ્રદાયમાં માને છે, વિધિ - વિધાનોમાં માને છે. સ્વર્ગ - નર્ક, મોક્ષ વગેરેમાં અનન્ય શ્રધ્ધા ધરાવે છે. સદીઓથી આ પ્રકારની આસ્થા તેના લોહીના જીન્સમાં ઉતરી આવેલ છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ સ્વામિનારાયણ મંદિર બનાવી સહજાનંદ સ્વામી તેમજ શ્રીકૃષ્ણ પાસે મથુ ટેકવે છે.

લોહાણા સમાજના અનુયાયીઓ જલારામ બાપામાં અને શ્રીરામ સમક્ષ પોતાની અનન્ય ભક્તિ વ્યક્ત કરે છે.

પાટીદારો મા ઉમિયાને વંદન કરવા ઊંઝા સુધી જાય છે અને ઠેરઠેર મા ઉમિયાના સ્થાનકો ઊભા કરે છે.

ભાનુશાળીઓ આશાપુરા માતાને વંદન કરે છે અને ઓધવરામજીમાં પૂર્ણ શ્રધ્ધા ધરાવે છે.

જૈનો ઠેર ઠેર તીર્થંકરોના સ્થાનકો બનાવી સવાર-સાંજ તેમના દર્શને જાય છે તેમજ શત્રુંજય, પાવાપુરી, સમ્મેતશિખર વગેરે સ્થળોની જાત્રા કરી ધન્યતા અનુભવે છે.

મુસલમાનો મસ્જિદમાં સવાર-સાંજ નમાઝ પઢે છે અને મક્કા - મદીના જઈ પોતાનો અવતાર સફળ થયો છે તેવી લાગણી અનુભવે છે.

આ જ પ્રકારની લાગણી અને શ્રધ્ધા ભારત દેશના ચારે દિશાના અને ચારે ખૂણાના રાજ્યના નાગરિકો પોતાની માની લીધેલા દેવ કે ભગવાનમાં વ્યક્ત કરે છે.

ભારત દેશના નાગરિકો પરાપૂર્વથી ઈશ્વરથી ડરીને ચાલનારા અને ધર્મમાં અઢળક શ્રધ્ધા વ્યક્ત કરનારા માનવીઓ છે. અહિંસા પરમો ધર્મ, ચિંતન, મનન, અધ્યાત્મ વગેરે તેમના મુખ્ય વિષયો છે. તેઓ આલોક અને પરલોકમાં માને છે. આ સમુદાય ભક્તિ માર્ગને અનુસરનારો સમુદાય છે.

અહીં ભૂતકાળમાં આયુર્વેદાચાર્યો, ખગોળશાસ્ત્રીઓ, ગણિતજ્ઞો, વૈજ્ઞાનિકો વગેરે થઈ ગયા. પરંતુ તેઓ બધા આંગળીના વેઢે ગણાય તેવા અપવાદરૂપે હતા. બહોળો વર્ગ તો શ્રધ્ધા અને ભક્તિમાં રાચનારો વર્ગ હતો અને તેમના ગુરુજીઓ પણ આ પ્રકારની માન્યતાનો પ્રચાર-પ્રસાર થાય તેવું ઈચ્છતા હતા. તેથી બહુધા સમાજ આ માન્યતાને અનુસરનારો હતો.

અમુક અપવાદોને બાદ કરતાં એ સમયાના ગુરુજીઓની માનસિકતા જે પ્રમાણે વિકસેલ હતી તેવી જ માનસિકતા આજના મોટાભાગના સંપ્રદાયના ધર્મગુરુઓમાં પણ પ્રવર્તી રહેલ છે. તેઓની મોટાભાગની વાતો વિધિ-વિધાન, આલોક - પરલોક વગેરે પ્રકારની રહેવા પામે છે. મોટાભાગના ધર્મગુરુઓ કે જે સમસ્ત સમાજને શ્રદ્ધાના માર્ગે દોરે છે તે ધર્મગુરુઓની ખુદની માન્યતા અંધશ્રધ્ધાથી તરબતર અને પ્રવર્તમાન જમાનાથી જોજનો દૂર છે તેના કેટલાક દૃષ્ટાંતો અત્રે વર્ણવેલ છે.

શીંગણાપુર મંદિરમાં ૪૦૦ વર્ષથી મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ હતો, તે તાજેતરમાં કોર્ટના આદેશથી હટી ગયા પછી એક ધર્મગુરુજીએ જણાવેલ કે શનિ વક્રગ્રહ છે. તે ક્રૂર ગ્રહ હોવાથી મહિલાઓ જો તેની પૂજા કરે તો મહિલાઓ પર સંકટ વધી શકે છે. શનિ મંદિરમાં મહિલાઓના પ્રવેશથી રેપના બનાવો વધી જશે. શનિની વક્રદષ્ટિથી મહિલાઓ સામે ગુનાખોરીનું પ્રમાણ વધશે.

૨૦૧૩માં કેદારનાથમાં આવેલ ભયાનક પૂરમાં પાંચ હજાર લોકોના મોત થયા ત્યારે આજ ધર્મગુરુએ ટીપ્પણી આપતા જણાવેલ કે દેવભૂમિ (ઉત્તરાખંડ)માં લોકો ફક્ત હનીમુન મનાવવા, જલસા કરવા અને પિકનિક કરવા આવતા હોવાથી કેદારનાથની દુર્ઘટના સર્જાયેલ હતી. પવિત્ર તીર્થ સ્થાનોનો ફક્ત આનંદ-ઉપભોગ માટે ઉપયોગ કરવાનું આ પરિણામ છે.

અગાઉ તેઓએ સાંઈબાબા વિરોધી ટીપ્પણી કરીને જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં પડેલ દુષ્કાળનું કારણ સાંઈબાબાની પૂજા છે. તેમણે કહેલ કે સાંઈબાબા ફકીર હતા અને તેમની પૂજા કરવાથી વિપત્તિ આવે છે. દુકાળ - પૂર પ્રપાત જેવી ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડી શકે છે અને મહારાષ્ટ્રમાં સાંઈબાબાની વિશેષ પૂજા થાય છે. એટલે જ મહારાષ્ટ્રમાં દુષ્કાળ પડી રહ્યો છે.

શંકરાચાર્યજી, આશારામજી, બાબા રામદેવ, મા ઉમાદેવી — જેવા અન્ય અનેક સંપ્રદાયના ધર્મગુરુઓ કે જેઓને નિર્દોષભાવે માનનારી પ્રજા — તેમના રાહે ચાલનારી પ્રજા — તેમનામાં શ્રધ્ધા વ્યક્ત કરનારી પ્રજા — તેમનું અનુસરણ કરે છે. જેના કારણે સમાજમાં અંધશ્રધ્ધા ફેલાયેલી રહે છે.

એક અન્ય રસપ્રદ કિસ્સો અત્રે ટાંકવાની ઈચ્છા થાય છે.

૧૯૬૦ની આસપાસ જ્યારે રશિયાએ લ્યુનાને ચંદ્ર પર ઉતાર્યું ત્યારે એક જૈન સાધ્વીજીએ જણાવેલ કે આપણા શાસ્ત્રમાં લખેલ છે કે માનવ ક્યારે પણ ચંદ્ર પર પગ ના દઈ શકે. વિમાન પૃથ્વીના એક છેડાથી ઉડીને બીજે છેડે ઉતર્યું હશે એટલે લોકોને થયેલ હશે કે તે ચંદ્ર પર ઉતર્યું. પરંતુ આપણા શાસ્ત્ર પ્રમાણે આપણે ચંદ્ર પર પગ જ ના મૂકી શકીએ તેવી હકીકત તેઓએ દાવા સાથે રજૂ કરી. આજુબાજુ અન્ય અનેક સાધ્વીજી મહારાજ ઉપસ્થિત હતા કે જેઓએ આ ધર્મગુરુની વાતને સમર્થન આપ્યું... ફરી તેઓએ અને તેમના ઉપસ્થિત સમુદાયે ૨૦ વર્ષ બાદ એટલે કે ૧૯૮૦માં પણ આ જ પ્રકારનું બયાન કરેલ હતું.

આ પરિસ્થિતિમાં આપણને વિચાર થાય છે કે શ્રધ્ધા કે અંધશ્રધ્ધામાં ગળાડૂબ ભારતની પ્રજાને આ ધર્મગુરુઓ (કે જેઓ પણ આ સમાજમાંથી જ આવે છે) કઇ દિશા તરફ લઈ જાય છે! નોંધવાલાયક હકીકત એ છે કે આ પ્રજામાંથી આવેલ એક ભણેલ-ગણેલ વર્ગ કે જે આ ધર્મગુરુઓની પહોંચ બહાર નીકળી ગયેલ છે તે વર્ગ આ તમાસાને જોઈને માત્ર અને માત્ર ખિન્નતા અનુભવી રહેલ છે. તેની સામે ઢાલ બનીને ઊભું રહે તે હદે હજુ આ વર્ગ પહોંચી શકેલ નથી.

ધર્મ સંપ્રદાયની શ્રધ્ધા - અંધશ્રધ્ધાના ભેળસેળવાળા વાતાવરણમાં આપણે ગ્રેજ્યુએટ કે ડબલ ગ્રેજ્યુએટ થયેલ યુવાનોને પણ નિહાળીએ છીએ કે જેઓ આ ધર્મગુરુઓને શ્રધ્ધાપૂર્વક નમે છે. તેમણે ઉચ્ચારેલ બોલને અફળ માની લે છે, લગ્નના મુહૂર્તો જોવડાવે છે, જ્યોતિષીમાં માને છે, કોઈ અડચણ આવી પડે તો પોતે માની લીધેલા ગુરુને ધ્યાનમાં બેસાડી તેની પાસેથી પ્રશ્નોના નિરાકરણ માંગે છે, નવો વ્યવસાય શરૂ કરવાનો હોય તો ગુરુએ જ્યોતિષ જોઈ, શોધી આપેલ નામથી વ્યવસાય શરૂ કરે છે. કોઈ અમુક આઈટમમાં પોતાની એક્ષ્પર્ટાઇઝ હોવા છતાં ગુરુ મના કરે તો તે લાઈનના વ્યવસાયમાં આગળ ઝંપલાવતા નથી. આ વર્ગ ભણેલગણેલ હોવા છતાં તેઓ પણ હજુ અંધશ્રધ્ધાના વાતાવરણમાંથી વૈચારીક રીતે બહાર આવી શકેલ નથી. પ્રશ્ન એ થાય છે કે આ દેશની પ્રજામાં અંધશ્રધ્ધા કેટલી હદે ઘર કરી ગઈ છે!

એક તરફ માનવી ચંદ્ર પર ઉતરીને સંશોધન કરે છે, અવકાશમાં જઈને મંગળના ગ્રહનો અભ્યાસ કરે છે, બ્લેક હૉલ વિષે જાણકારી મેળવવા પોતાની જાતને ઉજાગર કરે છે, સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા શહેરની ભાગોળે જમીનની અંદર કોલાઈડલની રચના કરી ગોટ પાર્ટીકલની શોધ કરે છે, અવકાશ વિજ્ઞાનને વિકસાવવા વધુને વધુ પ્રયાસ કરે છે, અણુ - પરમાણુ વિજ્ઞાનને વિકસાવવા નિરંતર સંશોધન કરે છે, મોબાઈલ એપ્લીકેશન દ્વારા એક નાના સાધનને મુઠ્ઠીમાં રાખી પોતાના અવાજને દુનિયના કોઈ પણ છેડે પહોંચાડી શકે છે, નિત નવી દવાઓ શોધી અસાધ્ય રોગોના ઈલાજનું સંશોધન કરે છે, ખેતીમાં ક્રાંતિ આવી શકે તેવા ઈલાજો અજમાવે છે, દુનિયાનું અસ્તિત્વ જાણવા મથામણ કરતો રહે છે ત્યારે અન્ય તરફ આપણી મોટાભાગની પ્રજા ધર્મગુરુઓમાં અંધશ્રધ્ધા વ્યક્ત કરી સ્વર્ગ-નર્ક, આલોક-પરલોક જેવી થીયરીમાં રાચી રહેલ છે.

એકલદોક્કલ અહિંસક વ્યક્તિના વ્યક્તિત્વને બાદ કરતાં સારોયે સમાજ જ્યારે અહિંસક વાતાવરણની વચ્ચે ઉછરે છે ત્યારે તે નૂર વગરનો બની જાય છે અને નૂર વગરનો સમાજ ક્યારેય પણ ક્રાંતિ લાવી શકતો નથી. સદીઓ સુધી

તેનામાં ક્રાંતિ પેદા થઈ શકતી જ નથી.

★ હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારું, એ હૃદયથી માંગીએ.

★ મંગલ મંદિર ખોલો, દયામય મંગલ મંદિર ખોલો

★ પ્રભુ તારું ગીત મારે ગાવું છે

જેમના માનસમાં ઉપરોક્ત આરાધનાવાળા ગીત ઘર કરી ગયેલ છે એ સમાજ શૂરવીર ક્યારે બની શકે? એને શૂરવીરતાના પાઠ કોણ ભણાવે? એ પોતાના ઘરની, ગામની કે દેશની રક્ષા કરે તેવું બળ તેનામાં ક્યાંથી આવે? તેને ક્રાંતિના વિચારો કઈ રીતે આવી શકે? નવા નવા સંશોધનો કરવા પ્રત્યે તેની અભિલાષા કઈ રીતે વ્યક્ત થઈ શકે? તેના મનમાં અહિંસા અને યાચના સિવાયના વિચારો જ કઈ રીતે ઉત્પન્ન થઈ શકે?

આ બધાનો ઈલાજ દરેકની બુદ્ધિશક્તિ જાગૃત કરવાનો છે. એ ત્યારે જ જાગૃત થઈ શકે કે જ્યારે તેના દિમાગને નીત નવા કોયડા મળતા રહે કે જે માત્ર વધુને વધુ અભ્યાસ દ્વારા જ હાંસલ થઈ શકે. તેના માનસપટલ સમક્ષ વિશાળ દુનિયાના કોયડાઓ મૂકી દેવા જોઈએ કે જેના સંશોધનમાં તે રત થઈ જાય. અને તે માત્ર વધુ ને વધુ અભ્યાસના પથ પર જવાથી જ શક્ય બની શકે.

દરેક સામાજિક સંસ્થાઓની ફરજ બની રહે છે કે તે પોતાના સમાજ - પરિવારના બાળક માટે વિશાળ અભ્યાસ તરફના રસ્તાઓ ખુલ્લા મૂકી દે કે જેથી તેનો બાળક અંધશ્રધ્ધાના વાતાવરણમાંથી બહાર આવી આ વિશાળ દુનિયાના નિરીક્ષણમાં તો લાગી જાય પરંતુ સાથે સાથે પોતાની નીત નવી શોધખોળથી આ દુનિયામાં અસ્તિત્વ પામવાનો શ્રેય આ દુનિયા સમક્ષ મૂકી જાય.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે પણ શિક્ષણના ધ્યેયને મુખ્ય ધ્યેય સમજી આગળની પોતાની કાર્યવાહી એ દિશા તરફ વધારવી જોઈએ. ઉચ્ચ અભ્યાસ માટેની શૈક્ષણિક લોન તેમાંનું એક પગલું કહી શકાય.

- **અંત વાણી :**

આજે અનેક દેશોમાં એ માન્યતામાં વધારો થતો રહે છે કે આ દુનિયામાં ભગવાન જેવું કંઈ છે જ નહીં! જે છે તે બધી કુદરતી પ્રક્રિયા જ છે અને આપણે તેનું વૈજ્ઞાનિક રીતે સંશોધન કરવું જોઈએ.

એક અન્ય હકીકત પણ ઉપસી આવેલ છે કે જે દેશોમાં ઉપરોક્ત માન્યતા પ્રસરતી જાય છે એ દેશોની પ્રજા વધુ નૈતિક બની શકેલ છે.

- **અળવીતરું :**

સુનીતા વિલિયમ્સે અવકાશમાં જઇ આવ્યા પછી કથન કરેલ છે કે મને અવકાશમાં કોઈ પણ સ્થળે સ્વર્ગ દેખાયેલ નથી!

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

***માણસ કેવી કિંમતી વસ્તુઓ વાપરે છે એના ઉપરથી એની કિંમત અંકાતી નથી પણ તે પોતાના સમયની અને બીજાના સમયની કેવી કિંમત કરે છે એના ઉપરથી એની કિંમત થઈ શકે છે.***

મહાગુજરાત

### પહેલી મે ગુજરાત સ્થાપના દિને

# ગૂર્જર ધરા... ગૂર્જર અમી... જોવી તી કંદરા ને જોવાતાં કોતરો...

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

ગૂર્જર ધરા... ગૂર્જર અમીની વાત કરવાની છે. ગૂર્જરથી ગુજરાત સુધીની લાંબી સફર છે. પહેલી મે – ગુજરાતનો સ્થાપના દિન. પહેલી મે, ૨૦૧૬ના રોજ આપણા ગરવા ગુજરાતે મુંબઈ રાજ્યમાંથી અલગ થયાનાં ૫૬ વર્ષ પૂરા કર્યા. જો કે મહાગુજરાતના પ્રણેતા ઈન્દુચાચા અને ગુજરાતના સ્થાપના દિને પ્રજાજોગ સંદેશો આપનાર મૂકસેવક રવિશંકર મહારાજ આજે તો લોક માનસમાંથી વિસરાતા જાય છે...!

એક તરફ ૧૬૦૦ કિ.મી.નો ઘૂઘવતો દરિયાકિનારો તો પૂર્વમાં અરવલ્લી, વિંધ્યાચળ અને સહ્યાદ્રિ - સાપુતારાની પર્વતમાળા અને ત્રીજી તરફ કચ્છના વિશાળ રણપ્રદેશથી ગૂર્જર ધરા ઘેરાયેલ છે. પર્વતમાળામાંથી નીકળતી નદીઓ ગુજરાતની ધરાને પલ્લવિત પોષિત કરતી કરતી અરબ સાગરમાં સમાઈ જાય છે! બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, ઢાઢર, નર્મદા, તાપી, અંબિકા રાજ્યની મુખ્ય નદીઓ છે. સરસ્વતી, બનાસ અને સાબરમતી નદીઓમાં હવે તો માત્ર ચોમાસામાં જ પાણી વહેતાં જોવા મળે છે! જ્યારે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા મૈયાની તો અનોખી રીતે પરિક્રમા કરીને લાખો લોકો પ્રકૃતિના ખોળે આરાધના કરતા રહે છે. ગુજરાત ભૌગોલિક વૈવિધ્યતાથી સભર પ્રદેશ છે. તેવી જ રીતે સમાજજીવન અને પ્રજા જીવનમાં પણ વિવિધતા જોવા મળે છે. અહીં બાર ગાઉએ બોલી બદલાય છે... રંગબેરંગી ભાતીગળ પોષાકથી શોભતા ગૂર્જરજનો જોવા મળે...

ગૂર્જર ધરાએ વંદનીય વિશ્વવિભૂતિઓની ભેટ આપી છે. ભારત વર્ષને અહિંસાના માર્ગે આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીજી પોરબંદરની ધરાએ આપ્યા. ગાંધીજીના ધાર્મિક - આધ્યાત્મિક ગુરુ અને સતાવધાની સંસારી છતાં સંન્યાસી સંત સમા વવાણિયાના શ્રીમદ્ રાજચંદ્રજી, વવાણિયાની પડોશના જ ગામ ટંકારાએ હિંદુ ધર્મને ચેતનવંતો કરનાર 'સત્યાર્થ પ્રકાશ' જેવો ગ્રંથ આપનાર દયાનંદ સરસ્વતી આપ્યા. વડોદરા સયાજીરાવ ગાયકવાડના રાજ્યમાં મહર્ષિ અરવિંદની કર્મભૂમિ બની અને અહીં જ આધ્યાત્મિક સાધનાનાં બીજ રોપાયાં. તો ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ઉછેર પણ ગાયકવાડ રાજ્યમાં જ થયો. અવકાશ સંશોધન ક્ષેત્રના વૈજ્ઞાનિક અને અમદાવાદમાં ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન - ઈસરોના સ્થાપક ડૉ. વિક્રમ સારાભાઈ ગૂર્જર ધરાની દેન છે.

ગાંધીજીનો પડ્યો બોલ ઝીલનાર અને ભારતવર્ષનાં રજવાડાંઓનું એકીકરણ કરનાર અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને કેમ વિસરાય! બારડોલી સત્યાગ્રહ અને નાગપુર ઝંડા સત્યાગ્રહનું સરદારે સફળ નેતૃત્વ કર્યું. વિદેશમાં રહી ભારતવર્ષની આઝાદી માટે ચળવળ ચલાવનાર શ્યામજી કૃષ્ણવર્મા કચ્છભૂમિમાંથી સાંપડ્યા. ગુજરાતમાં સાકરની જેમ દૂધમાં સમરસ થઈ જનાર પારસીમાંથી 'હિંદના દાદા' દાદાભાઈ નવરોજી મળ્યા.

વ્યાકરણ વિષયક 'સિધ્ધહેમ' અને અન્ય અમૂલ્ય ગ્રંથના રચયિતા જૈનાચાર્ય કલીકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ભાલ પંથકના ધંધુકાની ધરાએ આપ્યા. ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, ભજનો અને મીરાંનાં પદો આજે પણ ગુંજતા રહ્યા છે. 'દાંડિયા' દ્વારા સામાજિક ક્રાંતિની જયોત પ્રગટાવનાર કવિ નર્મદ, સમાજ જીવનના તાણાવાણાને આલેખતી ૨૦૦૦ પાનાની બૃહદ્ નવલકથા 'સરસ્વતી ચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ દયારામની ગરબી, અખાના છપ્પા, ભોજા ભગતના ચાબખા, કવિ પ્રેમાનંદના આખ્યાનો... વગેરેએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ કર્યું છે.

કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ જય સોમનાથ, ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા... જેવી ઐતિહાસિક નવલકથાઓ સર્જી. અરવલ્લી ગિરિમાળાનાં બામણા ગામે 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા... જોવીતી કંદરા ને જોવાતાં કોતરો... જંગલની કુંજ કુંજ જોવી હતી...'ના સર્જક ઉમાશંકર જોશી, આ જ વિસ્તારના પડોશમાંથી 'માનવીની ભવાઈ'ના સર્જક જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત પન્નાલાલ પટેલ સાંપડ્યા. રમણલાલ વસંતલાલ દેસાઈએ ભારત દેશની આઝાદીના સંગ્રામને આલેખતી નવલકથા 'ભારેલો અગ્નિ' અને 'ગ્રામલક્ષ્મી' જેવી નવલકથા આપી. ગુજરાતના ખૂણે ખૂણે અને ગોંદરે ભમીને પાળિયાની વાતો, લોકસાહિત્યનું સંપાદન કરી ભેટ આપનાર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને સલામ!

ગુજરાતની ધરાએ સંતો, સતીઓ આપ્યા. જ્યાં 'રોટલાનો ટુકડો ત્યાં હરિ ઢુકડો'ની વાત દ્વારા ભૂખ્યાના જઠરાગ્નિને તૃપ્ત કરનાર સંત ભોજલરામના શિષ્ય જલારામે વીરપુરને કર્મભૂમિ બનાવી. કચ્છના રણ વિસ્તારમાં દાદા મેકરણે લાલિયા - ટીલિયા (ગધેડા - કૂતરાની જોડી) દ્વારા વટેમાર્ગુઓની તરસ છીપાવી અદ્‌ભુત સમાજસેવા કરી. બગદાણાના બજરંગદાસ બાવલિયાની સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિ, ધ્રાંગધ્રાના કૃષ્ણભક્ત દેશળ પગી - ભક્તની રક્ષા ચોકીદારના વેશે કૃષ્ણએ હાજર રહીને કરેલી! ગંગાસતીએ પુત્રવધૂ પાનબાઈને આપેલ આધ્યાત્મિક ભજનવાણીનો વારસો, સતી તોરલે પતિ છાસટિયો, જેસલ ચોરટો અને અધીર વાણિયાને તાર્યા - જીવન પરિવર્તન કર્યા. સતી અમરબાઈની રક્તપીત્તિયાની સેવાને ધન્યવાદ... આમ, સંત અને સતીઓનો અમર વારસો ગૂર્જર ધરાએ આપ્યો છે.

ભારતવર્ષના આધ્યાત્મિક અને ધાર્મિક સંસ્કાર વારસાને પામવા, આત્મસાતાર્થે ઘણા વિદેશીઓ આવતા રહે છે અને જીવ અને શિવની આરાધનામાં મગ્ન બની આજીવન ધૂણી ધખાવીને આ ધરા પર બેસી જાય છે! સૌરાષ્ટ્રમાં માધવપુરથી પોરબંદરના કોસ્ટલ હાઈવે પર મોચા ગામે છેલ્લાં ચાલીસેક વર્ષોથી ફ્રાંસથી આવેલ સન્નારી હનુમાનજીની સેવાપૂજા આરાધના - સાધના સાથોસાથ સમાજસેવા અને ગ્રામોત્થાનના કાર્યમાં પરોવાયેલા માતાજી ઉર્ફે સંતોષગીરી રાજગીરીને શિશ નમી જાય! તો નર્મદા કિનારે નિકોરા ગામે ફ્રાંસના ભુરિયા મહારાજ ઉર્ફે જયરામદાસજી અનેરી શ્રીયંત્રની સાધના - આરાધનામાં લીન જોવા મળે!

ગરવા ગિરનાર પર મા અંબાજી અને ગુરુ દત્તાત્રેય, ચોટીલાના ડુંગરે ચામુંડા મા, ગબ્બરની ગોખે અંબિકા, પાવાગઢની ટોચે મહાકાળીનાં બેસણા છે. તો શેત્રુંજય પર દાદા આદિનાથ બિરાજમાન છે અને તેના દર્શન - જાત્રા કરી ગૂર્જરો ધન્યતા અનુભવે છે. ભારતવર્ષનાં બાર જ્યોતિર્લિંગમાના બે જ્યોતિર્લિંગ સૌરાષ્ટ્રના દરિયાકિનારે છે. સોમનાથ મહાદેવનો અભિષેક અરબી સાગર કરતો રહે છે. તો દેવભૂમિ દ્વારકાના સામિપ્યમાં જ નાગેશ્વર જ્યોતિર્લિંગ બિરાજમાન છે... નર્મદા મૈયાના કિનારે કંકર એટલા શંકર! શિવાલયો, મંદિરો અને આધ્યાત્મિક સાધના કેન્દ્રોથી નર્મદા મૈયાના બંને કિનારા શોભી રહ્યા છે. નદીઓમાં માત્ર નર્મદા મૈયાની જ પરિક્રમા કરવામાં આવે છે. રેવાનાં દર્શનાર્થીઓ અને પરિક્રમાવાસીઓ માટે ઠેર ઠેર અન્નક્ષેત્રો આવેલ છે. આવું જ સૌરાષ્ટ્રની ભૂમિમાં વીરપુર જલારામ બાપા, સત્તાધારમાં આપાગીગા, બગદાણામાં બજરંગદાસ બાપુ, તુલસીશ્યામ અને અનેક જગ્યાઓમાં અનોખી આધ્યાત્મિક સાધના સાથે ભક્તજનો અન્નક્ષેત્રોમાંથી પ્રસાદી લઇ તૃપ્ત બને છે.

સહકારી ક્ષેત્રે જોઈએ તો ભારતમાં ખેડૂતોની સ્થિતિ સુધારવા અને શાહુકારોના શોષણમાંથી ખેડૂતોને ઉગારવા ૧૯૦૪માં સહકારી પ્રવૃત્તિ અસ્તિત્વમાં આવેલ. સને ૧૯૨૯માં દેશની સહકારી પ્રવૃત્તિનું પ્રતિનિધિત્વ કરતી ટોચની સહકારી સંસ્થા ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘની સ્થાપના સહકારી નેતા લાલુભાઈ શામળદાસ મહેતાના પ્રમુખસ્થાને થયેલ. આ ટોચની એન.સી.યુ.આઈ. સંસ્થાનું પ્રમુખપદ પોરબંદરના રાજવી પરિવારના પદ્મશ્રી યુવરાજ ઉદયભાણસિંહજી અને અસલાલીના ઘનશ્યામભાઈ અમીને શોભાવેલ. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનું વિચારબીજ ખેડૂતપુત્ર સરદાર વલ્લભભાઈ પટેલે રોપ્યું. અને ત્રિભોવનદાસ કિશીભાઈ પટેલે એ વિચારબીજને પોષ્યું. અને ડૉ. કુરિયનના સહયોગથી દેશભરમાં શ્વેત ક્રાંતિ અને હરિયાળી ક્રાંતિ સર્જી. આજે તો આણંદ - અમૂલ પેટર્ન આધારિત આખા દેશમાં દૂધ સહકારી પ્રવૃત્તિ વિકસી છે. દેશની સહકારી પ્રવૃત્તિને સત્ત્વશીલ અને ગતિશીલ બનાવવામાં વૈકુંઠભાઈ લાભુભાઈ મહેતાના અથાગ પ્રયાસો રહ્યાં. કપાસ પકવતા ખેડૂતો માટે ગુજરાત જ નહીં સમગ્ર દેશના ખેડૂતો દયાળજીભાઈ ગોવિંદજીભાઈ પટેલના ઋણી છે. ગોપાળદાસ પટેલ, કલ્યાણજી મહેતા વગેરેએ શેરડી પકવતા ખેડૂતો માટે જહેમત ઉઠાવી. ઈન્દુભાઈ ચતુરભાઈ પટેલ, વલ્લભભાઈ પોપટભાઈ પટેલ, જયરામભાઈ પટેલ... અનેક સહકારી આગેવાનો... અસંગઠિત શ્રમજીવી મહિલાઓને સંગઠિત કરી રોજીરોટી અપાવનાર 'સેવા' સંસ્થા અને મહિલા સેવા કો-ઓપરેટીવ બેંકના સ્થાપક ઈલાબેન ભટ્ટનું તથા રેણુકાબેન પટેલ, લીલાબેન દ્વારકાદાસ પટેલ, લીલાબેન ચાંદોરકર... વગેરે મહિલા સહકારી આગેવાનોએ સમર્પણભાવે સહકારની સેવા કરી છે.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

***આપણું જીવન વડના ઝાડ જેવું વિશાળ હોવું જોઈએ કે જેની છાયા નીચે બાળકો ખેલીકૂદી શકે અને વૃદ્ધો દિવસના તાપમાં આશરો લઈ શકે.***

વિશેષ

# ગાંધી - હત્યા : ઇચ્છનારાઓ, કરાવનારાઓ, કરનારાઓ

(લેખાંક - ૪)

• પ્રવીણચંદ્ર શાહ •

દિલ્હીના ગાંધી નિવાસવાળા બિરલા ભવનમાં ગાંધી પ્રાર્થના સમયે, જાન્યુઆરી ૨૦ની સાંજે બોંબ ફોડનાર ટોળીમાંનો મુખ્ય કૃતક મદનલાલ પાહવાની પોર્ટુગીઝ મસાજ દિલ્હી પોલીસે કરવી પડી, ત્યારે આખરે મદનલાલને પોતાનું મોં ખોલવું જ પડ્યું. તેના બીજા સાથી કાવતરાખોરો જે હોટેલમાં છૂપાઈ રહેલા, તેમને હાથ કરવા દિલ્હી પોલીસને મદનલાલ વૈભવી મરીના હોટેલ દોરી તો ગયો, પણ ત્યાંથી તેના સહ કાવતરાખોરો છૂ થઈ ગયેલા. કાંઈ જ બીજું તો હાથ ન આવ્યું. માત્ર ઑલ ઈન્ડિયા હિંદુ મહાસભા પાર્ટીના જનરલ સેક્રેટરી આસુતોષ લાહિરીની સહીવાળું, લાંબું, વિગતવાર નિવેદન જ માત્ર હાથ આવ્યું. આ છાપેલું લખાણ ગાંધીજી વિરુધ્ધ, કોંગ્રેસ વિરુધ્ધ, મુસલમાનો અને મહમ્મદઅલી જિન્હા વિરુધ્ધ ધિક્કારથી લથબથ ભભૂકતી ચિતાના અંગારા જેવા શબ્દો, વિચારો અને ભવિષ્યમાં હાથ ધરાનારા કાર્યક્રમોની વિગતોથી ઠસોઠસ હતું.

મહાત્માજીની હત્યાને કારણે ન માત્ર ભારતમાં જ પણ આખી દુનિયાને મહા ધરતીકંપ જેવો આંચકો લાગેલો.

ભારત સરકારે તેના ગૃહમંત્રી વલ્લભભાઈ પટેલના ગૃહખાતા દ્વારા આ હત્યા કરાવવાના મુખ્ય શકમંદ આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) સંસ્થા પર તુરત જ પ્રતિબંધ લાદી દીધેલા. બીજી કોમવાદી સંસ્થાઓ પર, વ્યક્તિઓ પર જાસુસી જાપ્તા બેસાડી દીધેલા. દિલ્હીની પોલીસ, મુંબઈની પોલીસ અને આખા દેશના પોલીસતંત્રો, જાસુસી ખાતાઓ ચોવીસે ચોવીસ કલાક આ હત્યા કાવતરાને ઇચ્છનારાઓ, સક્રિય ભાગ લેનારાઓ અને અમલ કરનારાઓને સુંઘી સુંઘીને, ચોક્સાઈ કરી કરીને, પુરાવાઓ મેળવી મેળવીને આખરે ગાંધી હત્યાના કાવતરાંખોરોને દેશના જુદા જુદા, જાહેર કે ગુપ્ત સ્થળો પરથી ઝડપી શકેલી. આ કાવતરાખોરોમાં મુખ્ય જે ૯ (નવ) કાવતરાખોરો આખરે દિલ્હી / મુંબઈની પોલીસ ઝડપી લઈ શકેલી તે માનવો આ હતા :

- **કાવતરાખોરો :**

૧. નાથુરામ વિનાયક ગોડસે, પુના. મહારાષ્ટ્રીયન હિંદુ બ્રાહ્મણ. ઉંમર ૩૭, 'હિંદુ રાષ્ટ્ર' નામના દૈનિક ફરફરીયાના તંત્રી. કેટલાક વધુ નજીકના પરિચયવાળાઓ એમને પંડિત નથુરામજી નામથી પણ બોલાવતા. સરનામું : શનિવાર પેઠ, પુના.

૨. નારાયણ ડી. આપ્ટે, હિંદુ બ્રાહ્મણ. ઉંમર ૩૪. 'હિંદુ રાષ્ટ્ર પ્રકાશન લિમિટેડ' પ્રકાશન કંપનીના ડાયરેક્ટર. સરનામું : બુધવાર પેઠ, પુના.

૩. વિષ્ણુ આર. કરકરે, મરાઠા હિંદુ બ્રાહ્મણ, ઉંમર ૩૭. એલ. એન્ડ બી હાઉસનો પ્રોપરાઈટર. સામાજિક કાર્યકર્તા. રહેવાસી : અહમદનગર.

૪. મદનલાલ જે. પાહવા, પંજાબી હિંદુ. ઉંમર ૨૦ વર્ષ. હિજરતી. રહેવાસી : વાસાપુર રેફયુજી કેમ્પ, અહમદનગર.

૫. શંકર કિસ્તૈયા. હિંદુ, સાઉથ ઈન્ડિયન. ઉંમર ૨૦ વર્ષ. વ્યવસાય : ઘરકામ (યેલ્લામા પેઠ, સોલાપુર). રહેવાસી : ૩૦૦ નારાયણ પેઠ, પુના.

૬. ગોપાલ વિષ્ણુ ગોડસે, મરાઠા હિંદુ, બ્રાહ્મણ. ઉંમર : ૨૭ વર્ષ. મોટર ટ્રાન્સપોર્ટ સ્પેર્સ સબ ડિપો, કીરકી, રહેવાસી : શીરડી, પુના.

૭. વિનાયક ડી. સાવરકર, મરાઠા હિંદુ બ્રાહ્મણ. ઉંમર ૬૩ વર્ષ. લેખક, રાજકીય આગેવાન. હિંદુ મહાસભા સંસ્થાના એ વખતના પ્રમુખ. મકાન માલીક. રહેવાસી : સાવરકર સદન, શિવાજી પાર્ક રોડ, દાદર, મુંબઈ.

૮. ડૉ. દત્તરાય એસ. પરચુરે. મરાઠા હિંદુ બ્રાહ્મણ. ઉંમર : ૪૯ વર્ષ. મેડિકલ પ્રેક્ટીશનર. રહેવાસી : સ્ટેશન રોડ, ગ્વાલિયર.

૯. દિગંબર આર. બડગે. મરાઠા ગોંધાલીન હિંદુ, ઉંમર : ૩૯ વર્ષ. પ્રોપરાઈટર 'શસ્ત્રભંડાર.' રહેવાસી : ૩૦૦ નારાયણ પેઠ, પુના. (આ દિગંબર બડગેએ તેના પર જો ફરિયાદ પક્ષની રહેમ કરવામાં આવે તો આરોપીને બદલે

સરકાર પક્ષના સાક્ષી બની રહેવાનું સ્વીકાર્યું હતું, જેને કારણે તેને આરોપી તરીકે નહીં પણ ફરિયાદ પક્ષના સાક્ષી તરીકે તેના પર રહેમ કરાઈ હતી અને કાવતરાની પૂરેપૂરી વિગતો તેણે કેસ ચાલવા દરમ્યાન આપી હતી.)


પોલીસ તપાસ અત્યંત કડકપણે ચાલતી હતી અને ઉપર નોંધ્યા છે તે શકદારો – જે એમની સામેના સોલીડ પુરાવાઓને આધારે - પોલીસે જેમને ગુનો આચરનાર આરોપીઓની કેટેગરીમાં મૂક્યા હતા, તે દરમ્યાનમાં દેશભરની આમજનતામાં હત્યા કરનારાઓ સામે પ્રચંડ રોષ ભભૂકી ઉઠ્યો હતો. આને કારણે વાતાવરણ અત્યંત સ્ફોટક બની ચૂક્યું હતું. આ ભારે રોષમાં વેર અને હિંસક બદલા લેવાના ખુન્નસ પણ હતા. આવા ખુન્નસને કારણે વી.ડી. સાવરકરના શિવાજી પાર્ક - દાદર ખાતેના બંગલાને બોંબથી ઉડાવી દેવાની પૂર્ણ ગુપ્ત તૈયારી થઈ ચૂકી હતી પણ મુંબઈ અને દિલ્હી પોલીસને ખાનગી માહિતી મળી જતાં સાવરકરનો બંગલો ભસ્મીભૂત થતાં બચી ગયો હતો. આ માટે પોલીસે લશ્કર - મિલિટરીની મદદ પણ લેવી પડી હતી. કેટલાક બીજા સ્થળોએ આર.એસ.એસ.ના સ્વયંસેવકો પર પણ હુમલાઓ થયા હતા, પણ પોલીસની કાળજીને કારણે વધુ ગંભીર ગુનામાં ફેરવાયા નહોતા.



*દેશના ભાગલાને કારણે સ્થળાંતર કરનારા લાખ્ખો લોકોને આવી બુરી હાલત ભોગવવી પડી હતી.*

- **પોલીસ તપાસ :**

પોલીસ તપાસ તો લગભગ સંપૂર્ણ થવા આવી હતી. મુંબઈના પોલીસ કમિશ્નર જીમ્મી નગરવાલાને અને તેમનાં મુંબઈ ખાતેના ડિપાર્ટમેન્ટને અને દિલ્હીની પોલીસને લગભગ સંતોષ હતો કે મુખ્ય કાવતરાખોરો ઝડપાઈ ચૂક્યા છે. પણ મુંબઈ પોલીસ કમિશ્નર નગરવાલાને થોડો અજંપો રહ્યા કરતો હતો કે હજુય ત્રણ શકદારો ઝડપવાના બાકી રહી ગયા છે : (૧) ગંગાધર એસ. દંડવતે, (૨) ગંગાધર જાદવ અને (૩) સૂર્યદેવ શર્મા. આ ત્રિપુટી ગ્વાલિયરની હતી. ગ્વાલિયર, મુંબઈ, પુના, અહમદનગર, કાનપુર, ન્યુ દિલ્હી – કોઈ કરતાં કોઈ શહેર કે ગામ પોલીસે છોડ્યા નહોતા પણ આ શકદારો હાથ ન લાગ્યા તેની અધૂરપ નગરવાલાને સાલતી રહી હતી.



*ગાંધી હત્યામાં સંડોવાયેલી સંસ્થા તરીકે જેના વિવિધ પુરાવાઓ હત્યા કેસ દરમિયાન નીકળ્યા હતા તે હિંદુ મહાસભાના આગેવાનો : (ડાબેથી પહેલા) શ્યામાપ્રસાદ મુખર્જી અને (ડાબેથી ત્રીજા) વિનાયક દામોદર સાવરકર.*

હકીકતમાં ગાંધી હત્યા કાવતરામાં સંકળાયેલા મુખ્ય બધાય આરોપીઓ પોલીસને હાથ આવી ચૂક્યા હતા. અનેકાનેક ઓળખ પરેડોમાં ખાતરી અને ફેર ખાતરીઓ કરાઈ ચૂકી હતી અને પુરાવાના દસ્તાવેજોના ઢગલા પોલીસ કબજામાં આવી ચૂક્યા હતા.

ગાંધી હત્યાનો આ ગંભીર કેસ દિલ્હી ખાતે ચલાવવાનો સરકારી નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. તેમ કરવા માટે બોમ્બે પબ્લિક સીક્યોરીટી મેઝર્સ એક્ટ દિલ્હીને પણ લાગુ પડાઈ ચૂક્યો હતો. ખાસ કાયદાને આધારે દિલ્હી ખાતે સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરાઈ ચૂકી હતી. કોર્ટ દિલ્હીના લાલ કિલ્લાના એક સારા અનુકૂળ ભાગમાં બેસવાની ગોઠવણો થઈ ચૂકી હતી.

મે ૨૭, ૧૯૪૮ના દિવસે દિલ્હીની સ્પેશિયલ કોર્ટ સમક્ષ ગાંધી હત્યા કેસના ચાર્જશીટ મુંબઈ પોલીસ કમિશનર નગરવાલાએ પેશ કરી દીધા હતા. કેસની વિધિસરની સુનાવણી બરાબર સવારે ૧૦ વાગે આરંભાઈ હતી. આ કેસ માટેના

ખાસ ન્યાયમૂર્તિ તરીકે, ઈન્ડિયન સિવિલ સર્વિસના પ્રામાણિક, સત્યનિષ્ઠ અને કાયદાસિધ્ધ અધિકારીશ્રી આત્મ ચરણની નિમણુંક થઈ હતી.

● **ધારાશાસ્ત્રીઓ :**

શકદાર આરોપીઓને એમના કાયદેસરના બચાવ માટે એમની પસંદગીના કાયદાશાસ્ત્રીઓ નીમવાના હક્કના અમલ કરવાની પૂરતી છૂટ અપાઈ હતી. શકદારોએ પોતાના બચાવ માટે જે ધારાશાસ્ત્રીઓ નિમેલા, તે આ પ્રમાણે હતા : (૧) પી. આર. દાસ, (૨) એલ.પી. ભોપટકર, (૩) કે. એચ. મેંગલે, (૪) ગણપત રાય, (૫) એન.ડી. ડાંગે, (૬) હંસરાજ મહેતા, (૭) બી. બેનરજી, (૮) વી. વી. ઑડ, (૯) કે. એલ. ભોપટકર, (૧૦) પી.એલ. ઇનામદાર.

સરકાર વતીથી પ્રોસીક્યુશન માટેના જે ધારાશાસ્ત્રીઓ નિયુક્ત કરાયેલા તેમાં (૧) જ્વાલા પ્રસાદ, (૨) સી.કે. દફતરી, (૩) જે.સી. શાહ અને (૪) જી. વ્યહવારકરનો સમાવેશ હતો.

આરોપીઓના કે પ્રોસીક્યુશન પક્ષ (ફરિયાદ પક્ષ) બંને તરફના વકીલો અનુભવસિધ્ધ અને કાયદાના ખાં વકીલો હતા. પણ સરકારી - ફરિયાદ પક્ષે નિયુક્ત કરાયેલાઓમાંના એક શ્રી સી.કે. દફતરી તો કાયદાના જંગલના શિરમોર સિંહ જેવા તે સમયે ગણાતા હતા. આ કેસ ચાલી રહ્યા બાદ અને ચુકાદા આવી ગયા પછીના વર્ષોમાં તો શ્રી સી.કે. દફતરીની બુધ્ધિ શક્તિને ધ્યાનમાં લઈને ભારત સરકારે એમને ભારત સરકારના સોલીસીટર જનરલ તરીકેના સરકારી કાયદાખાતાનાં સર્વોચ્ચ અધિકારી તરીકે નીમ્યા હતા.

ઉપર નોંધાઈ ચૂક્યું છે તેમ, ૨૭ મે, ૧૯૪૮ના આ કેસ માટેની જ દિલ્હી ખાતેની સ્પેશિયલ અદાલતમાં નગરવાલાએ ચાર્જશીટ સહિતના જરૂરી દસ્તાવેજો સુપરત કરી દીધેલા હતા. સમગ્ર આઝાદ ભારતનો આ સૌથી પહેલો રાજકીય હત્યાનો કેસ હતો અને તે પણ સમગ્ર ભારતના પિતા સમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની હત્યાનો કેસ હતો. આ કેસ જેટલું અત્યંત મહત્ત્વ ધરાવતો કોઈ બીજો કેસ આ પહેલા બન્યો નહોતો અને ભવિષ્યમાં બની શકવાના કોઇ એંધાણ નહોતા. આખાય દેશના કોરોડ ભારતીયો એ ઘડીની આતુરતાથી રાહ જોતા હતા કે ક્યારે આ કેસ શરૂ થાય, ક્યારે જલ્દી તેની સુનાવણી પૂરી થાય અને ક્યારે કાવતરાખોર ગુનેગારોને એમના ગુના યોગ્ય કડકમાં કડક સજા થાય!

દિલ્હીના લાલ કિલ્લાના ઉપરના પહેલે માળે હજુ ૨ વર્ષ પહેલાં જ જરૂરી ફેરફારો, વધારા અને ઘટાડા કરાઈને ૧૦૦ ફૂટ x ૩૩ ફૂટનો હોલ તૈયાર કરાયેલો. જ્યાં મહાન દેશભક્ત સુભાષચંદ્ર બોઝે ખડી કરેલી 'આઝાદ હિંદ ફોજ' (ઇન્ડિયન નેશનલ આર્મી) સામે તે વખતની બ્રિટીશ સરકારે કેસ ચલાવેલો, જે દેશની આઝાદીના ઇતિહાસમાં અમર બની ચૂક્યો છે. આ ખંડની અંદરના એક ભાગમાં, જે ન્યાયમૂર્તિની નજર સામે રહે એવો એક કક્ષ, પેટાભાગ તૈયાર કરાયેલો જેમાં આરોપીઓના બેસવાની લાકડાની બેન્ચો બનાવાયેલી. અદાલત ખંડમાં ન્યાયમૂર્તિના ઊંચા આસને બેસવાની વ્યવસ્થા રખાયેલી. જજ સાહેબની વિશાળ, ટેબલના આગળના થોડા નીચા ભાગે કોર્ટ રજિસ્ટ્રારની અને તેના સ્ટાફની બેસવાની વ્યવસ્થા ગોઠવાયેલી. કડક સલામતીની વ્યવસ્થામાં કોર્ટની અંદર આવવા માંગતા વિઝીટરોએ ક્યાંથી અને કેમ પાસ મેળવવા તેની આગોતરી જડબેસલાક વ્યવસ્થા ગોઠવાયેલી. જજ તરીકે નિયુક્ત કરાયેલા શ્રી આત્મચરણ, એમની આ મહત્ત્વની નિયુક્તિ પહેલાં કાનપુરના ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ તરીકેની જવાબદારી સંભાળતા હતા. અદાલતના હોલની બહાર નજીકમાં એક નાની જેલ ચણી લેવાયેલી, જ્યાં આરોપી કેદીઓ રહી શકે. તેની આસપાસ અને અદાલતના હોલની બહાર મુશ્કેટાટ વાયર અને જાડા દોરડાથી બાંધી લેવાયેલો. ૩૦૦ પોલીસ – ડ્રેસવાળા અને ડ્રેસ વગરના કડક ચોકી માટે નીમી દેવાયેલા.

દિલ્હીના લાલ કિલ્લા ખાતે જ્યાં આ ઐતિહાસિક કેસ ચાલવાનો હતો ત્યાંની અંદરની અને બહારની સલામતીના બધા જ પગલા સખતીથી લેવાતા રહેલા. તે જ પ્રમાણે સમગ્ર દેશના કરોડો લોકોને, પ્રત્યેક રાજ્યના મુખ્યપ્રધાનો દ્વારા આ ગંભીર વિષયમાં કેન્દ્ર સરકાર માહિતગાર રાખતી રહેલી.

● **નહેરુની તાકીદ :**

વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ દર પખવાડિયે અચૂક ધોરણે, એકવાર યા ક્યારેક પખવાડિયામાં બે પત્રો દરેક રાજ્યના મુખ્ય પ્રધાનોને જરૂર લખતા અને દેશની સમસ્યાઓ, તેના શક્ય ઉકેલો અને કેન્દ્ર સરકારની નીતિ વિષયક વિચારસરણીની જાણ કરતા રહીને વિશ્વાસ વધારતા રહેતા. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેની પરસ્પરની સમજણ અને સમન્વયતા વધતી રહેતી. પંડિતજી વડાપ્રધાન તરીકે ૧૬/૧૭ વર્ષો સુધી રહ્યા તે દરમ્યાન દરેક રાજ્યના ચીફ મિનિસ્ટરોને એમણે આવા દર પખવાડિયાના એકને હિસાબે લગભગ ૪૦૦ પત્રો લખેલા.

જાન્યુઆરી ૩૦, ૧૯૪૮ના રાષ્ટ્રપિતાની હત્યા થઈ. પાંચ જ દિવસ પછી, ૫મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના દેશના બધાં રાજ્યોના ચીફ મિનિસ્ટરોને ઉદ્દેશીને લખેલા પત્ર પરથી તે

વખતની દેશની ભારે ઉકળાટભરી પરિસ્થિતિ અને કોમવાદી સંસ્થાઓની દેશદાહક પ્રવૃત્તિઓનો અંદાજ સ્પષ્ટ થાય છે. ૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના વડાપ્રધાન નહેરુનો પત્ર :

*"....તમને (ચીફ મિનિસ્ટરને) મેં જે છેલ્લો પત્ર લખેલો તે વખતે ગાંધીજી એમના ઉપવાસોમાં હતા. તે પછી માત્ર બે-એક સપ્તાહ જ વિત્યા છે છતાં એમ લાગ્યા કરે છે કે જાણે બહુ ઘણો લાંબો સમય વીતી ગયો છે કેમકે, આ ગાળા દરમ્યાન એટલું બધું બની ગયું છે અને આપણે બધાએ એવો આઘાત અનુભવ્યો છે અને કહી ન શકાય તેટલું ઊંડું દુ:ખ અનુભવ્યું છે. એકાએક પ્રચંડ આઘાત અને તેના નીપજી શકનારા ટૂંકા - લાંબાગાળાનાં પ્રત્યાઘાતના ખ્યાલે આપણને ક્ષણિક કુંઠિત બનાવી નાખેલા. છતાં, તુરત જ આપણને લાગ્યું કે આપણે જરૂરી પગલાં ભરવાના છે અને તુરતાતુરત જ ભરવાના છે.*

*....આપણે લીધેલા કેટલાક પગલાંઓથી તમે વાકેફ છો. ત્રાટકી પડેલી મહાકરુણ આપત્તિ અંગે (ભારત) સરકારે લીધેલા નિર્ણાયક પગલાઓમાં આપણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આર.એસ.એસ. સંસ્થાને પ્રતિબંધિત કરી છે. તપાસ આગળ ચાલુ છે પણ આ દરમ્યાનમાં આપણી સામે આવેલી હકીકતો, વિગતો અને બાતમીઓ પરથી એમ સ્પષ્ટ જણાય છે કે આ હત્યા કોઈ એકલ-દોકલ આદમીનું કે કોઈ નગણ્ય જુથનું કૃત્ય નથી. આ હત્યાના કૃત્ય પાછળ ગણનાપાત્ર સાધન સામગ્રીઓવાળી સરખી મોટી સંસ્થા સંકળાયેલી છે અને હળાહળ વૈમનસ્ય, ધિક્કાર અને હિંસાના વ્યાપક પ્રચારને ફેલાવાતો રહ્યો છે. ભારતમાં આ પ્રકારની રાજકીય હત્યા અને તે પણ ભારે માથાઓ દ્વારા આચરાઈ છે. આ પ્રકારની ગાંધીજીની હત્યા જેવી રસમ, કેટલાક લોકો અને સંસ્થા દ્વારા રાજકીય લાભો મેળવી લેવાના બદ્ઈરાદે આચરાઈ છે. દેશમાંના આવા હિંસક, ઘાતકી તત્ત્વો તરફ આપણે પ્રમાણમાં ઢીલો દોરે રહ્યા છીએ. વધારે પડતા ઢીલા દોરે સહનશીલ રહ્યા છીએ. આનું પરિણામ આપણે ભોગવ્યું છે. પણ હવે એવો સમય આવ્યો છે કે આ સમસ્યાનો આપણે કડક હાથે ઉકેલ આણીએ. અધૂરા-પૂરા, સખળ-ડખળ કે ઢીલાઢફ પગલાથી નહીં, કસોકસ, અત્યંત મજબૂત, કડકમાં કડક પગલાઓથી.*

*...એમ જણાય છે કે રીતસરનો, વ્યવસ્થિત કારસો રચવામાં આવેલો, જે હેઠળ વિવિધ લોકોને ખતમ કરી નાખવાનું અને અંધાધૂંધી ફેલાવીને રાજ્યસત્તા આ જૂથ પોતાના હાથમાં આંચકી લેવાનું (કાવતરૂં) પ્રયોજાયેલું. સારા મોટા વ્યાપક પ્રમાણમાં આ ષડયંત્ર ફેલાવાયેલું, જેમાં કેટલાક રાજ્યોનો વિશેષ સમાવેશ હતો. આ તબક્કે આ ષડયંત્ર સંબંધે વધુ કહેવાનું મને યોગ્ય કે જરૂરી જણાતું નથી પણ મારે તમને સાફ શબ્દોમાં ચેતવવા તો બિલકુલ જરૂરી છે જ...."*

*(સંદર્ભ : ધ ઑલ ઈન્ડિયા રેડિયો, નવી દિલ્હી તરફથી ૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત.)*

- **સરકારની તાકીદ :**

જેમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દરરોજે દરરોજના બનતા બનાવો અને ઘૂંટાતા રાજકીય અને કોમવાદી વાતાવરણ પર કડી નજર રાખતા રહ્યા હતા અને જરૂરી સરકારી - બિનસરકારી પગલાં લેતા રહેતા હતા, તેવું જ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલ પણ પૂરેપૂરા સાબદા રહેતા હતા અને પોતાના હેઠળના ગૃહખાતા દ્વારા બધા જ પ્રકારની



***ભારત સ્વતંત્ર થયું ત્યારે રચાયેલા પહેલા પ્રધાન મંડળમાં કોમવાદી હોવા છતાં હિંદુ મહાસભાના અધ્યક્ષ શ્યામાપ્રસાદ મુખર્જીનો સમાવેશ કરવાની રાજકીય ઉદારતા પંડિત નહેરુ અને સરદાર પટેલે અમલી કરી બતાવી હતી. શ્યામાપ્રસાદ મુખર્જી બેઠેલાઓમાં જમણા છેડે દેખાય છે.***

સાવધાનીના અને અગમચેતીની કાર્યવાહી કરાવતા રહેતા હતા.

આઝાદી મળ્યા પછીનું આ પહેલું જ વર્ષ હતું. સરકારી પ્રધાન મંડળની ગોઠવણ અને પ્રધાનોની નિયુક્તિમાં 'સબકા સાથ' લેવાની ઉદારતા અને દીર્ઘદૃષ્ટિ નહેરુ અને પટેલે નિભાવી રાખેલી. તે વખતના મંત્રી મંડળમાં માત્ર કોંગ્રેસના જ સભ્યો કે ટેકેદારોને લેવાની ટૂંકી દૃષ્ટિ રખાઈ નહોતી. આ કારણે જ કોંગ્રેસની નીતિ-રીતિ કે રાજકારણનો વિરોધ કનારાર હિંદુ મહાસભાના તે વખતના અધ્યક્ષ શ્યામાપ્રસાદ મુખર્જી કે દલિત આંદોલનના સૂત્રધાર ડૉ. ભીમરાઓ આંબેડકર અને મૂડીપતિઓના પ્રતિનિધિ એસ. શન્મુખમ્ રેડ્ડી જેવાઓને પણ પ્રધાન મંડળમાં કેન્દ્ર ખાતે લેવાયેલા હતા.

કેન્દ્રીય પ્રધાનમંડળમાંના એક મંત્રી હોવા છતાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી, હિંદુ મહાસભા સંસ્થાના પ્રમુખસ્થાને હતા. એમણે પ્રમુખ સ્થાન વી.ડી. સાવરકર પાસેથી તાજેતરમાં જ સંભાળ્યું હતું.

ગાંધી હત્યાની ચાલતી કડક પોલીસ તપાસ દરમ્યાન જે શકદારોના નામો જાહેરમાં આવતા થયેલાં અને મુંબઈ / દિલ્હીની પોલીસ જેમને ઝડપતી રહેલી, તેમાંના એક વિનાયક દામોદર સાવરકર પણ હતા. હિંદુ મહાસભાના એક અગ્રણી સાથીદાર અને સમર્થક સાવરકર ઉપર સરકારી કડક તપાસની ઘોંસ ન આવે તેના પ્રયત્નો તરીકે હિંદુ મહાસભાના પ્રમુખ તરીકે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી, ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલને વારંવાર પત્રો લખીને અને મોકો મળે ત્યારે રૂબરૂમાં ખાસ ભારપૂર્વક આગ્રહ કરતા કે સાવરકરને આ ગાંધી હત્યાના ચક્રવ્યૂહમાં લઈ લેવામાં ન આવે.

પણ સરદાર વલ્લભભાઈ પટેલ રાજકારણીય ચોપાટના બધા સોગઠાઓના માહેર હતા. ગાંધી હત્યાના કેસના બારામાં ભારત સરકારના ચાંપતા બધા પ્રયાસોની એક જ દિશા બરાબર સમાલાતી રહે તે માટે વડાપ્રધાન અને ગૃહ પ્રધાન વચ્ચે



*વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ : બંનેને એમ પાકું જણાવા લાગેલું કે મહાત્માજીની હત્યાના કાવતરામાં કોમવાદી હિંદુ મહાસભા અને આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) સંડોવાયેલા છે.*

વિચારોની અને પગલાં (એક્શન)ની સુત્રબધ્ધતા માટે, એકબીજાને કદમોકદમ જાણ કરતા રહેવાનો સિલસિલો પંડિત નહેરુ અને સરદાર પટેલ વચ્ચે બરાબર જળવાતો રહેલો.

- **સંયુક્ત પગલાં :**

ફેબ્રુઆરી ૨૭, ૧૯૪૮ની તારીખવાળા નહેરુ ઉપરના પોતાના પત્રમાં સરદાર પટેલે લખેલું : *"..... બાપુની હત્યાવાળા કેસ બારામાં લેવાતાં પગલાં અને કરાતી કામગીરી શું અને કેમ થતી રહે છે, તેની લગભગ રોજેરોજની ગતિવિધિઓની હું જાણકારી રાખું છું. હિંદુ મહાસભાની નાણાંકીય શાખાએ સાવરકરની જ સીધી અને અંગત દેખરેખ પ્રમાણે આ કાવતરાનો અમલ કરાવ્યો છે."*

*(સંદર્ભ : 'સરદાર પટેલ કોરસ્પોન્ડન્સ' અંગ્રેજી પુસ્તક, વોલ્યુમ-૬, પૃષ્ઠ-૫૬.)*

ઉપર નિર્દેશાઈ ચૂક્યું છે તેમ, હિંદુ મહાસભાના તે વખતના અધ્યક્ષ શ્યામાપ્રસાદ મુખર્જી, જે પ્રધાન મંડળમાંના જ એક પ્રધાન હતા તે વારંવાર સરદાર પટેલ પાસે સાવરકરનું ઉપરાણું લેતા રહેતા હતા, સાવરકરની તરફદારી કરતા રહેલા. વારંવાર સરદારને આ બાબતમાં પત્રો લખતા રહેતા.

જે દિવસે ગાંધી હત્યા અંગેનો કેસ ચલાવવા સ્પેશિયલ અદાલતની કામગીરી શરૂ કરવામાં આવી, બરાબર એ જ દિવસે, મે ૨૭, ૧૯૪૮ના સરદાર પટેલે શ્યામાપ્રસાદ મુખર્જીને સ્પષ્ટ શબ્દોમાં લખેલા પત્રમાં સાફ કહેલું :

*"....ગાંધીજીની હત્યાવાળા કેસની સ્પેશિયલ કોર્ટની સ્થાપના થઈ ચૂકી છે. મુંબઈના ઍડવોકેટ જનરલ આ કેસ સંભાળે છે. તેમની સાથેના બીજા કાયદાશાસ્ત્રીઓ અને તપાસનીશ અધિકારીઓ મને મળ્યા છે. મેં એમને બધાને બહુ જ સાફ શબ્દોમાં કહી દીધું છે કે જ્યાં સુધી સાવરકરને લાગેવળગે છે, તેમાં આ કેસમાં સાવરકરને ઉમેરવા કે ન ઉમેરવા તેનો નિર્ણય તમારે બધાએ કાયદા અનુસાર અને ન્યાયની રસમ અનુસાર જ તમારે બધાએ લેવાનો છે. કોઈ જ રાજકીય ગણતરીને ધ્યાનમાં*



*સ્વતંત્ર ભારતના સૌથી પહેલા ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલ. જેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલું કે ગાંધી હત્યા કાવતરામાં હિંદુ મહાસભા અને આર.એસ.એસ. (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ની સામેલગીરી સ્પષ્ટ છે.*

*નથી જ લેવાની. મારી સુચના અને તાકીદ તદ્દન સાફ શબ્દોમાં જ હતી. મને ખાતરી છે જ કે મારી સ્પષ્ટતા અને સૂચનાઓનો પૂરો અમલ થશે જ. મેં એમ પણ સુચના આપી છે કે જો એમને એમ લાગે કે પુરાવાઓ અને સંજોગોના આધારે સાવરકરને આ કેસની સાથે સામીલ રાખવા જરૂરી જ છે તો તે અંગેના બધા જ કાગળો મારી સમક્ષ પેશ કરવા અને તે દરમ્યાનમાં સાવરકર પર કોઈ પગલા લેવા નહીં. અલબત્ત, આ બાબતને, સાવરકરની સંડોવણી અંગેની બાબત કાયદા - કાનૂન અને ન્યાયની રીતે જ તોલવાના છે. શક્ય છે કે કાયદા અને ન્યાયની રીતે બાબતનો અંજામ એક દેખાતો હોય અને સત્ય હકીકતના આધારે તેનો અંજામ જુદા જ પ્રકારનો જણાતો હોય..."*

● **ઉત્સવ મનાવનારાઓ :**

સરદારે હિંદુ મહાસભાના પ્રમુખ મુખર્જીને એમ પણ લખ્યું કે એક સંસ્થા તરીકે હિંદુ મહાસભા બિલકુલ સીધી રીતે આ હત્યા કાવતરામાં સંડોવાયેલી ન પણ હોય. પણ તે સાથે સાથે એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જ પડે કે હિંદુ મહાસભાના ઘણા બધા સભ્યોએ હત્યાના આ દુઃખદ અને કરુણ પ્રસંગે મીઠાઈ ખાધી હતી, વહેંચી હતી અને આનંદ - ઉત્સવ મનાવ્યો હતો. આ હત્યાના સંબંધે આખાય દેશમાંથી અમને વજુદપાત્ર માહિતી, વિગતો અને પુરાવાઓ મળતા રહ્યા છે. ઉપરાંત, હજુ થોડા જ મહિના પહેલાં સુધી હિંદુ મહાસભાના આગેવાનો અને પ્રતિનિધિઓ – મહંત દિગ્વિજોય, પ્રોફેસર રામસિંઘ અને દેશપાંડે વગેરે હિંસાત્મક પ્રચાર કરતા રહ્યા છે. એવું જ આર.એસ.એસ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું છે. આર.એસ.એસ. – જે એક ખાનગી લશ્કરની જેમ અને દેશની સલામતીને માટે અત્યંત જોખમી રીતે કામગીરી કરે છે, તે પણ દેશની સલામતી માટે અત્યંત જોખમકારક છે. (સંદર્ભ : સરદાર પટેલનો પત્ર વ્યવહાર, અંગ્રેજી પુસ્તક, પૃષ્ઠ ૬૫-૬૬)

આ બધાનો ગૂઢાર્થ એ નીકળે છે કે મહાત્મા ગાંધીજીની હત્યાના કાવતરામાં હિંદુ મહાસભા કે આર.એસ.એસ. જેવી સંસ્થાઓ અને સાવરકર જેવી વ્યક્તિઓ નક્કી જ સંડોવાયેલી હતી.

ગાંધી હત્યાના કેસ ચાલવા દરમ્યાન આ કાવતરાની વધુ હકીકતો બહાર આવતી રહી હતી. 'કચ્છશ્રુતિ'ના હવે પછીના અંકમાં તમે એ અને હિંદુ મહાસભા, આર.એસ.એસ. અને સાવરકર વગેરે વિષેની ઓછી જાણીતી વિગતો જાણી શકશે.

*(સંદર્ભ : 'ગાંધી મર્ડર ટ્રાયલ' અંગ્રેજી પુસ્તક, 'પંડિત નહેરુનો પત્ર વ્યવહાર', 'સરદાર પટેલનો પત્ર વ્યવહાર', 'ફ્રન્ટલાઈન' અંગ્રેજી પાક્ષિક અને તેમાંના બેરીસ્ટર એ.જી. નુરાનીના લેખો.)*

***૭, ડફોડિલ બિલ્ડિંગ, ગોદરેજ સ્કાય ગાર્ડન,***
***તક્કા સ્ટેશન રોડ, પનવેલ, મુંબઈ-૪૧૦ ૨૦૬.***
***ફોન : (૦૨૨) ૨૭૪૫૮૬૨૫, મો. ૯૧૬૭૫૬૭૩૯૫, ૯૯૩૦૬૬૦૨૪૨***

## 'લ્યો, હવે ઓફિસમાં ઊંઘવાની નોકરી મળશે!'

**(અનુસંધાન : પાના નં.-૭૦ ઉપરથી ચાલુ)**

ભુટ્ટો આપણી સાથે ૧ હજાર વર્ષ સુધી લડવાની વાત કરતા હતા તે હજુ ક્યાં પૂરા થયા છે! એટલે આ લડાઈ તો હજુ લાંબી ચાલશે.

તેથી આવી લોહી ઉકાળાવાળી વાત અહીં જ પૂરી કરીને ચાલો આપણે હવે ફરીથી હળવાશભર્યો હાઈવે પકડીએ...

હળવાશભર્યા હાઈવે પર અમને એક હોર્ડિંગ જોવા મળ્યું જે વાંચીને અમારી ઊંઘ ઊડી ગઈ!

હોર્ડિંગ પર લખ્યું હતું –

'જે લોકોને કામ પર જવાને બદલે પથારીમાં જ પડ્યું રહેવું ગમતું હશે તેમને પણ હવે નોકરીની તક છે! આ નોકરીમાં વ્યક્તિએ માત્ર અલગ અલગ પોઝીશનમાં સૂઈને માત્ર એટલું જ દર્શાવવાનું રહેશે કે આ કંપનીના મેટ્રેસ પર ઊંઘવાથી કેવી સરસ 'કુંભકર્ણ બ્રાન્ડ' ઊંઘ આવી શકે છે!'

ધગધગતો ઉનાળો તો ચપટી વગાડતાં પાસ થઈ જશે અને જાગશો ત્યારે થશે કે 'ચોમાસું ક્યાંક આસપાસ છે!'

નવી મુંબઈથી લોનાવલા જતાં આવા રસપ્રદ હોર્ડિંગ તો અમને જગ્યાએ જગ્યાએ જોવા મળ્યાં!

એક હોર્ડિંગ પર લખ્યું હતું : 'લોંગ ડ્રાઈવ પર નીકળ્યા છો? કાંઈ વાંધો નહીં! 'વૅક્સ મ્યુઝિયમ' જવાનો શોર્ટ કટ તમારી ડાબી બાજુએ છે!'

***'વ્હાઇટ હાઉસ', પ્લોટ ૩૧૪/એ, રાજશ્રી સિનેમા રોડ, સેક્ટર-૨૦,***
***ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨, મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧***

કચ્છ

## એક જમાનામાં કચ્છને સમસ્ત ભારત સાથે જોડતું
# મોરબી સ્ટેટનું નવલખી બંદર

• વી.જે. ઠાકર, નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક •

ભલે રાજકોટ જિલ્લાને ફક્ત ૩૨ કિ.મી.નો દરિયાકિનારો લાગુ પડતો હોવા છતાં જે તે વખતના મોરબી સ્ટેટની હકુમતમાં આવતા આટલા ટૂંકા કાંઠાળ વિસ્તારમાં એક આદર્શ બંદર વિકસાવી, આઝાદી પૂર્વે અને બાદ પણ ઘણાં વર્ષો સુધી કચ્છના અખાતમાં વિદેશી જહાજોની અવરજવર અને આયાત નિકાસમાં અગત્યનું સ્થાન ધરાવતા નવલખી બંદરની આપણને ભેટ આપી છે. છેક ૧૭૩૪થી અલિયાજી ઠાકોરના સમયથી વવાણિયા બંદર કાર્યરત હતું. પરંતુ કાળક્રમે તેનું પુરાણ થતાં ઇ.સ. ૧૯૦૯માં મોરબી સ્ટેટનાં પ્રગતિશીલ અને દૂરંદેશી રાજવી સર વાઘજી ઠાકોરે હંસ સ્થળ  ક્રીકથી નજીકતમ સૂઇનાળ અને વરસામેડીના સંગમસ્થાને ૨૨°-૫૮'-૨૫'' ઉત્તર અક્ષાંસ અને ૭૦°-૨૭'-૨૪'' પર નવલખી વિકસાવ્યું. તળભૂમિને રીક્લેમેશન દ્વારા આ પોઇન્ટ સુધી જોડી દેવામાં આવી. અને લવણપુર સુધી ૧૫ કિ.મી.ની પાકી સડક તૈયાર કરી બંદર સુધી જવા આવવાની સુવિધા પૂરી પાડી. અને નૅરોગેજ રેલવેથી બંદરને મોરબી સાથે જોડી દેવામાં આવ્યું. જે પાછળથી ઇ.સ. ૧૯૩૫માં મીટરગેજમાં પરિવર્તિત કરી છેક વઢવાણ સુધી મોરબી સ્ટેટે પોતાની રેલવે લાઈન નાંખી નવલખી બંદરનું વાંકાનેર - રાજકોટ - વિરમગામ - મહેસાણા અને સમગ્ર ઉત્તર ભારત રાજસ્થાન અને મધ્ય ભારતમાં કેટલાક વિસ્તારો તથા છેક દિલ્હી સાથે રેલવે માર્ગે જોડાણ થઈ જતાં પૃષ્ઠભૂમિ (હીટરલેન્ડ)નાં વિશાળ કવરેજનો લાભ જે તે વખતે આ એક આગવું સ્થાન ધરાવતા નવલખી બંદરને મળ્યું. આ બંદર વિકસાવવાનો પ્રાથમિક ખર્ચ રૂપિયા નવ લાખ થયેલ હોઈ તેને નવલખી નામ આપવામાં આવ્યું. તે સમયે સૌરાષ્ટ્રનાં અન્ય બંદરો ભાવનગર - ઓખા - બેડી - પોરબંદર વગેરે પણ વિકાસ પામેલ હતા. પરંતુ આ તમામ બંદરો કરતાં પૃષ્ઠભૂમિ (હીન્ટરલેન્ડ)ના વિસ્તારો નવલખીથી અંતરની દૃષ્ટિએ નજીક થતાં હોઈ નવલખીને વિકાસની સારી તક મળેલ. પૃષ્ઠભૂમિનાં કેન્દ્રોથી સૌરાષ્ટ્રનાં બંદરોમાં અંતરનો કોઠો અહીં આપેલ છે.

*સાચું સુખ પોતાના દેહનો અને કુટુંબીનો જ વિચાર કરવાથી મળતું નથી, પણ દેહને અને કુટુંબને અન્યની સેવા માટે હોમી દેવાથી મળે છે.*

*(અંતર માઈલમાં)*

| | પૃષ્ઠભૂમિના શહેરોથી | ઓખા | બેડી | ભાવનગર | નવલખી |
|---|---|---|---|---|---|
| ૧. | વિરમગામ | ૨૭૧ | ૧૭૦ | ૧૪૬ | ૧૩૪ |
| ૨. | અમદાવાદ | ૩૧૨ | ૨૧૧ | ૧૮૭ | ૧૭૫ |
| ૩. | મહેસાણા | ૩૧૨ | ૨૧૧ | ૧૮૭ | ૧૭૫ |
| ૪. | દિલ્હી | ૮૦૯ | ૭૦૮ | ૬૮૪ | ૬૭૨ |

નવલખી બંદરને કુદરતી રીતે મળેલ એક વિશિષ્ટ ભેટને કારણે તેનું મેઇન્ટેનન્સ ઓછું ખર્ચાળ છે. દુનિયામાં જાપાનનાં ઓસાકા બંદર અને સૌરાષ્ટ્રનાં ભાવનગર બંદરે ભરતીનાં પાણી ઘણાં ઊંચા ચઢે છે. આના પછી ત્રીજા ક્રમે નવલખી બંદરનો આવે છે. પૂનમ અને અમાસથી મહત્તમ ભરતી વખતે નવલખી બંદરે લગભગ ૨૪થી ૨૫ ફીટ પાણી ચઢી આવે છે. સૂઈ ખાડીમાં ભરતીની ઊંચાઈ પણ ૨૫ ફીટ રહે છે અને ઓટમાં પાછા ફરતા પાણીનો વેગ કરન્ટ લગભગ ૪ નોટ જેટલો રહે છે. જે નવલખીનાં પ્રવેશદ્વાર હંસસ્થળ ક્રીક પાસે ૭ નોટ જેટલો થવા જાય છે. જેને કારણે આસપાસનાં ખરાબાઓની જમીન ધોવાણ થઈ ચેનલ કુદરતી રીતે ઊંડી બને છે અને પહોળી થતી જાય છે. જેને કારણે મોટા ડ્રાફ્ટવાળી સ્ટીમરો નવલખી બંદરની ચેનલ તરફ સરળતાથી અને ડ્રેજિંગની જરૂરિયાત વગર આવી જઈ શકે છે. (જ્યારે કંડલા બંદરની ચેનલમાં સતત ડ્રેજિંગની જરૂરિયાત રહે છે.) એન બંદરથી ૨થી ૨.૫૦ કિ.મી.ના અંતરે જ લંગર નાખી શકે છે. અત્યાર સુધી વધુમાં વધુ ૧૫,૩૦૦ની ઇટાલિયન સ્ટીમર ટ્રેનીટીએ અહીં લંગર નાખ્યાની નોંધ છે. સમગ્ર ખાડીનું તળિયું ચીકણી માટીવાળું અને ખડકાળ હોઈ લંગર તળિયામાં બરાબર પક્કડ જમાવે છે અને ભરતીનાં કરન્ટ સામે ટકી રહે છે. એન્કર પોઇન્ટ નજીક હોઈ બાર્જિસ દ્વારા માલની હેરફેર સૂઈ ખાડીનાં ક્વે અને સામે ટકી શકે છે. એન્કર પોઇન્ટ નજીક હોઇ બાર્જીસ દ્વારા માલની હેરફેર સૂઈ ખાડીનાં કવે અને વરસામેડી ક્રીકમાં ઝડપી રીતે થઈ શકે છે. જે તે વખતે કંડલા બંદરનો વિકાસ થયેલ ન હતો ત્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, ઉત્તર પ્રદેશ અને દિલ્હીના

માલસામાનની આયાત નિકાસ માટે નવલખી નજીકતમ બંદર હોવાથી અને રેલવે માર્ગે જોડાયેલ હોવાને કારણે તથા મોરબી સ્ટેટ દ્વારા યાંત્રિક રીતે માલસામાન ઉતારવા ચઢાવવાની તથા સ્થાનિક પરિવહન તેમજ સ્ટોરેજ ગોડાઉનોની માળખાકીય સગવડતા ઊભી કરેલ. તેમજ બંદર ઉપર માલ ચડાવવા - ઉતારવા માટે નિષ્ણાત કાર્ગો કોન્ટ્રાક્ટર મે. પેસ્તનજી ભીખાજીની કંપનીના અનુભવી મજૂરોની ટીમ કામ કરતી. આયાત નિકાસનાં માલનાં ક્લિયરીંગ માટે લાઈસન્સવાળા ક્લિયરીંગ એજન્ટો મે. નટવરલાલની કું., મે. જયોતિ એન્ડ કું. અને મે. જયંતિલાલ એન્ડ કું. કાર્ય સંભાળતા. તે સમયમાં હંસાલાઈન, બી.આઈ.એસ.એન. કું., ક્લાન લાઈન, જાપાનીસ લાઈન, એન્કર લાઈન વગેરે કંપનીઓની સ્ટીમરો નવલખી બંદરે નિયમિત આવતી. બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમરો મહિનામાં બે ત્રણ વખત મુલાકાત લેતી. તે સમયે બર્માશેલ ઓઈલ સ્ટોરેજ, હેવરો કું., મે. ઈમ્પીરિયલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ વગેરે પેઢીઓએ પોતાનાં આયાત થતા પ્રવાહી માલનાં સ્ટોરેજ ડેપો નવલખી બંદરે ઊભા કરેલ હતા.

- **નવલખી કંડલા ફેરી સર્વિસ :**

નવલખીનું તે વખતે એક વિશિષ્ટ મહત્ત્વ કચ્છને સૌરાષ્ટ્ર તથા સમગ્ર ભારત સાથે વાહન વ્યવહારની દષ્ટિએ જોડવાનું હતું. કચ્છમાંથી સમગ્ર ભારતમાં જવા આવવા માટે કંડલા - નવલખી વચ્ચેનો દરિયાઈ માર્ગ સૌથી ટૂંકો હતો. તેથી નિયમિત ફેરી સર્વિસ ચલાવાતી. દરરોજ હજારો મુસાફરોની હેરાફેરી નવલખી બંદરેથી થતી. સવારે અને બપોરે બે-બે લોન્ચો નવલખીથી કંડલા અને કંડલાથી નવલખી એ રીતે સામસામે ચલાવવામાં આવતી. આના કારણે નવલખી બંદર ધમધમતું રહેતું. નવલખીથી મોરબી - વાંકાનેર રેલવે માર્ગે મુસાફરો આખા ભારતમાં જતા. ઈ.સ. ૧૯૬૭થી કચ્છ સૌરાષ્ટ્ર વચ્ચે સૂરજબારી પાસે ખાડીમાં ઇંદીરા બ્રિજ બંધાતા જમીન પરનો વાહન વ્યવહાર સુગમ બનતાં, ફેરી સર્વિસની વ્યવસ્થા બિનપ્રસ્તુત થવા પામી અને બંધ થઈ.

- **મર્ચન્ટ નેવી માટે ખલાસીઓ તૈયાર કરવાનું તાલીમ કેન્દ્ર "નવલખી"**

આઝાદી પછી રચાયેલ સૌરાષ્ટ્ર રાજયના વહીવટ કર્તાઓની સુઝબુઝને કારણે કેન્દ્ર સરકારનાં ડાયરેક્ટર જનરલ ઑફ શિપીંગ દ્વારા દરિયાઈ વાહન વ્યવહારમાં ઉપયોગમાં લેવાતાં દેશ વિદેશ જતી સ્ટીમરો માટે તાલીમબધ્ધ ખલાસીઓ (ક્રૂ મેમ્બર્સ) તૈયાર કરવા એક તાલીમ કેન્દ્ર ઈ.સ. ૧૯૫૪માં નવલખી બંદર ખાતે સ્થાપવામાં આવેલ. આનાં હેતુ કચ્છ - સૌરાષ્ટ્ર - દીવ ઉત્તર ગુજરાતનાં સાગર ખેડૂતોના યુવાનોને દેશ વિદેશ જતી સ્ટીમરોમાં રોજગારીની તક ઊભી કરવાનો હતો અને એટલે સૌરાષ્ટ્રમાં નવલખી ખાતે તાલીમશીપ "નવલક્ષી"ની સ્થાપના કરવામાં આવેલ. આ તાલીમ કેન્દ્રનો કચ્છ સૌરાષ્ટ્ર ગુજરાતનાં હજારો યુવાનોએ લાભ લીધો અને મર્ચન્ટશીપમાં નોકરી મેળવી. મેટ્રિક સુધી ભણેલા યુવાનો પણ આ તાલીમમાં જોડાતા અને આકર્ષક પગાર તથા ગૌરવશાળી નોકરી અને દેશ - વિદેશોમાં ફરવાની તકોને લીધે આ તાલીમનું આકર્ષણ તે વખતે યુવાનોમાં ખૂબ હતું. ઈ.સ. ૧૯૮૪ સુધી નવલખી ખાતે આ તાલીમ કેન્દ્ર ચાલું રહ્યું હતું.

ખરેખર જયારે ટેકનોલોજીમાં વિકાસ થયેલ નહોતો અને અદ્યતન સાધનસામગ્રી ઉપલબ્ધ ન હતી છતાં આજથી ૧૦૦ વર્ષ પહેલાં મોરબીના દૂરંદેશી રાજવીર સર વાઘજી ઠાકોર દ્વારા પશ્ચિમ કિનારે એક મહત્ત્વનું બંદર આપણને ભેટ આપેલું છે, જે ખરેખર કાબિલેદાદ છે.

આજે ફક્ત કોલસો અને મીઠું બે જ વસ્તુનું આ બંદરેથી હેન્ડલિંગ થાય છે અને બંદરની કંગાળ પરિસ્થિતિ જોતાં ખરેખર દુઃખ થયા વગર રહેતું નથી.

*૧૭, નટવર પાર્ક, સામાકાંઠા, મોરબી.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

## આહાહા... એ પણ કેવા દિવસો હતા....

- જ્યારે ઘડિયાળ એકાદ પાસે હતી અને સમય બધા પાસે હતો.
- જ્યારે બોલચાલમાં ગુજરાતી જ ચાલતું અને ઇંગ્લીશ તો પીવામાં જ કામમાં આવતું.
- જ્યારે ફિલ્મોની હીરોઈનને પૈસા ઓછા મળતા હતા પણ એ કપડાં પૂરા પહેરતી હતી.
- એક સાઈકલ રહેતી હતી જે ચાર રોટલીમાં ચાલીસની એવરેજ આપતી હતી.
- લગ્નપ્રસંગે ઘરની સ્ત્રીઓ રસોઈ બનાવતી હતી અને નાચવાળી બહારથી આવતી હતી. આજે ઘરની સ્ત્રીઓ નાચે છે અને રાંધવાવાળીઓ બહારથી આવે છે.
- જ્યારે ખાવાનું ઘરમાં ખાતા હતા અને શૌચાલય માટે બહાર જતા હતા. આજે શૌચાલય ઘરમાં છે અને જમવાનું બહાર હોય છે. ■

માહિતી

# રીયલ એસ્ટેટ બીલ-૨૦૧૬ : ઘરનું ઘર એક સપનું

• પાર્થ ઠક્કર - આર્કિટેક્ટ •

*ભારતની સંસદમાં થોડા સમય અગાઉ "રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ - ૨૦૧૬"ને બહાલી આપવામાં આવી હતી. આ એક્ટનો પ્રથમ દૃષ્ટિએ અભ્યાસ કરવાથી જણાશે કે આ પ્રક્રિયામાં ગ્રાહકને મધ્યમાં રાખવામાં આવેલ છે. રીયલ એસ્ટેટ સંબંધી એવી ઘણી બાબતોમાં સામાન્ય ગ્રાહકવર્ગ હંમેશાં છેતરાતો હોય છે કારણકે તે બાબતે તેમની સમજનો અભાવ છે. આ હેતુથી ઉપરોક્ત કાયદાની તમામ જોગવાઈઓ આમ પ્રજાને જાણવી ખૂબ જરૂરી છે. ગ્રાહકવર્ગ કાનૂનના દાયરામાં રહીને આ વિષયે શું કાર્યવાહી કરી શકે તે માટે લેખકશ્રીએ ઉપરોક્ત એક્ટની મહત્ત્વની જોગવાઈઓનો ઊંડો અભ્યાસ કરીને તેનાં વ્યવસ્થિત તારણો વાચકવર્ગ સમક્ષ રજૂ કર્યા છે. અપેક્ષા છે કે આ બધી વિગત સંબંધિત દરેકને ખૂબ જ ઉપયોગી થશે.*

*– તંત્રી મંડળ*

ઘણા વખતથી જેની આતુરતાથી રાહ જોવાતી હતી તે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ – ૨૦૧૬, ૨૫મી માર્ચે સંસદમાં પસાર થઈ ગયો અને છાપા - ટી.વી.ની હેડલાઈનમાં ચમકી ગયો. સામાન્ય માણસનું ઘરનું સપનું જાણે કે એક ચમત્કારમાં પૂરું થઈ ગયું હોય તેવો માહોલ મીડિયા દ્વારા ઊભો કરવામાં આવ્યો. આ મીડિયાની ભાષા સામાન્ય માણસની સમજની બહાર હોય છે. શહેરી મધ્યમવર્ગ અને નિમ્ન મધ્યમવર્ગને પોતાના માસિક બજેટ અને બચતમાંથી આજના ઘરના સપનાઓ માટેના મોટા મોટા આંકડાઓ કેવી રીતે સુલભ બનાવવા તે કોઈ સમજાવી દે તોય ઘણું. સરકારમાં બેઠેલા કાયદાના અને અર્થશાસ્ત્રના નિષ્ણાતો તથા પોલિસીના ઘડવૈયાઓ કદાચ આ બધું વત્તે ઓછે અંશે જાણે જ છે પરંતુ તેમને સમગ્ર અર્થતંત્રનું પોત વણવામાં આ સિવાયના પણ ઘણા પરિબળોને સંભાળવાના હોય છે. અહીં આ સમગ્ર પ્રક્રિયાને સામાન્ય માણસની સમજમાં લાવવાનો પ્રયત્ન કરેલ છે તથા લેખના અંતે કેટલાક નમ્ર સૂચનો પણ કરેલ છે.

આ સમગ્ર કાયદો બનાવવાની પ્રક્રિયામાં ગ્રાહકને જ કેન્દ્રમાં રાખવામાં આવેલ છે. આથી આપણે ગ્રાહકનો પક્ષ પહેલાં રજૂ કરીએ.

## • ગ્રાહકના મનમાં કેવા પ્રશ્નો ઉદ્‌ભવે છે?

જમીનની કાયદેસરતા છે કે કેમ? N.A. થયેલ છે? બાંધકામ અને તે સિવાયની બધા જ પ્રકારની મંજૂરીઓ મેળવેલ છે? ટાઈટલ ક્લિયર છે? મંજૂર થયેલ પ્લાન અને સાઈટ ઉપર બનાવવામાં આવેલ સ્ટ્રક્ચર સમાન છે કે કેમ? બાંધકામનું માપ વેચાણ માટે સુપર બિલ્ટ-અપ ગણવામાં આવે છે. જેમાં ઘણી બાબતો શંકાસ્પદ જ રહે છે અને ગ્રાહક છેતરાયાની લાગણી અનુભવે છે. આ બાબત સહિયારા વપરાશના વિસ્તારો સાથે સંકળાયેલ છે જેવા કે પાર્કિંગ, સીડી - લિફ્ટ, ફૉયર, ધાબુ વગેરે. જે પૂરેપૂરા આપેલ છે કે નહીં? કે પાર્કિંગને પણ ઍલોટેડ કરીને ચાર્જ વસુલવામાં આવેલ છે? વિવાદાસ્પદ મુદ્દો તો બને જ છે. આ ઉપરાંત મિલ્કતની કિંમત સિવાયના બીજા ચાર્જિસ જેવા કે ઑથોરીટીમાં ભરવાના પાણી - ગટર તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ચાર્જ, ઈલેક્ટ્રિસિટી કંપનીમાં ભરવાના મીટરના ચાર્જ, મેઈન્ટેનન્સ ડિપોઝીટ, જ્યાં એસ્ટેટ એજન્ટ દ્વારા સોદો થાય ત્યાં બ્રોકરેજ વગેરેમાં સંપૂર્ણ નહીં તો અંશતઃ છેતરાયાની લાગણી ગ્રાહક અનુભવે છે. એક સૌથી મહત્ત્વનો મુદ્દો કામની ક્વોલિટી બાબતનો હોય છે. પ્રોજેક્ટની સાઈટ ઉપર ગ્રાહક અંતિમ વપરાશકર્તા તરફથી મોનીટરીંગ કે સુપરવિઝન શક્ય નથી હોતું. આથી ડેવલપરની જાહેરાતમાં બતાવ્યા પ્રમાણેના સ્પેસીફિકેશન અને કામની ક્વોલિટી ક્યારેય જળવાતી નથી અને લાચાર ગ્રાહક તેને સહજતાથી સ્વીકારી લે છે. સમયસર પઝેશન ન મળવું તે પણ એક સાહજિક બાબત બની જાય છે. આ બધા કે બીજા પણ કોઈ મુદ્દાઓમાં બધા ગ્રાહકોની તો જાગૃતિ કે સભાનતા પણ હોતી નથી કે તેઓ છેતરાઈ રહ્યા છે.

## • ડેવલપરના પક્ષે કયા મુદ્દાઓ છે તે જોઈએ :

મોટું આર્થિક રોકાણ મેળવવું અને ટકાવવું, પ્રોજેક્ટનું સમયપત્રક ન જળવાતાં વ્યાજનું ભારણ, જંત્રીની અસંગતતાઓને કારણે જમીનની કિંમતોમાં ગેરવાજબી વધારો, સમાંતર અર્થતંત્ર – આ બધી રોકાણની ઉપલબ્ધિની સમસ્યાઓ છે. ઉપરાંત સેબીએ ૨૦૧૪માં FDI માં પ્રોત્સાહન માટે REIT (Real Estate

Investment Trust) અને InfIT (Infrastructure Investment Trust) માટેના નીતિનિયમો નિર્ધારીત કર્યા જેને પગલે FDI માં વધારો થયો પરંતુ મંદી અને બાંધકામ ઉદ્યોગના બીજા અનેક પ્રશ્નોને કારણે તેનો જોઈએ તેવો લાભ ન મળ્યો. ડેવલપર માટે બીજો મુદ્દો જમીનની ઉપલબ્ધિનો છે. ગીચ શહેરી વિસ્તારોમાં દુર્લભ થતી જમીન, દૂરના પરા વિસ્તારોમાં પણ જમીન માલિકોની ગેરવ્યાજબી ભાવોની માંગણી, જમીનના હક્કો બાબતમાં વિવાદો, સરકારી અને કેટલીક કોર્ટ કચેરીઓમાં અટવાયેલ ફાઈલો – આ બધું જમીનને દુર્લભ બનાવે છે. જે બાંધકામ ઉદ્યોગનો મુળભૂત કાચો માલ છે.

આ વર્ષે ૨૦૧૬માં વર્લ્ડ બેંક દ્વારા બાંધકામ ઉદ્યોગની અનુકૂળતા માટેનો એક સર્વે કરવામાં આવ્યો જેમાં ૧૮૯ દેશોને આવરી લેવામાં આવ્યા. આપણા દેશનો નંબર તેમાં ૧૮૩મો આવ્યો. આપણા દેશમાં કોઈપણ બાંધકામનો પ્રોજેક્ટ કરવા માટે જુદી જુદી ૪૦ જાતની સરકારી મંજૂરીઓ લેવી પડે છે. અને તે પણ ભ્રષ્ટ અને તુમારશાહીવાળા તંત્રમાંથી. અનેક સરકારી કચેરીઓમાં ફાઈલો લઈને ફુટબોલની જેમ ફંગોળાતા રહેવું પડે અને દરેક જગ્યાએ નૈવેદ્ય ધરતા રહેવું પડે. છતાં મંજૂરીની કે સમય પાલનની કોઈ જ ખાતરી નહીં. ડેવલપર માટે આ એક મોટી સમસ્યા છે.

આ ઉપરાંત કાચા માલની વધતી જતી કિંમતો, શ્રમના વધતા જતા દામ તથા ઘટતી જતી ગુણવત્તા. કોન્ટ્રાક્ટર માટે સાઈટ ઉપરનું લેબર મેનેજમેન્ટ ઘણું અઘરું હોય છે. પ્રોજેક્ટનું સમયપત્રક ન જાળવી શકવામાં આ બધા જ કારણો ભેગા મળીને કામ કરે છે. ગ્રાહકો દ્વારા ઊભા થતા વ્યક્તિગત પ્રશ્નોને અહીં સ્થાન નથી આપતા.

- **રોકાણકારોની પણ તેમની પોતાની કંઈક વાતો છે :**

બેંકો અને નાણાંકીય સંસ્થાઓ નાણાં રોકવા માટે ડેવલપરની વ્યક્તિગત શાખ ઉપર વધુ મદાર રાખે છે. FDI ના સંસ્થાકીય રોકાણકારો હોય કે છુટક, વ્યક્તિગત અથવા જુથ દ્વારા રોકાણ થાય, તેમને હંમેશાં સમય સાથે સંબંધ છે. દિવસે દિવસે ચઢતું વ્યાજનું ભારણ નફા કે વળતરના મૂલ્ય કરતાં ઓછું જ રહેવું જોઈએ, નહીં તો તે પહેલાં જ રોકાણકર્તા પ્રોજેક્ટમાંથી નીકળી જશે. આથી સમયપત્રક અને ક્વોલિટીની વિશ્વસનીયતા અહીં મુખ્ય ભાગ ભજવશે.

સરકાર તરફથી માત્ર વિકાસની વાતો જ થાય તો તે ક્યારેય ટકાઉ ન બને. વ્યવસાયને પ્રોત્સાહન મળે તે માટે નાણાંની ઉપલબ્ધિ સરળ બને (આંતરિક કે બાહ્ય રોકાણો FDI દ્વારા), કાચા માલની ઉપલબ્ધિ સરળ બને, જમીન અને મહેસૂલના કાયદા સરળ કરવામાં આવે, ક્ષેત્રમાં પારદર્શિતા લાવવામાં આવે જેથી રોકાણનું યોગ્ય વળતર મળે અને વિશ્વાસનું વાતાવરણ પેદા થાય. રીયલ એસ્ટેટ ક્ષેત્રનો રાષ્ટ્રના GDP માં ૭થી ૮%નો હિસ્સો છે અને તેનો વાર્ષિક વૃધ્ધિદર ૧૧%થી પણ વધુ છે. રોજગાર પેદા કરાવવામાં કૃષિ પછી બીજા ક્રમે આવે છે. આવા અનેક પરિબળોનો નિષ્ણાતો દ્વારા અભ્યાસ કરીને તેને અનુરૂપ માળખું (કાયદાના સ્વરૂપમાં) રચાય, તેનો સમયસર અમલ પણ થાય તો ટકાઉ વિકાસ તરફ ગતિ કરી શકાય. તે માટે છેલ્લા ત્રણ ચાર વર્ષથી Real Estate Regulation Act પર સરકાર દ્વારા કાર્યવાહી થઈ રહી હતી અને તેનું પરિણામ તે Real Estate Regulation Act, 2016. સરકારના પક્ષે વિકરાળ સમસ્યા ભ્રષ્ટ તંત્ર દ્વારા કેવી રીતે યોગ્ય અમલીકરણ કરાવવું તે જ હોય.

***Real Estate Regulation & Development Act, 2016 અને Real Estate Regulatory Authority એટલે કે RERA નું માળખું ઉડતી નજરે જોઈએ :***

- **આ કાયદાનો મુખ્ય હેતુ :**

એક એવી સંસ્થાની રચના કરવી કે જે રહેણાંક, ધંધાકીય, ઔદ્યોગિક વગેરે તમામ સ્થાવર સંપત્તિઓ (Real Estate)ની રચનાના ક્ષેત્રમાં સામાન્ય જનના વ્યાપક હિતોની રક્ષા કરશે. આ સંસ્થા Real Estate Regulatory Authority (RERA) દરેકે દરેક રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ તથા તેના પ્રમોટરની નિયમાનુસાર નોંધણી તેમજ તેની પ્રગતિનો અહેવાલ વેબ પોર્ટલ પર પૂરી પારદર્શિતાથી સામાન્ય માણસ માટે અને ખાસ કરીને પ્રોજેક્ટના ગ્રાહક - મેમ્બર માટે ઉપલબ્ધ કરાવશે.

આ ઉપરાંત આ કાયદા અનુસાર રીયલ એસ્ટેટ એપેલેટ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવશે. જે આ ક્ષેત્રના કેસોનો તાત્કાલિક અને જનહિતને ધ્યાનમાં રાખીને નિકાલ કરશે. ઉપરાંત રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા પ્રાપ્ય માહિતી તથા જે તે પ્રોજેક્ટ માટેના ઓર્ડરના અમલીકરણની કાયદાકીય પ્રક્રિયા કરશે. આ કાયદો પસાર થયાના એક વર્ષની અંદર રાજ્ય સ્તરે ઓથોરીટી અને વેબ પોર્ટલની રચનાનું કાર્ય પૂર્ણ થઈ જવું જોઈશે. નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નજીકના નાના કે મોટા રાજ્ય સાથે જોડાવાનો વિકલ્પ ખુલ્લો રહેશે.

***કાયદાની જોગવાઈ મુજબ આ ક્ષેત્રના હિત ધરાવતા દરેક પક્ષકારોની જવાબદારીઓ અને અધિકારો અહીં સંક્ષિપ્તમાં રજૂ***

*કરેલ છે :*

જે પ્રોજેક્ટમાં મિલ્કતોનું સર્જન કરીને માર્કેટમાં વેચાણ કરવાનું હોય તેવા દરેક પ્રોજેક્ટનું RERA માં રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. તેના પ્રમોટર્સે પ્રોજેક્ટની તથા પોતાની બધી જ જરૂરી વિગતો RERA ની વેબસાઈટ ઉપર પોતાને મળેલા Login ID અને પાસવર્ડ દ્વારા અપલોડ કરી જાહેર કરવાની રહેશે. આ વિગતોમાં જમીનની હાલની સ્થિતિ, પ્રોજેક્ટના પ્લાન - સ્પેસીફિકેશન, મંજૂરીની કાર્યવાહી, પ્રોજેક્ટનું સમયપત્રક, ગ્રાહકને મળવાપાત્ર દરેક બાબતોની ઝીણામાં ઝીણી વિગતો, દરેક વેચાણ એકમનું કારપેટ એરિયા પ્રમાણેનું માપ (વેચાણ માટે તે જ માન્ય ગણાશે.)

આ ઉપરાંત પ્રમોટરની બધી જ વિગતો (ફોટા સાથે), ભૂતકાળના પાંચ વર્ષમાં કમ્પ્લીટ કરેલ પ્રોજેક્ટ્સની વિગતો, બેંક ખાતાની વિગતો વગેરે રાખવું પડશે. પ્રોજેક્ટના જુદા જુદા કન્સલ્ટન્ટ, આર્કિટેક્ટ, એન્જિનિયરની વિગત વેબસાઈટ ઉપર મુકવાની રહેશે. માર્કેટિંગ માટેના બ્રોશર, મેમ્બર સાથેના કરારો, એલોટમેન્ટ લેટર વગેરે પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવું પડશે.

૫૦૦ મીટરથી ઓછા બાંધકામનો પ્રોજેક્ટ કે ૮ કે તેથી ઓછા એકમવાળો પ્રોજેક્ટ, ઉપરાંત રીનોવેશન, રીપેરીંગ કે રી-ડેવલપમેન્ટ જેમાં વેચાણ, માર્કેટિંગ કે નવું એલોટમેન્ટ ન થતું હોય તેવા પ્રોજેક્ટ રજિસ્ટ્રેશનમાંથી બાકાત રહી શકશે.

પ્રમોટરની અરજીના વધુમાં વધુ એક મહિનાની અંદર RERA એ રજિસ્ટ્રેશન આપી દેવાનું રહેશે. રજિ. નં. Login ID અને Password વગેરે આપવાનું કાર્ય એક મહિનામાં પૂર્ણ ન થાય કે અરજદારને સાંભળીને સબળ કારણ સાથે રીજેક્ટ ન થાય તો તે પ્રોજેક્ટ રજિ. થયેલ ગણાશે અને સાત દિવસમાં ઓથોરીટીએ બધી જ વિધિ પૂરી કરવાની રહેશે. ઓથોરીટી પાસે સબળ કારણો સાથેની કોઈક પ્રામાણિક અરજી આવે કે સુઓમોટો પાસ કરીને પ્રમોટર્સનું રજિસ્ટ્રેશન કેન્સલ થઈ શકે છે. કેન્સલ થયેલ રજિ. વાળો પ્રોજેક્ટ મેમ્બર્સ એસોસિએશન કે બીજા કોઈ પ્રમોટરને સોંપવા માટે RERA ના અધિકારી નિર્ણય લેશે. આ ઉપરાંત આગળ જણાવ્યા મુજબ બ્રોકર - એસ્ટેટ એજન્ટનું રજિ. અલગથી ફરજિયાત કરવાનું રહેશે અને કાનૂનના દાયરામાં રહીને તેણે પોતાનું કાર્ય કરવાનું રહેશે.

વેબસાઈટ પરની, માર્કેટિંગના બ્રોશરની અને જમીન પરની વાસ્તવિક્તાની બધી જ વિગતો સુસંગત અને ખરી હોવી જોઈશે. દર ત્રણ મહિને તે અપડેટ થવી જોઈશે. પ્રમોટર મિલ્કતના એકમના બુકિંગ વખતે ગ્રાહક પાસેથી ૧૦% કરતાં વધુ રકમ એડવાન્સ પેટે લઈ નહીં શકે. પ્રોજેક્ટના પ્રોગ્રેસ સાથે ગ્રાહકે ચૂકવવાના થતા હપ્તા સમયસર ન ચૂકવાય તો ગ્રાહકે પ્રમોટરને વ્યાજ ચૂકવવું પડશે અને પ્રોજેક્ટનું પઝેશન સમયસર ન આપી શકાય તો પ્રમોટરે ગ્રાહકને વ્યાજ ચૂકવવું પડશે. પ્રમોટરે દરેક પ્રોજેક્ટ માટેનું અલગ બેંક એકાઉન્ટ શીડ્યુલ બેંકમાં રાખવું પડશે. જેમાં પ્રોજેક્ટ પેટે ગ્રાહક પાસેથી મેળવેલ કુલ રકમનો ૭૦% હિસ્સો પ્રોજેક્ટ ખર્ચ (જમીનની કિંમતના હિસ્સા સહિત) પેટે જમા રાખવો પડશે. પ્રોજેક્ટના પ્રોગ્રેસના સર્ટીફિકેટ (આર્કિટેક્ટ, એન્જિનિયર, સી.એ. દ્વારા અપાતા) રજૂ થયેથી આ એકાઉન્ટમાંથી હિસ્સો રીલીઝ થશે. પ્રમોટર્સ પ્રોજેક્ટના કાર્ય દરમ્યાન પ્લાન સ્પેસીફિકેશનમાં કોઈ ફેરફાર કરવા કે પોતાની જવાબદારીઓ બીજાને સોંપવા માટે નોંધાયેલ મેમ્બર્સમાંથી બે તૃતિયાંશ મેમ્બરોની અને ઓથોરીટીની સંમતિ મેળવવી પડશે. આ ઉપરાંત પ્રમોટરે પ્રોજેક્ટના કામકાજ દરમ્યાન લેવા પડતા બધા જ ઈન્સ્યોરન્સ અને તેના પ્રીમિયમની જવાબદારી નિભાવવાની રહેશે. જ્યાં સુધી મિલ્કતનું મેમ્બરને અને મેમ્બર્સના એસોસિએશનને હસ્તાંતરણ ન થાય ત્યાં સુધી, મિલ્કતનો વેચાણ દસ્તાવેજ તથા મિલ્કતનું વપરાશનું પ્રમાણપત્ર પ્રમોટરની જવાબદારીમાં આવશે.

પ્રમોટર પોતાની આ બધી જવાબદારીઓ કે તેનો ભાગ સંભાળવામાં પોતાની ભૂલોને (જમીનનું ખામીયુક્ત ટાઈટલ સહિત) કારણે નિષ્ફળ જાય તો અને મેમ્બર પોતાની મેમ્બરશીપ કેન્સલ કરાવવા ઈચ્છે તો ચૂકવેલ રકમ વ્યાજ સહિત અને ઓથોરીટીએ ઠરાવેલ વળતર સહિત પ્રમોટરે મેમ્બરને ચૂકવવું પડશે. મેમ્બર મોડા પડતાં સમયપત્રકમાં પણ ચાલુ રહેવા ઈચ્છે તો યોગ્ય વ્યાજ પ્રમોટર તરફથી મેળવવાને હક્કદાર છે. આ ઉપરાંત મેમ્બરે પણ મેમ્બર બનતી વખતે પ્રોજેક્ટની બધી જ વિગતો – પ્લાન, સ્પેસીફિકેશન, કરારો અને વિવિધ ચાર્જિસ સમજીને તે નિયમ મુજબ ચૂકવવા પડશે અને મોડા પડે ત્યારે વ્યાજ ચૂકવવું પડશે.

Real Estate Regulatory Authority (RERA) નું માળખું, તેના પ્રમુખ, સભ્યો વગેરેની લાયકાત, તેમની મુદત, તેમના પગાર-ભથ્થાના ધોરણ, વહીવટી સત્તાઓ, કાર્યાલયનો સ્ટાફ, મીટિંગો, ફરિયાદો અને તેનું નિવારણ વગેરે તમામ બાબતોનું કાયદામાં ઝીણવટભર્યું માર્ગદર્શન છે. ઉપરાંત વિવિધ કાર્યક્રમો, કાર્યો અને પોલિસીને લગતા નિર્ણયો દ્વારા રીયલ એસ્ટેટ સેક્ટરને બળ મળે તેમ કરવાના ધ્યેયોનું પણ અહીં વર્ણન કરેલ છે. માર્કેટમાંથી મળેલ તમામ માહિતી અને તેનું એનાલિસીસ કરીને સરકારોને પોલિસી મુદ્દે જાગરુક કરવા અને સલાહ સૂચનો આપવાની પણ ફરજ છે.

સૌથી અગત્યનો અને પાયાનો ધ્યેય અને ઉદ્દેશ આ ઓથોરીટીના એ છે કે રીયલ એસ્ટેટ ક્ષેત્રના તમામ પ્રોજેક્ટ્સ, તેના પ્રમોટર્સની નોંધણી, તેની તમામ ઝીણામાં ઝીણી માહિતી અને તે છેલ્લામાં છેલ્લી સુધારેલી હોય તેવી એકત્ર કરવી, વેબસાઈટ પર સામાન્યજનને તેમજ રોકાણકારોને ઉપલબ્ધ કરાવવી અને સંપૂર્ણ પારદર્શિતાથી ગ્રાહક અને વેપારી વચ્ચેના સંબંધોને તંદુરસ્ત અને સંવાદિતાપૂર્ણ બનાવવા, તેમની વચ્ચેની તકરારો અને ફરિયાદોનો યોગ્ય રીતે નિકાલ કરવો, મુળભૂત રીતે સંપૂર્ણપણે ગ્રાહકલક્ષી, સામાન્યજનના વ્યાપક હિતમાં અને તે રીતે સમાજના હિતમાં કાર્ય કરશે. જેમાં વેપારીનું અન્યાયી રીતે અહિત ન થાય તે પણ જોવાનું રહેશે. આ માટે તેને સચોટ અને સત્ય માહિતી મેળવવા સંશોધનાત્મક કાર્ય કરવાની તથા તે માટેના જરૂરી ઓર્ડર ઇસ્યુ કરવાની, તેની પર કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવી છે. જવાબદાર વ્યક્તિ કે પક્ષને પેનલ્ટી, વ્યાજ કે વળતર માટે જરૂરી ઑર્ડર કરી, તે વસુલવાની સત્તા આપવામાં આવી છે. પોતાના જ ઑર્ડરમાં ખામી જણાય - જરૂરી સંશોધન કે માહિતી મેળવ્યા બાદ - તો બે વર્ષની અંદર તે તેમાં ફેરફાર પણ કરી શકે છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા એક સેન્ટ્રલ ઍડવાઇઝરી કાઉન્સિલની રચના કરવામાં આવશે, જે આ કાયદાને લાગુ પાડવા માટે, ઓથોરીટીની રચના કરાવવા માટે પોલિસીને લગતા તમામ મુદ્દાઓની ચર્ચા વિચારણા અને નિર્ણયો લેવા, વ્યાપકપણે સામાન્યજનના હિતમાં જે જરૂરી હોય તે મુજબના કાર્યો કરાવવા માટે ગાઈડલાઈન આપશે તથા દેખરેખ રાખશે.

આપણા દેશમાં સૌથી મોટું અવરોધક પરિબળ ન્યાયની પ્રક્રિયામાં થતો વિલંબ છે. આ કાયદા અંતર્ગત એક સ્પેશિયલ કોર્ટ — રીયલ એસ્ટેટ એપેલેટ ટ્રીબ્યુનલની રચના કરવામાં આવશે. અહીં આ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા આ ક્ષેત્રના કેસોને સાંભળીને ઝડપી નિકાલ થાય તથા સમાજના સમય, સંપત્તિ અને જીવન બરબાદ થતાં અટકાવી શકાય તેવો ઉદ્દેશ છે. કાયદામાં આ ટ્રીબ્યુનલની રચના, તેના પ્રમુખ, સભ્યો, કાર્યાલય, પગાર-ભથ્થાનાં ધોરણો, દરેકની મુદતો, અધિકારો અને ફરજો, ફરિયાદ કરવાની સંપૂર્ણ પધ્ધતિ, તેનું અધિકાર ક્ષેત્ર, ઉચ્ચતર અધિકાર ક્ષેત્ર, જૂના કેસોની કાર્યવાહી, વગેરે તમામ બાબતોની વિસ્તૃત જાણકારી આપેલ છે. આ કોર્ટની સત્તામાં પ્રમોટર ન્યાયની પ્રક્રિયામાંથી ગુનેગાર સાબિત થાય તો તેને વધુમાં વધુ ત્રણ વર્ષની જેલની સજા અને / અથવા પ્રોજેક્ટની કિંમતના વધુમાં વધુ ૧૦% સુધીની પેનલ્ટી. જ્યારે મેમ્બર કસુરવાર પુરવાર થાય તો તેને વધુમાં વધુ એક વર્ષની જેલની સજા અને / અથવા ચૂકવવાપાત્ર રકમના ૫% સુધીની પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવેલ છે. અંતે ફાઇનલ ઓથોરીટી જે તે સરકારના હાથમાં સોંપવામાં આવેલ છે.

***RERA ની સમગ્ર પ્રક્રિયામાં આ લેખની શરૂઆતમાં રજૂ કરેલ તમામ પક્ષકારોના પ્રશ્નોના જવાબો મળી ગયા હોવા જોઈએ. પરંતુ તેમ સંપૂર્ણપણે થયેલ નથી. કેટલાક પ્રશ્નો હજી નિરુત્તર રહેલ છે અને કેટલાક મુદ્દાઓ છૂટી ગયેલ છે.... તે પણ જોઈએ....***

- ડેવલપર, ગ્રાહક અને એસ્ટેટ એજન્ટની જવાબદારીઓ અને ફરજો વિષે ઘણું બધું કહેવાયું છે. સરકારી તંત્ર - સંસ્થાઓ જે પ્રોજેક્ટની શરૂઆતમાં જમીન સંપાદનથી શરૂ કરીને પ્રોજેક્ટ પૂરો થાય ત્યાં સુધી વધુમાં વધુ ૪૦ જાતની મંજૂરીઓ આપે છે, તેમને માટે કોઈ જ જવાબદારી કે બંધનનો ઉલ્લેખ સુધ્ધાં નથી. પ્રોજેક્ટનું સમયપત્રક ખોરવવામાં તેમની ખૂબ જ મોટી ભૂમિકા છે.
- બ્યુરો ઑફ એનર્જી એફિસીયન્સી દ્વારા ૨૦૦૭માં ECBC (Energy Conservation Building Codes) ની રચના કરવામાં આવી હતી છતાં આજ સુધી તેનો વ્યાપક અમલ કરવાનું માળખું બની શક્યું નથી. વળી RERA દ્વારા સીંગલ વિન્ડો ક્લિયરન્સ ચાલુ કરવાનું ફક્ત સૂચન કરવામાં આવ્યું છે, તેને ફરજિયાતપણે ધ્યેયમાં સામેલ કરવામાં નથી આવ્યું. સીંગલ વિન્ડો ક્લિયરન્સ લાગુ કરીને તેમાં બધું જ સમાવિષ્ટ કેમ ન કરી શકાય?
- હાલ ચાલુ પ્રોજેક્ટ જેમાં મંજૂરીઓનું કાર્ય ચાલુ હોય, સાથે માર્કેટિંગનું કાર્ય પણ ચાલુ હોય અને તેમાં પ્રોજેક્ટ માટે અલગ એકાઉન્ટની વ્યવસ્થા ન થયેલ હોય તેવા પ્રોજેક્ટ માટે વધુ સ્પષ્ટતા થવી જરૂરી છે.
- પ્રોજેક્ટના અલગ એકાઉન્ટ માટે કેન્દ્રની ગાઈડલાઈન પ્રમાણે ૭૦% ફંડ પ્રોજેક્ટ માટે અનામત રાખવું જોઈશે. રાજ્યોને તેમાં ઘટાડો કરવાની છુટ આપેલ છે. પરંતુ ન્યુનતમ મર્યાદા નક્કી થયેલ નથી. તે નક્કી થવી જોઈએ.
- આપણે ત્યાં સામાન્ય જન દ્વારા કાયદાનું ઉલ્લંઘન એક સાહસિકતામાં લેખાય છે. જેને કારણે ટ્રાફિકની, પાર્કિંગની, અકસ્માતોની સમસ્યાઓ તો સર્જાય છે જ પરંતુ ખાનગી પ્રોજેક્ટના સંદર્ભમાં જોઈએ તો લોકોની રહેવા આવ્યા પછી બી.યુ. પરમીશન લીધા પછી પોતાની જ જગ્યામાં અનેક પ્રકારના ગેરકાયદેસર બાંધકામો કરવાની વૃત્તિ વધતી જાય છે. તેને કાયદા દ્વારા કે જન જાગૃતિ, સેમિનાર, વર્કશોપ

દ્વારા નિયંત્રણમાં લાવવાની વ્યવસ્થા કેમ ન થઈ શકે, કે પછી સરકારની પણ અહીં લાચારી જ માલુમ પડે છે? પ્રમોટરના ભાગે કોઈક પ્રકારની ફરજીયાત જવાબદારીનું માળખું RERA દ્વારા કેમ ન ઘડી શકાય?

- ઈન્કમટેક્ષના કાયદાની અંદર CSR (Corporate Social Responsibility) જેવું એક પ્રાવધાન છે જે મોટી કંપનીઓને પોતાની સામાજિક જવાબદારીઓ, સમાજ કલ્યાણના કાર્યો કરવાની ફરજ પાડતું કાયદાનું સ્વરૂપ છે. રીયલ એસ્ટેટના કાયદામાં ગ્રાહકના હિતને ધ્યાનમાં રાખીને ઘણું બધું કરવામાં આવ્યું છે. ડેવલપરે બાંધકામના સ્પેસીફિકેશન અને ગુણવત્તા આપવાનો દાવો કરેલ હોય તે મુજબ જ ગ્રાહકને મળે તે જોવામાં આવે છે. ડેવલપરના કાચા માલ તરીકે ઘણો બધો ભાગ માનવશ્રમનો પણ છે. આપણા દેશમાં રોજગાર ઉપલબ્ધ કરાવનાર સૌથી મોટા ક્ષેત્ર કૃષિ પછી રીયલ એસ્ટેટ બીજા નંબરે આવે છે. આ શ્રમજીવી વર્ગ મોટેભાગે ગરીબ, ભૂમિહીન, ઘરબાર વિહીન હોય છે. તેઓ પોતાનું કે પોતાના કુટુંબ પૂરતું ભરણપોષણ પણ કરી શકતા નથી. તેમના દ્વારા કરાતો શ્રમ ઢસરડા જેવો - ગુણવત્તાવિહીન હોય છે (કૂવામાં હોય તો હવાડામાં આવે ને?). સ્કીલ્ડ લેબર એટલે કે મેસન, કારપેન્ટર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન વગેરેની સ્કીલની ગુણવત્તા જાળવી શકાતી નથી કારણકે લેબરના પેટનો ખાડો ક્યારેય પુરાતો જ નથી. આ માટે બિલ્ડિંગ કામના લેબરના વેલફેર - તેમનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે આ ક્ષેત્રના ડેવલપર્સના ભાગમાં ઘણી બધી પ્રવૃત્તિઓ નાખવી જોઈએ. તેમની સ્કીલને વિકસાવવા માટેના ખાસ વર્કશોપનું આયોજન થવું જોઈએ અને તે માટે RERA ના ધ્યેયો અને કાર્યોમાં પ્રાવધાન કરી શકાય. અંતે આ કાર્ય પણ ગ્રાહકલક્ષી જ છે અને સાથે સમાજના નબળા વર્ગના ઉત્થાનનું પણ છે.

અત્યાર સુધી આપણે ગ્રાહકના હિતની ઘણી બધી — બલકે બધી જ વાતો ગ્રાહકના હિતની જ કરી. પરિણામની વાત કરીએ તો....? શું ખરેખર નવા પ્રોજેક્ટમાં ગ્રાહકનું હિત થશે ખરું? સાચી વાત તો એ છે કે આવનારો સમય જ બધું કહેશે પરંતુ એવું ધારી શકાય કે જો કાયદાનો સારી રીતે અમલ થઈ શકશે તો ગ્રાહક માટે સારો સમય આવશે. પારદર્શિતાને કારણે ગ્રાહક શું મેળવે છે તે વધારે સ્પષ્ટપણે જાણી શકશે. તે સમયપત્રક પ્રમાણે આયોજન કરી શકશે. ગુણવત્તા અને સમયપાલન માટે ડેવલપરની વિશ્વસનીયતા સ્થાપિત થઈ શકશે. આ બધું ગ્રાહકને મફતમાં નહીં મળે. તેણે તેની વધુ કિંમત ચૂકવવી પડશે. ડેવલપર ફંડ મેળવવા પહેલાની જેમ ખાનગી સ્રોતો કે વ્યવસ્થાઓ પર ઓછો આધાર રાખી શકશે. વધુ પારદર્શિતા અને કાયદેસરતા ફંડની વ્યવસ્થામાં પણ લાવવી પડશે. પ્રોજેક્ટ પૂરો કરવા સુધીના આર્થિક રોકાણો, વ્યાજનું ભારણ વગેરે મુદ્દાઓ પણ મિલ્કતોના ભાવ વધારાના કારણો બનશે. આ ઉપરાંત કારપેટ એરિયા મુજબ વેચાણ માટેના ભાવ નક્કી કરવા બધું જ ફરીથી ગણતરી કરવાની અને શહેર તથા વિસ્તાર મુજબ નવા આયામો સ્થાપિત કરવાની કવાયત માંગી લેશે. ***ટૂંકમાં મિલ્કતના ભાવો વધશે.***

છેલ્લે એક વાત કહેવી જરૂરી છે. વિશ્વના અનેક વિકસિત અને વિકાસશીલ દેશોમાં RERA જેવી સંસ્થા કાર્યરત છે જ અને વિશ્વ વિકાસની સાથે કદમ મિલાવવા માટે તે અનિવાર્ય છે. પારદર્શિતાથી જ વિશ્વસનીયતા આવે છે. વિશ્વસનીયતાથી જ રોકાણો (Local & FDI) વધે છે અને રોકાણો વધવાથી જ વિકાસ વધે છે. તે વિકાસ સ્થાયી બને તે જોવાની આપણી બધાની ફરજ છે જ.

*૧૦૧૫, સ્પાન ટ્રેડ સેન્ટર, એલિસબ્રિજ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૪૨૬૦ ૮૦૫૬૫*

## હોસ્ટેલમાં જતી ટીનએઇજ દીકરીને પિતાનો પત્ર

**(અનુસંધાન : પાના નં.-૭૧ ઉપરથી ચાલુ)**

નિષ્ફળતા ક્યારેય અંત નથી. નિષ્ફળતા આપણને પહેલા કરતા વધારે સમજદારીપૂર્વક, પહેલાની ભૂલો સુધારીને અને નવા આત્મવિશ્વાસ સાથે કામ ફરીથી શરૂ કરવાની તક આપે છે.

છેલ્લી વાત બેટા. ઉપરની બધી જ વાતો તું માનીશ તો પણ તારા બધા જ સપના તો જ પૂરા થશે જો તારી તંદુરસ્તીનું તેં પૂરતું ધ્યાન રાખ્યું હશે! શરીર નાદુરસ્ત હોય તે વ્યક્તિઓએ હંમેશાં બીજા પર આધાર રાખવો પડતો હોય છે. જીવનનો રસ્તો ત્યારે જ સરળ રહેશે જો તું શારીરિક અને માનસિક રીતે સક્ષમ રહીશ. આપણે આપણા કાર્યમાં લાંબો રસ્તો પસાર કરવો હોય, બધા જ ક્ષેત્રમાં નિપુણતા મેળવવી હોય તો જરૂરી ઊંઘ, પ્રવાહી, ખોરાક, કસરત પર ધ્યાન આપવું જ પડશે. આ કામ આપણો વધુ સમય લેતું નથી પણ યાદ કરીને અને નિયમિતતાથી જરૂરી વિટામિનોની દવા કે ખોરાકમાં જરૂરી ફેરફાર કરવા. ગમે તેટલા કાર્યબોજમાં પણ થોડો સમય ફાળવી શરીરને જરૂરી કામો કરીએ તો આપણે આપણા કામો આનંદિત રહી પૂરા કરી શકીશું. આપણું શરીર સાચવવા લોકોની દૃષ્ટિએ ક્યારેક થોડા સ્વાર્થી પણ બનવું પડે.

ચાલ બેટા, આ સાથે પત્ર પૂરો કરું છું. પત્રમાં લખેલું બધું જ નહીં, પણ ૭૦% પણ તું અનુસરીશ તો દૂર રહીને પણ અજ્ઞાતપણે હું શાંતિ અનુભવી શકીશ.''

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ, મેમનગર, અમદાવાદ.*
*ફોન : (રહે.) ૨૭૪૧૨૫૬૫, મો. ૯૮૯૮૦૦૧૫૬૬*

સ્વાસ્થ્ય

# ડર (Phobia) – ૧

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

**૧.** ડબલ ગ્રેજ્યુએટ, એમ.બી.એ. (MBA)ની ડિગ્રી ધરાવનાર મલ્ટી નેશનલ કંપનીના ઉચ્ચ હોદ્દા પર નોકરી કરનાર ૪૭ વર્ષના નરેન્દ્રને (નામ બદલ્યું છે) લીફ્ટમાં જવાનો ખૂબ જ ડર લાગતો હતો. લીફ્ટને જોઈને જ ગભરામણ થતી હતી, ડર લાગતો હતો. લીફ્ટથી દૂર થતાં બધું નોર્મલ થઈ જતું. ઓફિસ આઠમા માળે હતી. ઓફિસમાં જવા માટે આઠ દાદરા ચડીને જતા તથા ઉતરતી વખતે પણ આઠ દાદરા ઉતરતા હતા.

*શું આ બીમારી છે? શું નરેન્દ્રને સારવારની જરૂરત છે?*

**૨.** ૩૯ વર્ષના માર્કેટિંગ એક્ઝીક્યુટીવ પ્રવીણને (નામ બદલ્યું છે) નોકરીની એક સારી તક મળતી હતી. જેમાં ભવિષ્યમાં કંપનીના ડાયરેક્ટર સુધી પહોંચવાની તક હતી. નોકરીમાં પ્રવીણને ઘણી વખત બહારગામ જવું પડે એમ હતું તથા રાત્રે, કંપનીના ખર્ચે હોટેલમાં રહેવું પડે એમ હતું. પ્રવીણને રાત્રે એકલા રહેવાનો ભયંકર ડર લાગતો હતો. બહારગામ રાત્રે એકલા રહેવાના વિચારથી જ પ્રવીણના હૃદયના ધબકારા વધી જતા હતા, પરસેવો થઈ આવતો હતો. આ કારણથી નોકરીની સોનેરી તક પ્રવીણે ગુમાવવી પડી.

*શું પ્રવીણને બીમારી છે? શું પ્રવીણને સારવારની જરૂરત છે?*

**3.** ૩૫ વર્ષની નીશાને (નામ બદલ્યું છે) બંધ જગ્યાઓમાં (Closed spaces) જવાનો ભયંકર ડર લાગતો હતો. છેલ્લા ૧૫ વર્ષમાં થિયેટરમાં એકેય ફિલ્મ (Movie) જોઈ ન હતી. નીશાના પતિ નિખિલને થિયેટરમાં ફિલ્મ જોવાનો અતિશય શોખ હતો. લગ્ન પહેલાં, જે દિવસે નવી ફિલ્મ થિયેટરમાં આવી હોય એ જ દિવસે નિખિલ ફિલ્મ જોઈ આવતો. લગ્ન બાદ નિખિલ - નીશા ફિલ્મ જોવા સાથે ગયા. અડધા કલાકમાં જ નીશાને ગભરામણ થવા માંડી, શ્વાસ રુંધાવા લાગ્યો, અસ્વસ્થતા થવા લાગી, હમણાં જ કાંઈક થઈ જશે એવું થવા માંડ્યું. તરત જ ફિલ્મ અધવચ્ચેથી છોડી થિયેટરની બહાર નીકળી જવું પડ્યું. ૧૦ વર્ષના લગ્ન જીવનમાં પતિ-પત્નીએ ત્યારબાદ સાથે થિયેટરમાં ફિલ્મ જોઇ નથી.

*શું નીશા બીમારીથી પીડાય છે? શું સારવારની જરૂરત છે?*

**૪.** જયશ્રીને (ઉંમર ૫૪ વર્ષ) (નામ બદલ્યું છે) નાની ઉંમરે આંખમાં મોતિયો થયો હતો. આંખના ડોક્ટરે એકાદ વર્ષ પહેલા મોતિયા માટે ઑપરેશનની સલાહ આપી હતી. જયશ્રીને ઑપરેશનનો ખૂબ ડર લાગતો હતો એટલે ઑપરેશનની ના પાડતી હતી. આંખના ડૉક્ટરે હવે ઑપરેશન જલ્દી કરાવવાની સલાહ આપી. ફેમિલીના દબાણથી જયશ્રી ઑપરેશન માટે રાજી થઈ. ઑપરેશનની આગલી રાતે ઊંઘ ન આવી. ઑપરેશનના દિવસે સવારના બ્લડ પ્રેશર ખૂબ જ વધી ગયું. ડૉક્ટરને ઑપરેશનને મુલત્વી રાખવું પડ્યું. મહિના પછી ફરી ઑપરેશન નક્કી કર્યું. બીજી વખત પણ રાતે ઊંઘ ન આવી. બ્લડપ્રેશર વધી ગયું. ઑપરેશન ફરી મુલત્વી રાખવું પડ્યું.

*શું જયશ્રી બીમારીથી પીડાય છે? શું સારવારની અલગથી જરૂરત છે? ઑપરેશન કેવી રીતે કરવું?*

● **ડરની બીમારી (Phobia - Phobic Disorder) :**

વિશ્વ આરોગ્ય સંસ્થાના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ પુસ્તક ICD-10 તથા અમેરિકન સાઇકિયાટ્રીક એસોસિએશનના પુસ્તક DSM-5 માં ડરની બીમારી (Phobic Disorder) વિષે ઊંડાણમાં વર્ણન કર્યું છે, જે નીચે મુજબ છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો વ્યક્તિને ભયંકર ડર લાગે છે. સામાન્ય વ્યક્તિને લાગે તેનાથી આ ડર ઘણો જ વધારે હોય છે.

૨. વ્યક્તિ એ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી હંમેશાં દૂર ભાગે છે. એનો સામનો કરતા નથી.

૩. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી દૂર ન ભાગી શકાય તથા સામનો કરવો પડે તો વ્યક્તિ નર્વસ થઈ જાય છે, ગભરામણ થવા લાગે છે, હૃદયના ધબકારા વધી જાય છે, અતિશય પરસેવો થાય છે, એરકંડિશન જગ્યામાં પણ પરસેવો થાય છે, હમણાં જ મરી જવાશે એવું લાગ્યા કરે છે, શ્વાસ રૂંધાય છે.

વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી દૂર થતાં ઉપરોક્ત લક્ષણો દૂર થાય છે.

૪. વ્યક્તિની પ્રતિક્રિયા એના કાબૂમાં નથી. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતો નથી.

૫. યોગ્ય નિદાન કરી ત્વરીત સારવાર કરવાથી વ્યક્તિ નોર્મલ થઈ શકે છે.

૬. સારવાર બાદ વ્યક્તિ એ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો અન્ય નોર્મલ વ્યક્તિ પ્રમાણે સામનો કરી શકે છે.

- **ઉપરોક્ત કિસ્સાઓમાં સારવાર બાદ પરિણામ (Follow up) :**

૧. નરેન્દ્ર હવે ઓફિસમાં લીફટમાં જાય છે. એને કોઈ તકલીફ થતી નથી.

૨. પ્રવીણે બીજી નોકરી સ્વીકારી છે. આ નોકરીમાં એને મહિનામાં બે વખત બહારગામ હોટલમાં રાત વિતાવવી પડે છે. પ્રવીણને તકલીફ થતી નથી. પત્ની ખૂબ રાજી છે.

૩. નીશા - નિખિલ સાથે થિયેટરમાં ફિલ્મ જોઈ આવ્યા. બંનેને ખૂબ જ મજા પડી. નીશા - નિખિલે ત્રણ મહિનામાં ત્રણ ફિલ્મ થિયેટરમાં જોઈ.

૪. જયશ્રીની આંખનું ઑપરેશન વ્યવસ્થિત રીતે થઈ ગયું. છ મહિના બાદ બીજી આંખમાં જે મોતિયો હતો એનું પણ ઑપરેશન નિર્વિઘ્ને થઈ ગયું. જયશ્રી તથા કુટુંબીઓ રાજી છે.

- **નોર્મલ ડર તથા ડરની બીમારી :**

નીચે ટેબલમાં નોર્મલ સામાન્ય ડરની સરખામણી ડરની બીમારી જોડે કરેલ છે.

| સામાન્ય ડર | ડરની બીમારી |
|---|---|
| ૧. વિમાનમાં મુસાફરી કરતી વખતે વિમાન પવન કે વાદળામાંથી પસાર થાય ત્યારે થોડોક ડર કે ચિંતા થાય છે. | ૧. વ્યક્તિ ડરને લીધે વિમાનમાં મુસાફરી કરવાનું સદંતર બંધ કરી દે છે. |
| ૨. ઊંચી બિલ્ડિંગ કે છત પરથી નીચે જોતી વખતે મનમાં થોડોક ડર લાગે છે. કાંઈક થાય છે. | ૨. ઊંચી બિલ્ડિંગમાં ૧૫મા માળે ઓફિસ હોય એવી કંપનીમાં ઉચ્ચ હોદ્દાની નોકરી વ્યક્તિ ડરને લીધે નકારે છે. |
| ૩. જંગલી પશુ (સિંહ, વાઘ)ને જોઈને ડર લાગે છે. | ૩. પાળેલા કૂતરાને લીધે નજીકના સંબંધીને ત્યાં ડરને લીધે ન જવું, સુંદર ગાર્ડનમાં પશુને લીધે ન જવું. |
| ૪. લોહી, એક્સિડન્ટ જોઈને ડર લાગવો. | ૪. લોહીની તપાસ કે અન્ય સારવાર ડરને લીધે ન કરાવવી. |

- **ડરની બીમારીનું નિદાન :**

નીચેના મુદ્દાઓ લક્ષમાં લઈ ડરની બીમારીનું નિદાન કરાય છે :

૧. વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુનો ડર સામાન્યથી ખૂબ જ વધારે હોય.

૨. વ્યક્તિ વસ્તુ, પરિસ્થિતિ કે જીવજંતુથી કોઈપણ હિસાબે દૂર ભાગે.

૩. સામાન્ય જિંદગી જીવવા માટે પરાણે, ડરને લીધે બાંધછોડ કરવી પડે.

૪. ડરને લીધે ગુણવત્તાભર્યું જીવન જીવી ન શકાય.

- **ડરનું વર્ગીકરણ :**

★ ***પરિસ્થિતિજન્ય :*** વિમાનમાં મુસાફરી, ટ્રેનમાં મુસાફરી, બોગદામાંથી વાહન પસાર થાય ત્યારે, સ્પીડમાં ચાલતા વાહનમાં મુસાફરી, ઊંચાઈ, બંધ જગ્યા, લીફ્ટ, થિયેટર.

★ ***જીવજંતુજન્ય :*** ઉંદર, વંદા, સાપ, કરોળિયા, કૂતરા.

★ ***નૈસર્ગિક :*** પાણી, અંધારું, જોરદાર પવન.

★ ***લોહી, બીમારી સંબંધી :*** લોહી, એક્સિડન્ટ, ઈન્જેક્શન, વૈદ્યકીય તપાસ, બીમારીઓ – કેન્સર, એચ.આઈ.વી., ડાયાબિટીસ, મરણનો ડર, શબનો ડર (Dead body).

હવે પછીના લેખમાં ડરની બીમારીમાં મગજના અવયવોમાં થતા ફેરફારો, બીમારીના અન્ય લક્ષણો તથા સારવાર વિષે જાણકારી મેળવીશું.

***(ક્રમશઃ)***

*બે વાર માપો અને એક વાર કાપો.*
*બે વાર વિચારો અને એક વાર ઉચ્ચારો.*

INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
૨-૩, સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં,
હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (શોરૂમ) ૦૨૮૩૨-૨૨૦૯૦૯, ૨૫૫૯૭૭ (ઘર) ૦૨૮૩૨-૨૫૦ ૫૬૫, ૨૨૩૯૦૯

હરખચંદ કુંવરજી સાવલા
પ્લોટ - ૭૪, સેકટર-૧૯, ગાંધીનગર-૩૮૨૪૧૯
(મો.) : ૯૯૦૪૨ ૯૨૦૫૦
Email : hksavla@yahoo.com


Nine out of TEN
people believe their workspace quality affects attitudes and increases productivity.
Get Smart,
Switch to SUJAKO today
Partition System
Workstations
Cabin Furniture
Customised Furniture
Modular Kitchen
Wardrobe
SUJAKO
www.sujako.com

BLUE EYE
YOUR SPY EYE
ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
CHINA • INDIA • KENYA
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

Navinbhai Patel
Director
Mob. : 9825034905
Ramjibhai Patel
Ratanshibhai Patel
PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

sanskrut
JEWEL RESIDENCY
CREATING ECSTASY WITH LUXURY
4 B H K
PROJECT BY :
sanskrut
JEWEL RESIDENCY LLP
Contact :
Nilang Vaidya - +91 98250 22503
Ankit Savla - +91 96246 60007
Ashok Savla - +91 98790 06959
SITE ADDRESS :
Jewel Residency, OPP: Abhishree corporate park,
Nr. Shell Petrol Pump, Ambli BRTS Road, Ahmedabad.
Web : www.sanskrutgroup.co.in | E-Mail : sales@sanskrutgroup.co.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara)

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
|| જય જલારામ ||
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

# પ્રોટીન્સ

● દિલીપ મ. વૈશ્નવ ●

સ્વસ્થ જીવન માટે સ્વચ્છ અને પૌષ્ટીક આહાર ખૂબ જ જરૂરી છે. આ સંદર્ભમાં Food and Nutrition વિજ્ઞાન છે. આજના સમયમાં બદલાયેલી જીવનશૈલીમાં આહારશૈલી પણ વિષમ બનતી જાય છે. જેથી આપણે સ્વચ્છ અને પૌષ્ટીક આહારમાંથી મળતા અમૂલ્ય પોષકતત્ત્વો મેળવી શકતા નથી. પરિણામે શરીરની રોગઅવરોધક શક્તિમાં ઘટાડો થતો જાય છે અને તેથી આપણને ઘણા રોગોનો સામનો કરવો પડે છે.

પોષક તત્ત્વોથી ભરપૂર ખોરાક આપણા શરીરની વૃદ્ધિ અને વિકાસ તેમજ અનેક પ્રકારના જૈવિક કાર્યો કરી આપની તંદુરસ્તીની કાળજી લઈ, રોગપ્રતિકારક શક્તિને ટકાવી રાખી માંદગીથી દૂર રાખે છે. પોષણક્ષમ ખોરાકના બે પ્રકારો છે : (૧) વનસ્પતિજન્ય એટલે શાકભાજી, ફળો અને અનાજ. (૨) માંસાહારી એટલે માંસ, ઈંડાં, માછલી, લીવર, મરઘી, ઉપરાંત દૂધ, દહીં અને બીજા ડેરી પ્રોડક્ટ્સ.

સત્ત્વશીલ ખોરાકના પ્રમુખ ઘટકો છે : પ્રોટીન્સ, કાર્બોહાઈડ્રેટ્સ અને ચરબી (FAT). જે આપણને ઊર્જા આપે છે. ખોરાકમાં બીજા તત્ત્વો છે : વિટામિન્સ (પ્રજીવકો) અને મિનરલ્સ (ક્ષારીય તત્ત્વો). આ વિટામિન્સ અને ખનીજ તત્ત્વો શરીરમાં ચયાપચયની કામગીરી અસરકારક અને અવિરત કરે છે અને વળી શરીરમાં અનેક પ્રકારના જૈવિક કાર્યો કરે છે અને શરીરના સ્વાસ્થ્યને જાળવે છે. મિનરલ્સ અને વિટામિનોની વિગતવાર વાતો 'કચ્છશ્રુતિ'માં કરી છે.

પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ અને ફેટ મેક્રોન્યુટ્રીયન્ટ્સ છે. જેનો માપ ગ્રામમાં છે. જ્યારે વિટામિન્સ અને મિનરલ્સ માઈક્રો ન્યુટ્રીયન્ટ્સ છે, જે ખોરાકમાં સૂક્ષ્મ પ્રમાણમાં છે તેથી તેનો માપ મિલીગ્રામમાં છે.

ઉપર જણાવેલા ખાદ્ય પદાર્થોમાં રહેલા ત્રણ પ્રમુખ ઘટકો (પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ અને ચરબી) છે, જે શક્તિના ઉપાર્જન માટે નીચેનું પ્રમાણ ધરાવે છે :

| | |
|---|---|
| પ્રોટીન્સ | : ૭થી ૧૫% |
| કાર્બોહાઈડ્રેટ્સ | : ૧૦થી ૩૦% |
| ચરબી | : ૬૦થી ૮૦% |

આપણા ખોરાકમાં રહેલા બધા જ પોષક તત્ત્વો રાસાયણિક પદાર્થો છે. ઓર્ગેનિક અને ઇન ઓર્ગેનિક અને ખોરાકમાં એક કરતાં અનેક પોષક તત્ત્વો વિષે જાણીએ.

પ્રોટીન શબ્દ ગ્રીક શબ્દ "proteios" પ્રોટીઓસમાંથી ઉદ્‌ભવ્યો છે. પ્રોટીઓસનો મુખ્ય અર્થ થાય – મુખ્ય (primary) એટલે પ્રોટીન આપણાં ખોરાકનો મુખ્ય ઘટક છે. શરીરને શક્તિ આપવાનું કામ ગૌણ છે. પ્રોટીનનું મુખ્ય કામ તો શરીરનો બાંધો તૈયાર કરવાનો, તેની માવજત અને સમારકામ કરવાનું છે.

જોન કેજલડાહી નામના રસાયણશાસ્ત્રીએ ૧૮૪૯માં પ્રોટીનની શોધ અંગેનો પાયો નાખ્યો. ૧૦ વિજ્ઞાનીએ પ્રોટીનને સંપૂર્ણ સમજવામાં આશરે દોઢ સદી જેટલો સમય લીધો. ૧૯મી સદીમાં ઘણા સંશોધનો થયા. ત્રણ વિજ્ઞાનીને નોબલ પ્રાઈઝ મળ્યા. એક વિજ્ઞાનીને એક વાર, બીજાને બે વાર અને ત્રીજાને ચાર વાર નોબલ પ્રાઈઝ મળ્યા હતા.

પ્રોટીન એક જટીલ નાઈટ્રોજનયુક્ત રાસાયણિક પદાર્થ છે. જેના બંધારણમાં મુખ્ય નાઈટ્રોજન છે અને તેની સાથે કાર્બન, ઑક્સિજન અને સલ્ફર છે. પણ આ સૌનું પ્રમાણ એકસરખું નથી. પ્રોટીનમાં લોહતત્ત્વ, ફોસ્ફરસ અને અન્ય તત્ત્વો પણ રહેલા છે. પ્રોટીનમાં એસિડ્સ પણ છે. આ એસિડ્સ એટલે એમિનો એસિડ્સ છે. ૨૦ જેટલા એમિનો એસિડ્સ છે, જેમાંથી નવ જેટલા મહત્ત્વના છે. સરળ રીતે સમજીએ તો પ્રોટીનના પાંચ પ્રકાર છે : (૧) આલ્બ્યુમીન (ઈંડાં), (૨) માયોસીન (માંસ), (૩) ગ્લુટોન (ઘઉં), (૪) લેગ્યુમીન (કઠોળ) અને (૫) ટ્યુબીન (શાક)માં.

યાદ રાખો કે પ્રોટીનનો સંગ્રહ શરીરમાં થતો નથી પણ કાર્બોહાઈડ્રેટ્સ અને ચરબીનો સંગ્રહ શરીરમાં થાય છે.

પ્રોટીનયુક્ત ખોરાક જઠરમાં ગયા બાદ પ્રવાહીમાં ફેરવાય છે. આ પ્રોટીન આંતરડામાં જાય, જ્યાં પ્રોટીનનું વિઘટન થઈ એમિનોએસિડમાં પરિવર્તન થાય. લોહી દ્વારા આ એમિનો એસિડ્સ લીવર અને શરીરના બધા જ કોષોને મળે છે અને ફરી પાછું શરીરમાં જ નવું પ્રોટીન તૈયાર થાય છે.

## ● પ્રોટીનના કાર્યો અને ઉપયોગીતા :

ગર્ભસ્થ બાળકથી નવજાત શિશુ અને પછી જીવનની બધી જ અવસ્થા દરમ્યાન પ્રોટીન શરીરને મળવું જ જોઈએ. પ્રોટીનથી શરીરનું ઘડતર થાય, વિકાસ અને વૃધ્ધિ થતી રહે, ઊંચાઈ વધે,

પ્રોટીનથી શરીરને ઘસારો ન પહોંચે, શરીરના કોષો, માંસપેશીઓનું નિર્માણ કરે, પાચકરસો અને આંતઃસ્રાવી રસાયણો બનાવવામાં મદદ કરે છે. માનસિક સંતુલન જાળવે, તેથી મુડ જળવાય, શરીરમાંથી કચરો સાફ કરે, શરીરનું ઓસ્મેટીક પ્રેસર જાળવે, દરેક અવયવો, હાડકાઓ વગેરેનો વિકાસ કરે છે. શરીરમાં થતી તોડફોડને રોકે, જેથી ઘસારો ના થાય. રોગપ્રતિકારક શક્તિનું નિર્માણ કરતું રહે, જેથી શરીરની તંદુરસ્તી સારી રહે અને રોગ ન આવે.

સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રીમાતાઓ, ગર્ભસ્થ બાળક અને નવજાત શિશુઓ અને ઉછરતા બાળકો માટે પ્રોટીન કેટલું અગત્યનું છે, તે ડૉ. આશિષભાઈ ચોક્સી પાસેથી સમજીએ.

★ ગર્ભસ્થ શિશુનો ઉછેર માંના ઉદરમાં થાય છે. તે સમયે આ શિશુના મગજ, કરોડરજ્જુ, સ્નાયુઓ, હાડકાઓ વિ.ના સર્જન અને વિકાસ માટે પ્રોટીન ખૂબ જ જરૂરી છે.

★ જન્મ બાદ માંના અમૃત સમાન દૂધમાંથી પ્રોટીન અને અન્ય પોષકતત્ત્વો મળે છે. આથી બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. ગર્ભસ્થ મહિલાએ તેમજ ધાત્રી માતાએ પોષણક્ષમ ખોરાક આરોગવો જોઈએ. તેથી બાળક પણ શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરે.

- **પ્રોટીનના સ્રોતો :**

***પ્રાણીજ પદાર્થો :*** માંસ, લીવર, માછલી, ઈંડાં, મરઘી તેમજ દૂધ અને તેની બનાવટો પ્રાણીજ પદાર્થોમાં પ્રોટીનની માત્રા ઘણી જ હોય છે.

***વનસ્પતિ પદાર્થો :*** તેલીબિયાં, મગફળી, ઘઉં, મગ, વટાણા, રાજમા, બાજરો, તુવેર, સોયાબિન વિ.

*(ક્રમશઃ)*

*૭/૭, અનિક એપાર્ટમેન્ટ્સ,*
*એલ.જે.કોમર્સ કૉલેજની પાસે, વસ્ત્રાપુર (ગામ),*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૯૯૮૮ ૧૮૨૧૫*

---

*આપણી પાસે જે સમય છે એમાં જ પળે પળે તકના ધબકારા થયા કરે છે અને એનો ઉપયોગ કરતા જ રહેવું જોઈએ.*

---

## વાચકવર્ગ માટે ખાસ

# આપનો પ્રતિભાવ મોકલાવશો.....

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''માં કેટલાક વિભાગો નિયમિતપણે ચલાવવામાં આવે છે અને તેના નેજા હેઠળ દર મહિને જરૂરી વિગતો પ્રસારિત કરવામાં આવે છે.

આ વિભાગો 'કચ્છશ્રુતિ'નો વાચક વર્ગ કેટલા રસથી વાંચે છે અથવા તેના વિશે શું અભિપ્રાય ધરાવે છે તે જાણવા દરેક વિભાગ વિશે વાચકો પોતાનો અભિપ્રાય મોકલી આપે તે હેતુથી 'કચ્છશ્રુતિ'ના મે-૨૦૧૬ના અંકથી ''વાચકોનો અભિપ્રાય'' વિભાગ શરૂ કરવામાં આવે છે.

***આ મહિનામાં વાચકોએ પોતાના અભિપ્રાય નીચે જણાવેલ કોલમ વિશે આપવા અપીલ કરવામાં આવે છે :***

**"શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ"**

આ વિભાગ વિશે વાચકોએ પોતાના અભિપ્રાય, કોમેન્ટ્સ, જરૂરી ફેરફારો વિશે વિસ્તૃતપણે જવાબ લખીને મોકલી આપવાના રહેશે.

વાચકોના પ્રતિભાવો અમને મોડામાં મોડા ૫ જૂન, ૨૦૧૬ સુધી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

દરેકના અભિપ્રાય 'કચ્છશ્રુતિ'ના તે પછીના અંકમાં ટૂંકમાં પ્રસારિત કરવામાં આવશે.

ઉપરોક્ત કોલમ માટે આપશ્રીનો અભિપ્રાય તરતમાં 'કચ્છશ્રુતિ'ના કાર્યાલય એટલે કે સમાજની ઓફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

***– તંત્રી મંડળ***

વાર્તા

# પરાકાષ્ઠા પ્રેમની કે ત્યાગની?

• બલવીરસિંહ જાડેજા •

“વનીતાબેન, તમારી ગભરામણનું કારણ કોઈ અજ્ઞાત ભય છે. જે તમને વારંવાર યાદ આવ્યા કરે છે અને તમે ગભરામણ અનુભવો છો. બોલો, તમે કાંઈ કહેશો તો એનો ઈલાજ થશે. જે તમારા મનમાં હોય તે બોલી નાખો...’ ડૉ. દેસાઈએ વનીતાબેનને સમજાવ્યા.

પુત્ર અનિલ અને પુત્રી મનીષા સાથે સાઈકોલોજિસ્ટ ડૉ. દેસાઈ પાસે આવેલા વિધવા વનીતાબેન ‘ના, એવું કાંઈ નથી’ કહીને અટકી ગયા. એમને બહાર બેસવાનું કહીને, ડૉ. દેસાઈએ બંને ભાઈ-બહેનને જણાવ્યું કે ‘જ્યાં સુધી તમારી મમ્મી એમના મનની વાત નહીં કહે ત્યાં સુધી એમને ગભરામણ, છાતીમાં ભીંસ કે મુંઝારો થયા કરશે. માટે ગમે તેમ કરી એમને સમજાવી, વિશ્વાસમાં લઈ એમના મનમાં જે હોય તે, જેને લઈને એમને આ તકલીફ થઈ રહી છે, એને બહાર લાવવા પ્રયત્ન કરો.’

ઘરે આવીને બંનેએ માતાને સોગંદ આપી, લાગણી બતાવી, બોલાવવા પ્રયત્નો કર્યા ત્યારે ઘણા દિવસ પછી એક દિવસ વનીતાબેને મોં ખોલ્યું....

શહેરમાં જ રહેતી દીકરી મનીષા, મમ્મીની તબિયત જોવા અને રોકાવા, ભાઈના ઘરે આવી હતી. ભાઇ અનિલ પણ અડધા દિવસની રજા હોઈ વહેલો આવી ગયો હતો. ભાઇ અનિલની પત્ની જ્યોતિ, મનીષાના અને પોતાના એમ બંને નાના બાળકોને નીચે ગાર્ડનમાં રમવા લઈ ગઈ હતી. ત્યારે બંને સંતાનોના ફરી ફરી આગ્રહ અને લાગણીથી ભરેલા ચહેરા તથા પુત્રીના આંસુથી પીગળી ગયેલા વનીતાબેને અચકાતા અચકાતા મોં ખોલ્યું.

“જુઓ બેટા, આજે હું જે વાત કરીશ તેની બીક મને ઘણા વખતથી લાગ્યા કરે છે. તમારા પિતાના સ્વર્ગવાસ પહેલાથી, રખેને ગામના કોઈ વ્યક્તિ કે વિઘ્નસંતોષી સગાઓ દ્વારા આ વાત તમારા કાને પહોંચે અને મારા વિષે તમારા સૌના કે આપણા કુટુંબના અંગત સભ્યોને જાણ થાય અને મારા પ્રત્યે શંકા જાગે કે અભાવ પેદા થઈ, તિરસ્કાર થાય તે બીક મને હંમેશાં લાગ્યા કરે છે. મને ખાતરી આપો કે મારી વાત સાંભળ્યા પછી મારા પ્રત્યેની તમારી લાગણી, ભાવના કે પ્રેમમાં કોઈ ઓટ નહીં આવે કે હકીકત જાણ્યા પછી મારા પ્રત્યે અભાવ પેદા નહીં થાય!”

“કેવી વાત કરે છે મમ્મી! તું જલ્દી સાજી થઈ જાય, એ જ અમારી ભાવના છે અને ગમે તેમ પણ તું અમારી મા છે. જેણે અમને જન્મ તો આપ્યો જ છે પણ અમારામાં સારા સંસ્કારોનું સિંચન કરેલું છે. માટે નિશ્ચિંત થઈ જા અને તારા મનમાં જેની પણ બીક હોય, તે વિના સંકોચે કહી દે.” મનીષાએ વિશ્વાસ દર્શાવી ખાતરી આપી, ત્યારે વનીતાબેને વિગત જણાવી.

“વાત તે વખતની છે જ્યારે અમે નાના હતા અને સૌરાષ્ટ્રના તાલુકા મથકમાં ભણતા હતા. ગામડામાં મોટું ગામડું પણ નાનું શહેર એવું તાલુકા મથકનું શહેર એ વખતે અભ્યાસનું કેન્દ્ર હતું. બધી જ જ્ઞાતિના વિદ્યાર્થીઓને રહેવા માટેની બોર્ડિંગ ત્યાં હતી અને નાના શહેરનો અભ્યાસ વખણાતો. એટલે જિલ્લા કે અન્ય જિલ્લાઓના વિદ્યાર્થીઓ પણ ત્યાં ભણવા આવતા. તમારા પપ્પા પણ ત્યાં જ બોર્ડિંગમાં રહીને ભણ્યા હતા.

તારા મોટા મામા ધીરૂમામાની સાથે એક ભરવાડનો છોકરો કરણ એમની સાથે ભણતો અને એમનો મિત્ર હતો. હું એમનાથી ત્રણ વરસ નાની એટલે એમનાથી ત્રણ ધોરણ પાછળ હતી. કરણ જન્મે ભરવાડ હોવા છતાં ઊંચો, ગોરો અને ભણવામાં પણ હોંશિયાર હતો. ધીરૂમામાનો મિત્ર હોવાથી કરણ આપણા ઘરે વારંવાર આવતો અને પોતાના સરળ સ્વભાવ અને સંસ્કારીતાનો ઘરના સૌને અહેસાસ કરાવતો. બે ત્રણ વરસના, વારંવારના સહવાસે, મારા યુવાની પ્રવેશ વખતે, મને કરણ પ્રત્યે આકર્ષણ ઉદ્‌ભવ્યું અને હું વધુને વધુ કરણનો સહવાસ ઝંખવા લાગી. ત્યાં સુધી કરણના મનમાં કોઈ જાતનો, મિત્રની નાની બહેન સિવાય કોઈ ભાવ નહોતો. મારા તેના તરફના આકર્ષણની જ્યારે તેણે નોંધ લીધી ત્યારે યુવાની સહજ ડરતા ડરતા એણે પણ મારા માટે લાગણી અનુભવી. પછી તો અમે બંને મોકો મળતાં એકાંતમાં મળતા અને વાતો કરતા. પણ કોઇ દિવસ મર્યાદા ભંગ કે અણછાજતું વર્તન કર્યું નહોતું. પણ એકાદ-બે વાર તારા ધીરૂમામાને શંકા જતા એમણે મિત્રદાવે કરણને પૂછી લીધું અને ખાતરી કરી કે અમે બંને એકબીજા પ્રત્યે આકર્ષાયા છીએ. પણ... પણ... આપણે ઔદિચ્ય બ્રાહ્મણ અને કરણ જાતે ભરવાડ. જે એ વખતના સમયમાં કોઈ કાળે અમારો સંબંધ કોઈને મંજૂર પણ ન હોય કે આગળ પણ ન વધી શકે. ધીરૂભાઈએ મને ધમકાવીને આગળ વધતા અટકાવી અને કરણને પણ ન કહેવાનું કહ્યું. કરણે મારી તરફની લાગણી તો કબૂલી પણ ધીરૂભાઈને કહ્યું કે, ‘ભાઈ ધીરૂ, હું તારી બહેન વનીતાને ખરા દિલથી ચાહું છું અને મારો તેની તરફનો પ્રેમ ફક્ત દેખાવ પૂરતો જ નથી

પણ આધ્યાત્મિક કે પૂર્વજન્મની લેણદેણનો લાગે છે. છતાં હું આજ પછી એને હળવા-મળવાનું બંધ કરી દઈશ અને તેના કે તમારા રસ્તામાં નહીં આવું. હા, હું જરૂર એને સુખી અને આનંદિત જોવાની અભિલાષા રાખું છું. માટે એને સુખી જોઈને જ મારૂં જીવન વ્યતીત કરીશ. હું કોઈ એવું પગલું નહીં ભરૂં કે એના જીવનમાં તકલીફ પડે કે તારા કુટુંબને સમાજમાં નીચે જોવું પડે. વનીતા નિર્દોષ છે અને હું પણ નિર્દોષ છું. બસ, એટલું યાદ રાખઝે અને નિશ્ચિંત રહેજે.''

ધીરૂભાઈને કરણ ઉપર વિશ્વાસ હતો અને બંને ખૂબ જ નીકટના મિત્રો હતા. છતાં અમારા સહઅધ્યાયીઓ કે દૂરના વિઘ્નસંતોષીઓ, જે થોડા ઘણાને અમારા સંબંધ વિષે શંકા થયેલી કે આ બંને વચ્ચે કાંઈક હોવાની શંકા થયેલી એવા થોડા ઘણા હશે એ કોઈ દિવસ તારા પપ્પાને કે તમને કોઈને જણાવશે, એવી બીક કે ડર મને હંમેશાં લાગ્યા કરતો અને હજી પણ લાગે છે.

બસ, એટલી જ વાત મમ્મી? દીકરા અનિલે માતાને આશ્વાસન આપ્યું. આ તો તારા નાનપણની વાત. યુવાનીમાં યુવાન થયેલા પાત્રો એકબીજા પ્રત્યે આકર્ષણની લાગણી અનુભવે. એ તો સર્વસામાન્ય હકીકત છે અને આજનો સમાજ એના વિષે હવે વધુ કાંઈ વિચારતો નથી કે અયોગ્ય પણ નથી ગણતો.

''ના બેટા, એવું નથી. પછી તો હું મેટ્રીક પાસ થઈ એ પહેલાં જ તારા પપ્પાને, મારા બાપુજીએ ધ્યાનમાં રાખેલા અને પછી હું કૉલેજમાં હતી ત્યારે જ અમારું સગપણ અને પછી લગ્ન થઈ ગયા. પછી તારા પપ્પાની સર્વિસને લઈને આપણે અહીં અમદાવાદમાં સ્થાયી થયા. કરણે પણ મારા લગ્નમાં ધીરૂમામાના મિત્ર તરીકે ખૂબ જવાબદારી નિભાવી અને મારી વિદાય વખતે છાનું છપનું રડી લીધું પણ...''

''પણ... શું! હવે એ તો ભૂતકાળ બની ગયો મમ્મી. કરણ પણ તને ભૂલી ગયો હશે અને પોતાના સંસારમાં કે જીવનમાં સ્થિર થઈ ગયો હશે કેમ?'' પુત્રી મનીષાએ વાત વાળવા પ્રયત્ન કર્યો.

''ના બેટા, એવું નથી. ધીરૂભાઈ મારફત, સીધી કે આડકતરી રીતે મારા વિષે કરણ માહિતી મેળવતો રહેતો અને હું સુખી છું એની ખાતરી કરી સુખ પામતો રહેતો હશે. તેણે પણ તે નાના શહેરમાં, નાની મોટી નોકરી કે વ્યવસાય કર્યા પછી જ્યારે આપણે આ ટાવરમાં નવો ફ્લેટ લીધો ત્યાં સુધી મને પણ એના વિષે ખબર નહોતી. અને હું ભૂલી જ ગઈ હતી. પણ... પણ... કરણ મને ભૂલ્યો નહોતો. એણે લગ્ન પણ કર્યા નહીં કે મને મળવાનો પણ કોઈ પ્રયત્ન કર્યો નહીં. પણ જ્યારે આ ટાવરમાં રહેવા આવ્યા ત્યારે મને ખબર પડી કે એ મને દૂરથી જ, સુખી અને આનંદમાં જોવા માટે મને સતત હું સુખી છું એ જોઈને રાજી થતો. જિંદગીનો ઘણો મોટો ભોગ આપી રહ્યો છે...''

''કઈ રીતે મમ્મી?'' મનીષા અને અનિલ બંનેએ એક સાથે જ પ્રશ્ન કર્યો.

''આપણા ફ્લેટની સામે આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સ પાસે એક લીમડાનું ઝાડ છે. જ્યાં એક ચાની કિટલી અને બાજુમાં એક દાઢીવાળા, બુટ-ચંપલ, બેગ-પર્સ રીપેર કરનાર દાઢીવાળા ભગત બેસે છે એ ખબર છે તમને...?''

''હા..હા... એ તો ઘણા વખતથી કે વર્ષોથી બેસે છે. અને નાના હતા અને કોઈવાર જતા કે પસાર થતાં ત્યારે બાજુના પાર્લરમાંથી અમને ટૉફી કે ચોકલેટ પણ ઘણીવાર અપાવતા એ પણ હજી યાદ છે અમને. એ જ ભગતદાદાને...?''

''હા... એ જ ભગત... એ ભગત જ છે કરણ ભરવાડ.''

''હેં... શું વાત કરે છે મમ્મી. સાચી વાત? હા બેટા... મને પણ એણે કોઈ દિવસ કહ્યું નથી. પણ હું એને ઓળખી ગઈ. મને જોઈને, ખાસ કરીને સુખી જોઈને એ ખૂબ જ રાજી થાય છે. એના ચહેરા ઉપર સંતોષની લાગણી હું દૂરથી પણ જોઈને અનુભવી શકું છું. ભરવાડનો દીકરો, ગાય-ભેંસનો ગોવાળ, ભગવાન કૃષ્ણના કુળનો યાદવો, આજે મોચીનું કામ કરે છે અને તે પણ મને સુખી અને દૂરથી જ જોવા એણે આ જગ્યાએ ચામડાનો ધંધો અપનાવ્યો છે. જ્યારે એણે ધીરૂમામા કે કોઈ પાસેથી જાણ્યું કે આપણે અહીં ફ્લેટ બુક કરેલ છે ત્યારે આ જગ્યાએ આવીને એણે બુટ પોલીશ અને રીપેરીંગનું કામ ચાલુ કર્યું. દિવસ દરમ્યાન અહીં રહે છે, રાત્રે ક્યાં જાય છે, ક્યાં રહે છે, શું કરે છે કાંઈ ખબર નથી.'' આટલું બોલતા તો વનીતાબેનની આંખમાંથી શ્રાવણ - ભાદરવો વરસી ગયા.

દીકરી મનીષાએ પાણી લાવી, મમ્મીને પાઈને સ્વસ્થ કર્યા પછી વનીતાબેને વાત આગળ ચલાવી.

''વધુ એક વાત કે તારા પપ્પાને જોઈને પણ એ ખુશ થતો અને સારી વાત કરતો. એટલે સુધી કે તારા પપ્પાને સિગારેટ પીવાની આદત હતી અને તેઓ વારંવાર સામેના કોમ્પ્લેક્સના ગલ્લે સિગારેટ પીવા જતા ત્યારે કોઈ કોઈ વાર કહેતો, જે તારા પપ્પાએ મને નારાજગીથી એક-બે વાર કહેલું કે, 'સામે બેસતા, બુટ-ચંપલ રીપેર કરનાર ભગત દાદા પણ તારી જેમ મને કહ્યા કરે છે કે, ભૂદેવ, સિગારેટ પીવાનું બંધ કરો. મહારાજ, સિગારેટ સારી નહીં. કોણ છે એ ભગતદાદા?' એ વખતે હું ચૂપ થઈ જતી ને મને શંકા રહ્યા કરતી અને બીક પણ લાગતી કે કદાચ હકીકતની ખબર તો નહીં પડી જાય ને? તારા પપ્પાને સિગારેટના વ્યસને જ આપણી પાસેથી વહેલા છીનવી લીધા. જવાબદારી અને ટેન્શનવાળી નોકરીને લઈને, વધુને વધુ સિગારેટ અને ચા પીતા

રહેતા અને એને લઈને મારી મના કરવાથી અમારી વચ્ચે ઝઘડા પણ થતા. પણ અમે તમને બંનેને ખબર પડવા દીધી નહોતી. અરે, આટલા વખત પછી મારે તમને જણાવવું પડે છે કે મારા કહેવા અને ધિક્કારવા છતાં એમણે સિગારેટ છોડી નહીં એટલે એક જ રૂમમાં અમે અલગ અલગ પથારીમાં સૂતા અને અમારા સંબંધો ફક્ત દુનિયાને બતાવવા જ, બહારથી સારા હોવાનો દેખાવ કરતા રહ્યા. છેવટે કેન્સરનો ભોગ બન્યા અને આપણને સમય પહેલાં જ છોડી ગયા. જો કે છેલ્લી ઘડીએ એમણે મારી માફી પણ માંગી હતી અને એટલે જ મારે, મેં મૂકી દીધેલી શિક્ષિકાની નોકરી તમને બંનેને મોટા કરી, આગળ ભણાવવા, ફરીથી શરૂ કરવી પડી.''

''હવે તમે બંને તમારા સંસારમાં બરોબર રીતે 'સેટ' થઈ ગયા છો. આ વાત મારાથી, અનિલ તારી પત્ની જ્યોતિને ન કરી શકાય, કે મનીષા તારા પતિ કનકકુમારને પણ, જમાઈ હોવાથી, ન જ કહી શકું. આ હતી મારી ગભરામણ કે બીકનું કારણ. કોઈ જૂના ઓળખીતાને કરણ વિષે જાણ થાય અને મારા અને કરણ વિષે શંકા-કુશંકા કરી, ગમે તેવી વાત કરે કે ફેલાવે જેની મને હંમેશાં બીક લાગતી રહેતી હતી અને છૂપો ભય સતાવતો હતો.'' કહીને ફરી વનીતાબેનની આંખો આંસુથી ભરાઈ ગઈ.

મનીષા અને અનિલે મમ્મીને સાંત્વન આપી સ્વસ્થ કર્યા અને ખાતરી આપી કે આમાં તારો કે કરણભગતનો દેખીતી રીતે કોઈ દોષ નથી કારણકે તમે બંનેએ કોઈ મર્યાદાભંગ પણ નથી કર્યો કે નથી કોઈ અજુગતું પગલું ભર્યું. ઉલટાનું અમને ગર્વ છે કે અમને તારા જેવી હિંમતવાન, સંસ્કારી, કુટુંબપ્રિય મા મળી જેણે અમારૂં જીવન સરળ બનાવ્યું અને જેનો કરણ ભગત જેવો નિઃસ્વાર્થ, ત્યાગમૂર્તિ પ્રેમી... એના જેવા માણસો જગતમાં શોધ્યા પણ જડે નહીં.''

''બસ હવે મને કોઈ દુઃખ નથી. કદાચ ભગવાન મને બોલાવી લે તો પણ મને હવે ચિંતા નથી''

અને... અને... ખરેખર તે રાત્રે જ વનીતાબેન જ્યારે જમીને પોતાના રૂમમાં આરામ કરી રહ્યા હતા અને પુત્રવધૂ જ્યોતિ દવા આપવા ગઈ ત્યારે તેમને પથારીમાં જ નિશ્ચેત થઈ ગયેલા જોયા.

અનિલ અને મનીષા અવાક્ થઈ ગયા અને વિચારતા રહ્યા કે મમ્મી જાણે પોતાની વાત કરવા અને સંતાનોને વાત કરી સંતોષ પામવા જ જીવીત હતી. રાત્રે લગભગ સાડા નવ વાગ્યાની આસપાસ મમ્મીએ છેલ્લો શ્વાસ લીધો એવું ફેમિલિ ડૉક્ટરને જણાયેલું. હવે રાત્રે તો અગ્નિસંસ્કાર ન થઈ શકે. એટલે સવાર પડવાની જ રાહ જોવી રહી.

છતાં અનિલને એમ થયું કે લાવ કરણ ભગતને આડકતરી રીતે, મમ્મીના સ્વર્ગવાસના ખબર આપવા તજવીજ કરૂં. જો કે એ તો રાત્રે ૮ કે ૯ વાગે જ જતા રહ્યા હશે...!

પણ નીચે આવીને, સામેના કોમ્પ્લેક્સના ઝાડ નીચે ટોળે વળેલા સમૂહને જોઈને આશ્ચર્ય થયું. ત્યાં જઈને જોયું અને બાજુની ચાની કિટલીવાળા કાનજી ઠાકોરને જોઈને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે...

કે... કરણ ભગત દરરોજ હંમેશાં લગભગ ૯ વાગે જતા રહેતા હોય છે પણ આજે મને બોલાવીને જેના જેના બાકી રહી ગયેલા બુટ-ચંપલ, દફતર - બેગ વગેરેની વિગત સમજાવી, આપી દેવાનું કહેતા હતા અને 'મારે લાંબા ગામતરે જવાનું હોઈ, ગ્રાહકો હેરાન ન થાય માટે તૈયાર કરી રાખેલ છે, જે આપી દેજે...' એમ કહી રહ્યા હતા.

અને પછી લગભગ સાડા નવ વાગે આંખો મિંચીને, ઝાડના ટેકે બેસીને હાથ જોડી પ્રાર્થના કરવા બેઠા. હું પરવારીને એમની પાસે જઈને બોલાવ્યા કે 'ભગત, હવે ઘરે નથી જવું?' પણ જવાબ મળ્યો નહીં. હું એમના ખભાને પકડીને, સૂઈ ગયા જાણી ઉઠાડવા ગયો, તો શરીર નિષ્પ્રાણ હતું. શરીર પર ચાદર ઓઢાડી સુવાડ્યા છે. સવારે અગ્નિસંસ્કાર કરવાનો છે. કોઈ સગાવહાલાં ઓળખીતાની આપણને જાણ નથી. છેલ્લા ૧૫ વરસથી મારા આત્મીય હતા એટલે મારે જ એમને અગ્નિદાહ દેવો રહ્યો.

''ના, ઠાકોર... ભગતનો અગ્નિદાહ બ્રાહ્મણ છું એટલે હું કરીશ'' કહીને અનિલે કાનજી ઠાકોરને ચોંકાવી દીધા.

''તમે.. તમે...? કેમ કોઇ કારણ?''

''કારણ છે, પણ હવે ભગત પણ નથી રહ્યા એટલે કહેવાનો કોઈ મતલબ નથી. હું જ બધી વિધિ અને ખર્ચ સાથે એમના ફૂલ પણ હરિદ્વાર પધરાવવાની વ્યવસ્થા કરીશ.'' કહીને અનિલ પરત ઘરે આવ્યો અને બહેન મનીષાને વિગત જણાવી.

બીજે દિવસે, બે શબવાહિની બોલાવી, વિધિવત્ મમ્મી અને કરણ ભગતના અગ્નિ સંસ્કાર કરી, બંનેના અસ્થિને એકસાથે જ ગંગામાં પધરાવવાની વ્યવસ્થા કરી.

દુનિયાને ક્યાં ખબર હતી કે કરણ ભગત કોણ હતા અને અનિલે કેમ અગ્નિસંસ્કાર કર્યા... પણ અનિલ અને મનીષાને ખબર હતી કે હકીકત શું હતી. ભગતે મમ્મીને જીવનના અંત સુધી સાથ આપ્યો તો સ્વર્ગમાં પણ બંનેનો સાથ કાયમ રહે અને ત્યાં પણ મમ્મીને સુખી જોવા, સાથે જ પ્રયાણ કર્યું. આ પરાકાષ્ઠાને શેની ગણવી – પ્રેમની કે ત્યાગની?

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*પ્રોફેસર્સ કોલોની સામે, 'ચાઈલ્ડ કેર' પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

રંગતરંગ

# 'લ્યો, હવે ઓફિસમાં ઊંઘવાની નોકરી મળશે!'

• ચિત્રસેન શાહ •

કોલમનું નામ 'વાયબ્રન્ટ હાસ્ય!' રાખીએ અને લેખ વાંચ્યા પછી વાંચકોને 'દીવેલ' પીધા જેવું લાગે તો તેની જવાબદારી અમે સ્વીકારીએ છીએ! જેમ આતંકવાદી સંગઠનો 'વિસ્ફોટ' કર્યા પછી તેની જવાબદારી સ્વીકારે છે તે જ રીતે! (કેમ જાણે મહાન કામ કર્યું હોય!) એટલે 'લેખ'ને 'માનસિક આતંક' કહી શકાય! જવાબદારી સ્વીકારી લીધી એટલે હવે અમે છુટ્ટા! કોઈ ભલે ને માછલા ધૂએ! આગળ ઉપર 'દીવેલ' શબ્દ લખાયો છે તેનું કારણ એ છે કે –

હમણા અનાજ, મસાલા વિ. ભરવાની સીઝન ચાલે છે. તેથી ઘરમાં ઘઉં, ચોખા, મસાલા, દીવેલ એવા શબ્દો કાને અથડાયા કરે છે. તેથી અહીં પણ દીવેલ શબ્દ વપરાઈ ગયો છે! વળી પત્નીને પણ લાગવું જોઈએ ને કે સાહિત્ય સર્જનમાં તેમનો પણ હાથ છે!

અનાજ - મસાલા ભરવાની સીઝનમાં ગૃહિણીઓ એટલી ઓતપ્રોત હોય છે કે આપણે તેમને 'કી એન્ડ કા' જેવી સુંદર મુવી જોવા જવાનું કહીએ છીએ તો પણ ના પાડી દે છે!

આ અંગે અમારા એક મિત્રે રમુજ કરતાં કહેલું કે – 'કેટલીક મહિલાઓ 'કી એન્ડ કા'ને 'કાકી એન્ડ કાકા'નું શોર્ટ ફોર્મ સમજેલી. તેથી તેમને થયું હશે કે 'કાકી એન્ડ કાકા'માં શું જોવાનું!'

હળવાશનો મુડ છે તો એક એવી બીજી વાત પણ કરી લઈએ!

થોડા વર્ષો પહેલા જ્યારે ગાંધીનગર - અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેઈનની વાત હતી ત્યારે તે રૂટ પ્રમાણે ટ્રેઈન અમારા ઘર પાસેથી પસાર થવાની હતી. તેથી અમારા પત્નીના 'સખી મંડળ'ની બહેનોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું! તેમની વચ્ચે થતી વાતચીત એકવાર અમારા કાને અથડાઈ હતી કે – 'પછી તો આપણે શાક લેવા પણ 'બુલેટ ટ્રેઈન'માં જ જશું!' એક બહેને બોલવામાં 'મેટ્રો' અને 'બુલેટ ટ્રેઈન'ની ભેળસેળ કરી દીધી હતી!

હવે મૂળ વાત આગળ વધારીએ તો

## વાયબ્રન્ટ હાસ્ય!

અનાજ - મસાલા - કઠોળના આસમાને પહોંચેલા ભાવોથી સામાન્ય ગૃહિણીઓની આંખમાં પ્યાજ સુધાર્યા વગર જ પાણી આવે છે!

જીડીપી ગ્રોથ ગમે તેટલો વધે, મોંઘવારીનો આંક ગમે તેટલો ઘટે કે આર્થિક સુધારા ગમે તેટલા થાય પરંતુ આવા બધા માપદંડો એ.સી. ચેમ્બરમાં બેઠેલાઓ દ્વારા બનાવાયેલા હોય છે જેને માર્કેટના ખરેખરા ભાવ સાથે નહાવા નિચોવાનો પણ સંબંધ હોતો નથી! એ.સી. ચેમ્બરનું તાપમાન ૨૦/૨૫ ડિગ્રી સેલ્સિયસ હોય જ્યારે બહારનું તાપમાન ૪૦/૪૫ ડિગ્રી સેલ્સિયસ હોય એટલે ભાવમાં એટલો ફરક તો રહેવાનો જ! પરિણામે ગૃહિણીઓના બજેટ પર બુલડોઝર ફરતું રહે છે! એક મહિલા સંસ્થાએ તો સેમિનાર ગોઠવ્યો છે જેનો વિષય છે : 'બૂરે દિન ક્યારે જશે?'

બાકી અત્યારે તો હાફિઝ સૈયદના રાજમાં પાકિસ્તાનના 'અચ્છે દિન' ચાલી રહ્યા છે. એ લોકો તો જ્યારે અને જેટલી વાર આતંકવાદ અંગેના પુરાવા માંગે છે તે આપણે આપ્યા જ કરીએ છીએ અને તેમ છતાં પુરાવા પર નજર નાખ્યા સિવાય જ એ લોકોનો જવાબ તૈયાર જ હોય છે કે 'આ પુરાવા પૂરતા નથી, બીજા વધારે મોકલો.' અને આપણા સુષ્મા સ્વરાજ અનાજ - મસાલા ભરવાની સીઝનમાં નવા પુરાવા ભરવાના કામે લાગી જાય છે!

કૂતરાની પૂંછડી તો કદાચ પણ સીધી થઈ શકે પરંતુ પાકિસ્તાનની તો હરગીઝ નહીં! મલ્ટી મીડિયા દ્વારા આ બધું જોઈને - વાંચીને અને સાંભળીને કોઈનું પણ ('ભારત માતા કી જય' બોલી શકે તેનું, ઓવૈસી જેવાનું નહીં) લોહી ઉકળી ઉઠે. હવે આવી વ્યક્તિ બ્લડ ડોનેટ કરવા જાય ત્યારે બ્લડ કેમ્પના આયોજકો આવું લોહી સ્વીકારવાની સ્વાભાવિકપણે જ ના પાડે. એ લોકોનું માનવું છે કે આવા ઉકળેલા લોહીમાં લોહીના આવશ્યક ઘટકોની કમી હોય છે! જેમકે શ્વેત કણો (WBC - વ્હાઈટ બ્લડ શેલ) કે જે શરીરની રક્ષા કરનાર સૈનિકો હોય છે તે ઉકળેલા લોહીમાં શહીદ થઈ ગયા હોય છે! આમ પાકિસ્તાનવાળા સરહદ પર આપણા જવાનોને શહીદ બનાવે છે અને આપણા નાગરિકોના શરીરમાં શરીરના રક્ષકોને શહીદ બનાવે છે!

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

સમાજની ક્ષિતિજો

# હોસ્ટેલમાં જતી ટીનએઈજ દીકરીને પિતાનો પત્ર

• ડૉ. આશિષ ચોક્સી •

દીપિકા પાદુકોણ પોતાની ફિલ્મ કારકિર્દીની શરૂઆત કરવા જ્યારે મુંબઈ આવી ત્યારે પોતાના પિતાએ તેના પર લખેલો એક પત્ર તાજેતરમાં બોલીવુડના એક એવોર્ડ સમારંભમાં દીપિકાએ ખૂબ ભાવુક થઈને વાંચી સંભળાવ્યો હતો.

લગભગ ૧૦ વર્ષ પછી પણ દીપિકા તે પત્રના પ્રભાવ હેઠળ હતી. ટીનએઈજ દીકરીઓએ પોતાની કારકિર્દી માટે કે ઉચ્ચ અભ્યાસ માટે પિતૃગૃહથી દૂર જવું પડે છે ત્યારે તેના માતા-પિતાને તેની વિશેષ ચિંતા થાય છે. માતા તો તેના જવાના દિવસો અગાઉથી દીકરીની સાથે રહી ઘણી શિખામણ અને જીવનના ઘણા મૂલ્યો શીખવતી જ હોય છે. પિતાની સ્થિતિ બહારથી શાંત પણ અંદરથી ઘુઘવાતા દરિયા જેવી હોય છે. તેમણે ઘણું કહેવું હોય છે પણ બોલી નથી શકતા. અહીં પણ એક દીકરી વિશેષ અભ્યાસ માટે ઘરથી દૂર ગઈ ત્યારે તેના પિતાએ તેના પર લખેલ પત્ર છે જેમાં પિતાએ તેને જીવનમાં મદદરૂપ થાય તેવા તેમજ દીકરીની કારકિર્દી માટે ચાર જરૂરી સૂચનો કર્યા છે તે ખૂબ હૃદયસ્પર્શી છે.

“બેટા, આજે તું ઘરથી દૂર જઈ રહી છો ત્યારે તને કહેવાની પહેલી વાત કે તું બધા જ માનવીય સંબંધોને ટકાવી રાખજે અને દરેક સંબંધને એક માનવીય દરજ્જો આપજે. જીવનનો લાંબો રસ્તો આપણે એકલા ક્યારેય પસાર કરી શકવાના નથી. એમાં લોકોનો સાથ લેવા તેમનો હાથ પકડવો જ પડશે. તું સારી દીકરી, શ્રેષ્ઠ પત્ની, શ્રેષ્ઠ માતા, શ્રેષ્ઠ મિત્ર સાથે શ્રેષ્ઠ વ્યક્તિ પણ થવાનો પ્રયત્ન કરજે. સારા માનવીય સંબંધોમાં અપેક્ષાની ભાવના ઓછી અને ઘસાઈ છૂટવાની ભાવના વધુ હોય છે. આપણે લોકોની ખામીઓ યાદ નથી રાખવાની પણ ખૂબીઓ જોવાની છે. સારા સંબંધોનું ફળ ઘણીવાર તારી સમજમાં તરત નહીં આવે પણ વાવેલા આંબાની જેમ વર્ષોના વર્ષો પછી પણ તે ક્યાંક ને ક્યાંક તને સતત હૂંફ અને ઉર્જારૂપે મળતું રહેશે. તાળી પાડીને હસી શકીએ અને જરૂર પડે તો ખભે માથું રાખી આંસુ પણ લૂછી શકીએ તેવા માનવીય સંબંધો જ સફળ જીવનની ચાવી છે. દરેક માનવીય સંબંધો આપણને સતત નવું શીખવતા રહે છે અને આપણું શ્રેષ્ઠત્તમ બહાર લાવતા હોય છે. જુદા જુદા સ્વભાવ અને ટેવો ધરાવતી વિવિધ વ્યક્તિને આપણે મળતા રહીએ તે આપણા માટે સફળતાની શરૂઆત કહી શકાય. આ જ વ્યક્તિઓ સાથે આપણે રહીએ અને કામ કરી શકીએ તો આપણી પ્રગતિ અને સફળતાને કોઈ રોકી નહીં શકે.

હું પણ મારા માતા-પિતા પાસેથી શીખેલો છું. બીજી અને અગત્યની વાત કે આપણે આપણા સાથે સંકળાયેલી વ્યક્તિઓને આપણી ક્ષમતા પ્રમાણે સતત કંઈક ને કંઈક આપતા રહેવું. કોઇ ભૌતિક વસ્તુ અને ધન તો ઘણા બધા આપશે પણ વિદ્યા અને સમયનું દાન બહુ ઓછા લોકો આપશે. જ્યારે આપણે કોઈને કોઈ વસ્તુ આપીએ છીએ ત્યારે આપણી પાસે એ વસ્તુ ઓછી તો થતી નથી પણ આપણને ખબર જ ના પડે તેવી રીતે એ આપણી પાસે વધતી જ હોય છે. Joy of Givingની અનુભૂતિ જ અનેરી હોય છે. વસ્તુ આપવાથી આપણામાં એક પરમ સંતોષની ભાવના જન્મશે. જેથી અન્ય કામમાં આપણો આત્મવિશ્વાસ વધે છે. જ્યારે આપણે કોઈને કોઈ વસ્તુ આપવાની સમર્પિતતા દાખવીએ છીએ તો આપણામાં નમ્રતાના ગુણ આપોઆપ આવી જાય છે. હૃદય વધુ વિશાળ બને છે. ભગવાને આપણને જરૂરિયાતમંદ વ્યક્તિને કાંઈ આપી શકીએ તે માટે યોગ્ય વ્યક્તિ ગણી, તે આપણું નસીબ અને સત્કર્મનો પ્રતાપ ગણી શકાય.

ત્રીજી વસ્તુ બેટા, સમય સાથે અને દુનિયાના બદલાતા પ્રવાહો સાથે તારે ચાલવું પડશે. આ માટે તારે સતત નવું શીખવાની ટેવ પાડવી પડશે. આપણે બે કે ત્રણ વર્ષ પછી મળીએ તો તારામાં ફક્ત ઉંમરનો વધારો થયેલો ના હોવો જોઈએ. સાથે વર્તમાન પ્રવાહોને અનુરૂપ જ્ઞાનમાં પણ વધારો થયેલો હોવો જોઈએ. આપણે જ્યાં અને જે પરિસ્થિતિમાં હોઈએ તે પરિસ્થિતિને અનુરૂપ આપણામાં નવી ભાષા, નવા વિચારો, નવી જીવનશૈલીનો બદલાવ તો જ આવશે જો આપણે હંમેશાં નવું શીખવા આપણા મગજને ખુલ્લું રાખીશું. બે વર્ષના બાળક પાસેથી પણ કુતુહલ અને નિર્દોષતાના પાઠ શીખી શકાય છે અને નેવું વર્ષની વૃધ્ધ વ્યક્તિ પણ સરળતા, ધીરજ અને મૌનનું મહત્ત્વ શીખવી જાય છે. આપણા જ્ઞાનનું ક્યારેય અભિમાન ના કરવું. જે વ્યક્તિ પોતાના મગજને કંઈક ને કંઈક શીખવા ખુલ્લું રાખે છે તે હંમેશાં યુવાન છે અને જે વ્યક્તિ નવું શીખવાનું છોડી દે છે તે વૃધ્ધ છે. સામેના માણસની ક્ષમતા પર ક્યારેય અવિશ્વાસ ના કરવો અને તેને ક્યારેય નીચો દેખાડવાના પ્રયત્નો ના કરવા. આપણા કામમાં જ સતત સુધારો કરવામાં આપણી શક્તિ ખર્ચવી. જીવનપથ પર ઘણીવાર કપરો સમય આવશે તેનાથી ક્યારેય ડરીશ નહીં. ક્યારેક કંટાળો આવે તો વિસામો જરૂર લેજે પણ અટકીશ નહીં. જીવનમાં બધી જ વખત આપણું ધાર્યું નથી થતું. ઘણીવાર આપણા કાર્યમાં નિષ્ફળ પણ જઈએ. સફળતા ક્યારેય વિજય નથી અને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)**

સાંપ્રત મંચ

# સાંપ્રત વિચાર મંચ

● સંકલન : હસમુખભાઈ મહેતા ●

'સાંપ્રત વિચાર મંચ' અંતર્ગત આપવામાં આવેલ માર્ચ-૨૦૧૬ના વિષય ***"JNUનો ઘટનાક્રમ શું સાબિત કરે છે?"*** ને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. દર વખત કરતાં આ સમયે પત્રોની સંખ્યામાં ઘણો વધારો જોવા મળ્યો, જે આ વિચારમંચની વાચંક વર્ગમાં આનંદમયી સ્વીકૃતિ બતાવે છે.

માર્ચ-૨૦૧૬ માટે આવેલા વિવિધ પત્રો માટે વાંચકોનો અને તજજ્ઞોનો અમે આભાર માનીએ છીએ. વિવિધ પત્રો વચ્ચે વિજેતાઓની પસંદગી કરવી એક અઘરી પ્રક્રિયા હતી. આ વખતના સવાલના પ્રત્યુત્તરમાં

શ્રી મુકુંદભાઈ મહેતા, શ્રી મહેન્દ્રભાઈ દોશી, શ્રી દિનેશભાઈ માંકડ, શ્રી અશ્વિનભાઈ સોલંકી, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી સુરેશભાઇ ભટ્ટ, શ્રી ગુલાબચંદ રાંભિયા, શ્રી વિનોદભાઈ દવે અને ડૉ. શ્રી મિહિરભાઈ વોરાના વિચારો ખરેખર પ્રશંસનીય છે. પરંતુ વિજેતાઓની સંખ્યા મર્યાદામાં નક્કી કરવાની હોવાથી શ્રેષ્ઠ વિચારકોની પસંદગીમાં અમોએ....

(૧) **શ્રી બલવીરસિંહ જાડેજા**

(૨) **શ્રી તુલસીદાસભાઈ કંસારા** ને સ્થાન આપેલ છે.

આપ સૌ આવા વિચારો અને મંતવ્યો સાથે 'સાંપ્રત મંચ'ને વધારે ને વધારે પરિપક્વ બનાવશો એવી આશા સાથે...

દરેકનો ખૂબ ખૂબ આભાર.

***હવે પછીનો સાંપ્રત પ્રશ્ન નીચે મુજબ છે :***

***"વેકેશનનો સદુપયોગ કઇ રીતે કરી શકાય?"***

***ઉપરોક્ત વિષયે આપનો લેખ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલયમાં તા. ૧૫-૬-૨૦૧૬ સુધીમાં મોકલાવી આપવા અપીલ કરવામાં આવે છે.***

---

## JNUનો ઘટનાક્રમ શું સાબિત કરે છે?

***– બલવીરસિંહ જાડેજા***

**(પ્રથમ ક્રમાંકનો લેખ)**

JNU (જે.એન.યુ.) કે જેની ગણના ભારત સિવાયના દેશોમાં પણ અગ્રગણ્ય યુનિવર્સિટી તરીકે થઈ રહી છે તેનો તાજેતરનો ઘટનાક્રમ, આપણા જેવા સામાન્ય નાગરીકની પણ જો આંખ ખોલનારો હોય, તો દેશ અને દુનિયાના બૌધ્ધિક વર્ગમાં ચર્ચા વિચારણાનો વિષય ન બની રહે તો જ નવાઈ.

જે રીતે JNU માં ઘટનાઓ આકાર પામી તે જોતાં, ભારતના સ્વતંત્ર નાગરીક અને લોકશાહીના હિમાયતીઓની સાથે સાથે દેશભક્તિ, સાર્વભૌમત્વ અને લોકશાહીના મૂલ્યો માટે વિચારવંત નાગરીકોને ચિંતિત કરી મૂક્યા છે. જો ક્રમબધ્ધ મૂલવણી કરવી હોય તો....

૧. શું વાણી સ્વતંત્રતાની આડમાં, સ્વચ્છંદતા કે દેશદ્રોહની આગ આકાર લઈ રહી છે?

૨. બસ્સો વરસની ગુલામી પછી હજારો નર-નારીઓની કુરબાની પછી, મળેલી સ્વતંત્રતા અને લોકશાહી બંધારણનો જાણે અજાણે હ્રાસ થઈ રહ્યો છે?

૩. લોકશાહી ઢબે ચુંટાયેલી અને બહુમત પામેલી સરકારને યેનકેન પ્રકારે, કામ ન કરવા દેવાની શું પેરવી થઈ રહી છે?

૪. વિરોધપક્ષમાં બેઠેલા મહાનુભાવો, પોતાના પગ નીચે આવેલો તપાસ કે જૂના કૌભાંડોના પર્દાફાસનો રેલો ખાળવા, યેનકેન પ્રકારે, યજ્ઞમાં રોડા નાખી, જનતાનું ધ્યાન હટાવવા પ્રયત્નો તો નથી કરી રહ્યા ને?

૫. શું શહીદ ભગતસિંહ જેવા ભારતમાતાના સપૂતોની સરખામણી, માટીપગા કે કોઈના હાથા બનેલા પામર યુવાનો સાથે કરીને, ઈતિહાસ અને ભારતની સ્વતંત્રતાની લડતના લડવૈયાઓની કુરબાનીને નબળી પાડવાની કોશિશ થઈ રહી છે?

૬. દુનિયા આખીમાં લગભગ સામ્યવાદનો મૃત્યુઘંટ વાગી ચૂક્યો હોવા છતાં, બચેલા સામ્યવાદી વિચારસરણી ધરાવતા રાષ્ટ્રોના, ધન અને ટેકાથી, પોતાની પીપુડી વગાડતા, આ દેશના કહેવાતા બુધ્ધિજીવીઓ કે ડાબેરીઓ એવા મહાનુભાવો પોતાનું અસ્તિત્વ ટકાવવા કે મહત્ત્વ બતાવવા, અણસમજુ તત્ત્વોને હાથા બનાવી, હવાતિયાં મારી રહ્યા છે?

૭. સૌથી અગત્યની બાબત, આતંકવાદીઓના કારખાના જેવા પડોશી રાષ્ટ્રની મેલી મુરાદ થકી, પૈસાના જોરે કે અન્ય રીતે, પ્રસિધ્ધિ ભૂખ્યા, ભારતના યુવાન ધનને કે બૌધ્ધિક ધનને આગળ કરી કે વિચલિત કરી, બાંગ્લાદેશના નિર્મામનું વેર વાળવા કે બ્રિટીશ શાસકો, કાશ્મીર નામનો ગાળિયો, ભારતના ગળામાં ફસાવી ગયા છે તેના અંચળા હેઠળ લશ્કરી હકુમતવાળી, કહેવાતી લોકશાહી સરકાર, જુદા જુદા નામે સ્થપાયેલા સંગઠનોને પ્રોત્સાહન આપી, આતંકવાદી પ્રવૃત્તિ દ્વારા ભારતની જનતાને 'ટાર્ગેટ' બનાવી સુખની નિંદર નહીં લેવા દેવાની પ્રતીતિ કરાવી રહી છે.

જે હોય તે, પણ આપણા જેવા જાગૃત અને સમજદાર નાગરીકોએ પોતાની રીતે અવાજ ઉઠાવવાનો કે આવા તત્ત્વોને પડકારવાનો સમય વીતી જાય તે પહેલાં, સંગઠિત થઈ, એક અવાજે, જે કાંઈ પણ JNU માં સાબિત થયું છે તેના નિરાકરણ માટે, આટલું થઈ શકે તો અત્યારની અને આવનારી ભાવિ પેઢીઓને ચિંતા રહિત બનાવી શકીશું.

(એ) ઉચ્ચ ન્યાયાલયના તટસ્થ વિચારસરણી ધરાવતાં અને ફક્ત ભારત દેશના હિતમાં વિચારતા કે પક્ષાપક્ષીથી પર હોય પણ નિર્ભય રીતે પોતાનું મંતવ્ય રજૂ કરી શકનાર એવા પાંચ મહાનુભાવોને રાષ્ટ્રપતિ દ્વારા પંચની - નિમણૂક કરાવી "શું થઈ શકે?" એ માટે તાત્કાલિક ધોરણે, વિના વિલંબે કાર્યવાહી કરવા, તે માટે અલગ નાણાંકીય વ્યવસ્થાની સાથે, JNU માં કાર્યરત અવળચંડા તત્ત્વોને સખતમાં સખત સજા કરી શકે એટલો પાવર કે શક્તિ પ્રદાન કરાવવા ઝુંબેશ કે આખા દેશના નાગરીકો પ્રતિબધ્ધ બની, લોકપાલની નિમણૂક જેવી દેશવ્યાપી શરૂઆત કરી શકાય.

(બી) આ પંચ JNUના લગતા દરેકે દરેક નિર્ણયો જેવા કે અભ્યાસક્રમ, વિદ્યાર્થીઓના પ્રવેશ, કર્મચારીઓની નિમણૂક કે નાણાંકીય સહાય તેમજ બાબતો ઉપર કોઈની પણ દખલ વિના, સરમુખત્યારશાહી ઢબે પણ આંતરિક લોકશાહીની રીતે (જેમકે પાંચમાંથી ત્રણ સભ્યોની એકમતિ હોવી જરૂરી – એ રીતે નિર્ણયો લઈ) આ નિર્ણયો સૌને બંધનકર્તા કે જેને સુપ્રીમ કોર્ટમાં પણ પડકારી ન શકાય (કારણકે એક વખતના સુપ્રીમ કોર્ટના સભ્યોએ જ, દેશના હિતમાં નિર્ણય લીધો હોવાથી) તેવી છૂટ આપી ભારત અને વિદેશમાં JNU ની વિશ્વસનિયતા સ્થાપિત કરવા કટીબધ્ધ બનાવીએ તો હું, આપ અને આપણે સૌ, ભારતમાતાના સુપુત્રો, હાલની અને આવનારી પેઢીને, તેમના સ્વપ્નાનું, સુખ સમૃધ્ધિ સાથે આતંકવાદ રહિત ભારતની બનાવી શકીએ એ જ અભ્યર્થના.

*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

# JNUનો ઘટનાક્રમ શું સાબિત કરે છે?

*– તુલસીદાસ કંસારા*

**(દ્વિતીય ક્રમાંકનો લેખ)**

યમુનાના તટે ક્રેમલિન જેવું ઉપનામ ધરાવતી અને ૧૦૧૯.૩૮ એકરમાં ફેલાયેલી આ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)નો જન્મ ૧૪મી નવેમ્બર, ૧૯૬૯ (નહેરુચાચાના જન્મ દિવસ)ના રોજ થયેલ. રાષ્ટ્રીય એકતા, સામાજિક ન્યાય, લોકશાહી જીવન પધ્ધતિ, આંતરરાષ્ટ્રીય સમજણ અને સમાજની સમસ્યાઓ પ્રત્યે વૈજ્ઞાનિક દષ્ટિકોણ જેવા નહેરુના પાંચ ઉમદા હેતુઓ પાર પાડવાના ઉદ્દેશ સાથે આ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવેલ. પરંતુ ખાટલે મોટી ખોડ કે શરૂઆતથી જ તેમાં ઉદ્દામવાદીઓએ જાણે અડ્ડો જમાવેલ છે. એવું કહેવાય છે કે ગઈ સદીના નવમા દાયકાની શરૂઆતમાં રાષ્ટ્રીય સેવક સંઘના એક પ્રચારકે આ વિશ્વ વિદ્યાલયની મુલાકાત લેવાની શરૂઆત કરી અને તેમણે એક સામ્યવાદી

વિચારધારાથી પ્રભાવિત વિદ્યાર્થી સાથે ઘરોબો કેળવ્યો.

- **એ.બી.વી.પી.નો પ્રથમ અવાજ :**

એક સાંજે આ બિરાદરે સ્વયંસેવકને હોસ્ટેલમાં જમવાનું નિમંત્રણ આપ્યું. જ્યારે તેઓ તેમના પરંપરાગત પહેરવેશમાં હોસ્ટેલમાં પહોંચ્યા અને જે ટેબલ પર જમવા બેઠા ત્યારે ત્યાંથી આજુબાજુમાં બેઠેલ વિદ્યાર્થી બિરાદરો ઉઠીને ચાલ્યા ગયા. જાણે સંકુચિત મનોદશા ધરાવતા આ ગામડામાં નીચલા વર્ગની કોઈ વ્યક્તિ તેમની સાથે જમવા બેસે તો તેને બહિષ્કાર કરવામાં આવે તેવું તેમના બિરાદરોનું વર્તન જોઈને યજમાનને મનમાં ખૂબ જ ધક્કો લાગ્યો અને તેણે આ બિરાદરોની સામે પડવાનો નિર્ધાર કર્યો. અને તે યજમાન જે.એન.યુ.માં બન્યો અખિલ ભારતીય વિદ્યાર્થી સંઘ (એ.બી.વી.પી.)નો પ્રથમ અવાજ. ત્યારથી લઈને આજની તારીખ સુધીમાં વડાપ્રધાન ઇંદીરા ગાંધી, લાલકૃષ્ણ અડવાણી જેવા નેતાઓને અહીં ''નો પોલિટીક્સ''ના બહાને ભાષણ કરવાની ના પાડવામાં આવેલ છે, તો એ.પી.જે. અબ્દુલ કલામ જેવા રાષ્ટ્રીયકૃત વૈજ્ઞાનિક અને વિચારકને બુકે આપવા કોઈ તૈયાર ન હતું!

- **ઘટનાક્રમનું વિશ્લેષણ :**

પરંતુ આ જ યુનિવર્સિટી નક્ષલ લીડરોને ભાષણ આપવા માટે આમંત્રિત કરતી રહી છે. યેચુરી અને કરાટ જેવા અઠંગ સામ્યવાદીઓ તેના એલ્યુમની છે. આવો ઈતિહાસ ધરાવતી આ જે.એન.યુ.માં ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬થી બનેલ ઘટનાક્રમે તેના બધા જ ઉદ્દેશોને ઉલટાવી નાખેલ છે. અહીં બનેલ બનાવોમાં આંખે વળગે તેવો બનાવ હતો ભારતની પાર્લામેન્ટ ઉપર ૨૦૦૧માં હુમલો કરવાના ગુનેગાર અફઝલ ગુરુને ૨૦૧૩માં ફાંસીએ લટકાવાયેલ, જેની યાદમાં આ દિવસે યોજવામાં આવેલ ઈવેન્ટમાં થયેલ ભાષણો અને યુવાનીના જોશમાં ઉચ્ચારાયેલ દેશ વિરુધ્ધના સૂત્રો. ત્યારબાદની ઘટનાઓ ઈતિહાસ છે, પરંતુ તે માત્ર એટલું જ સાબિત કરે છે કે જે ઉચ્ચ આદર્શો અને ઉદ્દેશો સાથે આ યુનિવર્સિટી શરૂ કરવામાં આવેલ, તેનાથી વિપરીત વર્તન કરવું એ જાણે અહીં અભ્યાસ કરતા કે તેમને દોરવણી આપતા પ્રોફેસરો માટે એક ફેશન બની ગયેલ છે. દા.ત.

- રાષ્ટ્રીય એકતા માટે ખતરો સાબિત થયેલ દેશના દુશ્મનના નામે અહીં ઈવેન્ટ કરી શકાય છે અને તેમાં દેશના ટુકડા કરવાના નારા લગાવી શકાય છે.
- સામાજિક ન્યાયને બદલે આ દેશના કાયદાની ઐસીતૈસી કરીને, સુપ્રીમ કોર્ટના ચુકાદાની આલોચના કરી શકાય છે અને આતંકવાદીઓની હમદર્દીમાં પોતે શરમિંદા હોવાનો હોબાળો કરી શકાય છે.
- લોકશાહી જીવન પદ્ધતિના અભ્યાસની જગ્યાએ ટોળાશાહીમાં પોતાના વિચારો ઠોકી બેસાડવા હિંસાને ક્ષમ્ય લેખતા અંતિમવાદીઓ, માઓવાદીઓ અને નક્ષલવાદીઓને અહીં ભાષણો કરવા આમંત્રી શકાય છે.
- આંતરરાષ્ટ્રીય સમજણ કેળવવાની જગ્યાએ અહીંથી અનેક દેશોમાં અલગાવવાદીઓનો ફોનથી સંપર્ક સ્થાપિત કરી કાશ્મીરની આઝાદીના નારા લગાવી આ દેશ સાથે ગદ્દારી કરી શકાય છે.
- સમાજની સમસ્યાઓ પ્રત્યે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવાને બદલે એક કાલ્પનિક અને ભાવનાત્મક ચિત્ર ઊભું કરી, અસહિષ્ણુતાને ઉત્તેજન આપી શકાય છે.
- વિચારોની અભિવ્યક્તિને નામે વાણીવિલાસ કરી શકાય છે અને દેશદ્રોહીઓને દેશભક્ત શહીદ ભગતસિંહ સાથે સરખાવી શકાય છે.
- જવાહરલાલ નહેરુની દીકરીના પૌત્ર અહીં આવીને રાષ્ટ્રદ્રોહીઓના નામે રાજનીતિ કરી શકે છે.
- મારા અને તમારા ખિસ્સામાંથી ગયેલ ટેક્ષની રકમમાંથી મળતી વિદ્યાર્થી દીઠ રૂા. ૨,૩૩,૧૯૪/- (તા. ૩૧-૩-૨૦૧૧) જેવી માતબર રકમની ગ્રાન્ટમાંથી અહીં મફતના ભાવે તાગડધિન્ના કરી શકાય છે.

ઉપરની તમામ બાબતોનો નિચોડ માત્ર એક જ વાત સાબિત કરી જાય છે કે આ દેશમાં રાષ્ટ્રવાદ સામે રાષ્ટ્રદ્રોહને જન્મ આપતી ફળદ્રુપ જમીન અહીં જ છે. જેમાં મોટાભાગના પ્રોફેસરો (દસ વિદ્યાર્થી સામે એકના રેશિયોમાં) અને દેશના વિવિધ ખૂણેથી આવતા વિદ્યાર્થીઓ ભાષણખોરીમાં માહેર બનીને વાણી સ્વાતંત્ર્યના નામે મનઘડત સૂત્રો બનાવી, જાણે પાર્લામેન્ટ અને તેમાં બેસનારાઓની મશ્કરી કરતા હોય તેમ, તેમને મારવા આવનારનો મહિમા કરી (તેરે કાતિલ જિંદા હૈ!) અને આ દેશની સામે ઝેર ઓકવાનું શીખે છે. જાણે - અજાણે કોઈ રાજકીય પક્ષના હાથા બનીને પોતાને મહાન બુદ્ધિમાન કહેવડાવવાના ચક્કરમાં રાજનીતિ અને રાષ્ટ્રીય નીતિ કે રાષ્ટ્રભક્તિ વચ્ચેના ભેદ ભૂલી અંતિમવાદીઓના મનની મેલી મુરાદને ઉજાગર કરવા માટેના લાઉડ સ્પીકર બને છે. આવી હરકતોને આપણે શું કહીશું? લોકશાહીનો અપચો કે POK – પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (આઝાદ કાશ્મીર) જેવી આઝાદી માટેનો 'આઝાદી... આઝાદી...' જેવા સૂત્રો પોકારીને કરવામાં આવતો તાયફો?

*(માહિતીસ્રોત : વિવિધ ન્યુઝ માધ્યમો અને વિકીપીડિયા)*

લઘુકથા

# લઘુકથા : "ચકલીનો માળો"

• વિનોદ સી. દવે •

અચાનક જ પોતાના નવા બંધાઈ રહેલા અને તૈયાર થઈ ગયેલા બંગલાનું જાત નિરીક્ષણ કરી બહાર નીકળતા શેઠની નજર ઓસરીમાં પડેલા કચરા ઉપર પડી. ઈલેક્ટ્રિક લાઈટના મીટર બોક્સ ઉપર ચકલાં પોતાનો માળો બાંધી રહ્યા હતા. શેઠે તુરંત જ બૂમ પાડી નોકરને બોલાવીને કહ્યું, 'આ માળો અને કચરો કાઢી નાખ અહીંથી... જોતો નથી આ મોંઘા ભાવની ટાઈલ્સ બગાડે છે?'

નોકરે શેઠના આદેશનું પાલન કરતાં તુરંત જ ઝાડુથી પેલો બંધાવા આવેલો ચકલાનો માળો કાઢીને બહાર નાખી દીધો અને પેલા ચકલા ચીં... ચીં... ચીં... કરતા જોતા રહ્યા.

શેઠ ગાડી લઈ પોતાની પેઢી ઉપર પહોંચ્યા. ત્યાંજ મહેતાજીએ શેઠને હાથમાં ટપાલમાં આવેલું કવર આપ્યું જેમાં 'નોટીસ' હતી. આવેલી નોટીસમાં લખ્યું હતું કે તમારો નવો બંગલો સરકારશ્રીની પેશકદમી કરેલી જમીન ઉપર ગેરકાયદેસર બાંધવામાં આવ્યો છે. આ જમીન તમારા નામની નથી. જો તમે આ જમીન પંદર દિવસમાં ખાલી નહીં કરો તો અમારે નછુટકે તમારું બાંધકામ તોડી નાખવું પડશે.

તુરંત જ ગુસ્સાના આવેશમાં શેઠે આવેલી કમિશનરની 'નોટીસ' ફાડી નાખી અને જોરથી તાડુક્યા, આવા તો કેટલાય કમિશનર, કલેક્ટરો આવ્યા અને ગયા. તું કોણ? આખરે તો સરકારનો પાલતુ ચાકર, બાલુ સાહેબ તને આના સિવાય બીજું કશું આવડે ખરું? એકાદ 'ખોખુ' આપી દઈશું એટલે ચૂપ! કેમ મહેતાજી બરોબર ને?

શેઠના જવાબનો પ્રત્યુત્તર આપતા મહેતાજીએ હકારમાં માથું હલાવ્યું. 'હા...!' અને વળતા જવાબરૂપે શેઠને કહ્યું કે, 'સાહેબ હજુ 'નવા' જ હાજર થયા છે. એટલે જ આપનો પરિચય તેમને નહીં હોય! બદલીમાં આવ્યા છે...! કડક છે!'

અહંકારથી શેઠે અટ્ટહાસ્ય કર્યું : હા...હા...હા...! અને મહેતાજી તેમજ નોકર પણ તેમાં જોડાયા...

અરે મહેતાજી... સાંભળો છો? જુઓ, હું આવતીકાલની ફલાઇટમાં સહપરિવાર લંડન જાઉં છું. પંદર-વીસ દિવસ પછી પાછો આવીશ. ધંધાનું પણ થોડું કામ છે. અને તમે નવા બંગલાના વાસ્તુ પૂજનનો પ્રોગ્રામ તૈયાર કરી રાખજો. મારો દીકરો ત્યાં બિઝનેસ કરે છે. તેને લઇને અમે બધા પરત આવી નવા બંગલામાં રહેવા જઈશું... ઓકે...? મહેતાજીએ ટાપસી પુરાવતા 'હા' કહી.

અને અચાનક... વાસ્તુપૂજનના દિવસે શેઠ પોતાના સહ પરિવાર સાથે નવા બંગલે જઈ રહ્યા હતા. પોતાની ગાડીમાંથી ત્યાં જોયું તો લોકોના ટોળેટોળા ઊભા હતા. પોલીસનો બંદોબસ્ત હતો. લોકોના શોરબકોરના અવાજો સંભળાતા હતા. ચારે તરફ અશાંતિ હતી અને ધૂળની ડમરીઓ ઉડતી હતી... આ... શું? સવાર... સવારમાં...!

શેઠે પોતાની કાર ઊભી રખાવી. ટોળામાંથી આગળ જઈને જોયું તો...!

પોતાના જ નવા નક્કોર બંગલાને મ્યુનિસિપલ કોર્પોરેશનના રાક્ષસી કદના બુલડોઝરો ઘમરોળી રહ્યા હતા. મહેતાજી... મહેતાજી... આ...શું...? માંડ... માંડ... શેઠનો ફાટેલો અવાજ નીકળ્યો! શેઠ ફાટી આંખે પોતાના નવા બંગલાની જગ્યાએ પોતાના ઉભેલા ખંડેર મકાનને નતમસ્તકે જોઈ રહ્યા હતા.

પોતાના ગુસ્સાથી લાલચોળ થયેલા શેઠ સરકારી સાહેબો ઉપર ગાળોનો વરસાદ વરસાવતા તેના મહેતાજીને જાહેરમાં ખખડાવી નાખ્યા... તમે મને જાણ કેમ ન કરી....? વફાદાર સરકારી 'નોકર' આ શહેરમાં આવ્યો છે? હું... તને... જોઈ લઈશ...! અને સાથે આવેલા નોકરને ખખડાવતા... ગાળો દેતા... આ ખંડેર બનેલા તેમના મકાનને શેઠ એકીટસે, અવાચક થઈ જોઈ રહ્યા. અને મકાનમાં પેલા ચકલા ચીં...ચીં... ચીં...ચીં... કરતા ફરીથી પોતાનો માળો બાંધવાની કોશિશ કરતા હતા અને પોતાનો આક્રોશ વ્યક્ત કરતા હતા.

*"ગાયત્રીકૃપા",*
*પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ નં. ૪/એ,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*
*મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

બાલ જગત

# કલરવ

• દિનેશ માંકડ •

## ટકોર ટાબરિયાને

વેકેશનની મજા તો ફક્ત બાળપણમાં જ મળે. જોકે કેટલાક વાલીઓ પોતાના બાળકોને પરાણે અણગમતા વધારાનાં વર્ગોમાં ધકેલી દે છે. જોકે તેમાં એમનો ઈરાદો તો ખૂબ સારો જ હોય છે. બાળકના વિકાસનો કે કશુંક નવું શીખવી દેવાનો હોય છે. વાલીઓ અને બાળકોએ એ વાત ખાસ વિચારવી જોઈએ કે વેકેશન એટલે મજા જ મજા. એટલે દેખાદેખીથી કે જાહેરાતોથી અંજાઈ જઈને ભારેખમ કે બોજારૂપ અને અરૂચિકર વર્ગોમાં જવાની ભૂલ ન કરવી. હા, વેકેશનનાં સમયનો સદુપયોગ જરૂર કરવો જ, પણ મજા પડે તેમ. દોસ્તો, તમારામાંથી કેટલાને પુસ્તકો અને સામયિકો વાંચવાની ટેવ છે? પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અને મહાન વિજ્ઞાની ડૉ. અબ્દુલ કલામે કહેલું કે, **"એક ખૂબ સારું પુસ્તક એ સો સારા મિત્રો બરાબર છે."** વેકેશનમાં તમે પણ તમને ગમે તેવા થોડા પુસ્તકો જરૂર વાંચો. મિત્રો, એટલું ચોક્કસ નોંધી રાખજો કે ટી.વી. ચેનલ્સ અને વીડિયો ગેઈમ્સ કરતાં પુસ્તકો કંઈક વિશેષ આપે છે. એવું જ સારા સામયિકો માટે છે. સારા પુસ્તકો જરૂર મેળવજો જ અને વાંચજો. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યાલયમાં પણ ખૂબ માહિતીપ્રદ અને ઉપયોગી પુસ્તકો છે અને મને ફોન કરશો તો હું પણ તમને પુસ્તકો માટે સૂચન જરૂર કરીશ. પણ વાંચજો જરૂર.

## ગૌરવ ગાથા

આપણા દેશ પાસે એટલો બધો તો પ્રાચીન વારસો છે કે ન પૂછો વાત! આજે એક મહાન અને વિદ્વાન પિતા અને પુત્રીની વાત કરવી છે. મધ્યકાલીન ભારતનાં મહાન ખગોળવેત્તા પંડિત ભાસ્કરાચાર્ય અને તેમની વિદુષી પુત્રી અને મહાન ગણિત શાસ્ત્રીણી લીલાવતીએ ખૂબ જ્ઞાન આપ્યું છે. પિતા ભાસ્કરાચાર્યએ તો અંક ગણિત, બીજ ગણિત, ત્રિકોણમિતિ અને જ્યોતિષ વિષયક 'સિધ્ધાંત શિરોમણી' નામક અપૂર્વ ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખ્યો છે. આ ગ્રંથના અલગ અલગ વિભાગોમાં અંક ગણિતનો વિભાગ પુત્રી લીલાવતીએ લખ્યો છે. ભાસ્કરાચાર્યના આ ગ્રંથનું અકબર બાદશાહે પોતાના એક દરબારી રત્ન ફૈજી પાસે ફારસી ભાષામાં ભાષાંતર પણ કરાવ્યું. પુત્રી લીલાવતીના જીવનની એક કરુણતા પણ છે. પ્રથમ પતિનું અકાળે નિધન થયું. જ્યોતિષી પિતાએ તેનું બીજું લગ્ન કરવા - ચોક્કસ મુહૂર્ત ખૂબ બારીકાઈથી નક્કી કરવા એક જળ-ઘડી બનાવી. ઉપરના ઘડામાં છિદ્ર પાડ્યું. તેમાંથી પાણી નીચેનાં ઘડામાં ટપકે. નક્કી કરેલા બિંદુએ મુહૂર્ત સાચવવું. પણ વિધિને કોણ રોકે? ઘડાનું પાણી જોવા લીલાવતીએ મોં અંદર નાખ્યું ને શણગારનું એક મોતી પાણીમાં જઇ પડ્યું. લગ્ન તો થયા પણ મુહૂર્ત ખોટું પડ્યું. ફરી પતિનું નિધન થયું. વિદુષી પુત્રીએ નક્કી કરી લીધું કે તેનું જીવન ગણિતને જ સમર્પિત કરવાનું ભગવાને લખ્યું છે અને તે પ્રાચીન ભારતની શ્રેષ્ઠ મહિલા ગણિતશાસ્ત્રીણી બની. પિતા ભાસ્કરાચાર્યએ તેના ગ્રંથ 'સિધ્ધાંત શિરોમણિ'નાં પુત્રીએ તૈયાર કરેલા અંક ગણિત વિભાગને 'લીલાવતી ગણિત' નામ આપ્યું. લીલાવતી ગણિતમાં ગણિતની અનેક અદ્ભુત કરામતો અને સમસ્યાઓનો સમાવેશ છે. ગણિતનાં જાણકારો તો કહે છે કે જે સમસ્યાઓ લીલાવતીએ પોતાના ગ્રંથમાં, નવસો વર્ષ પહેલાં ઉકેલી આપેલી છે, તે સમસ્યાઓ યુરોપનાં ગણિતશાસ્ત્રીઓ હજી હમણાં ઉકેલી શક્યા છે!

દોસ્તો, છે ને ભારત દેશ મહાન! અને ધન્ય છે તેમાં થઈ ગયેલી મહાન વિભૂતિઓ!

## નાની વાત - મોટો બોધ

દોસ્તો, આજે વાત કરવી છે ચીન્ટુ અને પીન્ટુની. બંને પાક્કા દોસ્ત. નામ તો ચિંતન અને પીનાકીન હતા

પણ એક સોસાયટીમાં પાસે પાસે રહેતા, એક જ શાળામાં એક જ વર્ગમાં, ભણવામાં સાથે, રમવામાં સાથે એટલે સૌ તેમને ચીન્ટુ-પીન્ટુ એમ જ બોલાવે. એક જ બાબતમાં જુદા પડે. ચીન્ટુનું ભણવામાં મન ઓછું લાગે. જો કે એમાં ચીન્ટુનો જ એકલાનો વાંક નહોતો. શાળામાં જે ગૃહકાર્ય મળે, તેમાં જે ન સમજાય તે ચીન્ટુ તેના ભણેલા મમ્મી-પપ્પાને પૂછે. પણ બને એવું કે જ્યારે ચીન્ટુ પૂછે ત્યારે તેમને અનુકૂળતા ન હોય અને જ્યારે તેમને ફાવતું હોય ત્યારે ચીન્ટુને રમવા જવાનું મન હોય. હા, ચીન્ટુના મમ્મીને ટી.વી.નો શોખ થોડો વધારે ખરો અને પપ્પાને ઘરની બહાર મિત્રો સાથે બેસવાની આદત જરા વધારે. આવું રોજબરોજ બને. ચીન્ટુ શાળામાં કાં તો ગૃહકાર્ય કર્યા વગર જાય, કાં તો ખોટું કે અધૂરું કરે કે નકલ કરે. છેવટે શિક્ષકોની વઢ ખાય. પરિણામે ચીન્ટુનું મન અભ્યાસમાંથી ઓછું થતું ગયું. પીન્ટુ મમ્મી-પપ્પાનું કહ્યું માનતો અને તેમની સાથે બેસતો. શાળાની અને અભ્યાસની મુંઝવણની વાતો કરતો અને ખૂબ નિયમિત રહેતો અને બેસીને શીખતો પણ ખરો. પરિણામે તેની અભ્યાસ પ્રત્યે રૂચિ પણ વધારે હતી અને શાળાના શિક્ષકો તેના પ્રત્યે સારૂં વલણ રાખતા. શાળામાં પ્રથમ સત્રની કસોટી આવી. ચીન્ટુભાઈના પેપરો ખરાબ ગયા ને પીન્ટુભાઈ ખુશખુશાલ હતા. થોડા સમયે પરિણામ આવ્યું. ચીન્ટુના ડબ્બા ગુલ અને પીન્ટુ વર્ગમાં પ્રથમ! ચીન્ટુએ ઘેર પોતાનું પરિણામ કહેલું પણ પીન્ટુનું કહ્યું નો'તું. રાત્રે પીન્ટુના પપ્પા જ પીન્ટુનું પરિણામ લઈને આવ્યા. ચીન્ટુના પપ્પા ચીન્ટુને નબળા પરિણામ માટે ઊંચા અવાજે લડતા હતા. પીન્ટુનાં પપ્પાએ તેમને શાંત કર્યા અને પછી કહ્યું કે, 'ચીન્ટુને લડવા કરતા તેના નબળા પરિણામના કારણો વિચારો અને તેનો ઉકેલ કરો.' સૌને તેમની વાત સાચી લાગી. ચીન્ટુને થયું, ભૂલ મારી છે. મારે મમ્મી-પપ્પાના અનુકૂળ સમયે બેસી, ન આવડતું શીખી જ લેવું જોઈએ. તેના મમ્મી-પપ્પાને પણ થયું કે આપણે ચીન્ટુનાં અભ્યાસને, બીજી પ્રવૃત્તિ કરતાં અગ્રતા આપવી જોઈએ. બસ બીજા જ દિવસથી 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે...' મહેનત શરૂ. અને સમજી ગયા ને? વાર્ષિક પરીક્ષામાં ચીન્ટુભાઈ પણ ખૂબ જ સારા ગુણ લઈને પાસ થયા. સૌને નવાઈ તો જરૂર લાગી પણ સૌ જાણતા હતા કે – ચીન્ટુ-પીન્ટુની જોડી કોઈ શકે ન તોડી!!

## તન સારૂં, તો મન સારૂં

ઉનાળો આવી ગયો એટલે ઠંડું ઠંડું ખાવા-પીવાની મજા જ મજા. પણ દોસ્તો, એક નાનકડી પણ કામની વાત જાણવા જેવી છે. વધુ પડતું ઠંડું પાણી કે ઠંડા પીણા આપણા પાચનતંત્રને ખૂબ નબળું બનાવે છે. આપણા શરીરની અંદર પણ એક ચોક્કસ તાપમાન હોય છે. ખોરાક પચાવવા જરૂરી તાપમાન - અંદરનાં અગ્નિને જઠરાગ્નિ કહેવાય... હવે આપણે જો બહારથી વધારે પડતું ઠંડું પાણી કે ઠંડા પીણા પીએ તો આપણો જઠરાગ્નિ મંદ પડી જાય. ખોરાક બરાબર પચે નહીં. લોહી ન બને - તાકાત ન આવે, વારંવાર બીમાર પડાય. અને હા, ઠંડા પીણામાં તો એટલા બધા નુકસાનકારક તત્ત્વો હોય છે કે ન પૂછો વાત.

## શું તમે જાણો છો?

બાળ મિત્રો, ઈસવીસન પૂર્વે આશરે પાંચસો વર્ષ (આજથી ૨૬૦૦ વર્ષ પહેલા) પ્રાચીન ભારતની ગૌરવગાથા સમાન તક્ષશિલા વિદ્યાપીઠ પશ્ચિમ પંજાબ (હાલ પાકિસ્તાન)માં આવેલી હતી જેમાં આખા વિશ્વમાંથી શિક્ષણ માટે અભ્યાસાર્થીઓ આવતા. અર્થશાસ્ત્ર જ્ઞાતા અને ચંદ્રગુપ્ત મૌર્યને તૈયાર કરનાર પ્રખર શિક્ષક ચાણક્ય અહીંથી તૈયાર થયા. જાણીતા વ્યાકરણી પાણિની, જીવક, વરરૂચિ અને અર્જુનનાં પુત્ર કુરુ રજા પરીક્ષિત અને જન્મેજય પણ અહીં અભ્યાસ કરી ગયાનાં ઉદાહરણ છે. આવી ભવ્ય વિદ્યાપીઠનું નામ લેતાય ગૌરવ થાય તેવું છે.

## મગજ કસો, નહિં તો ખસો

ચાલો દોસ્તો, આજે એક ગણિત ગમ્મત કરીએ. તમે કોઈ એક સંખ્યા ધારી લો. તેને પાંચ વડે ગુણો. તેમાં ત્રણ ઉમેરો. જે સંખ્યા આવે તેને બે વડે ગુણો.

તેમાં ત્રણ ઉમેરો.

ચાલો કહી દઉં તમારી ધારેલી સંખ્યા??

છેલ્લે જે રકમ આવી તેમાં છેલ્લો નવડો હશે તે કાઢી નાંખો એટલે તમારી ધારેલી સંખ્યા આવી ગઈ, બરાબર? મિત્રો મળે ત્યારે તેમની સાથે આ ગમ્મત કરી લેજો.

## હસ્યા તો ફસ્યા

*ભિખારી* : કંઈક આપો ને...

*વેપારી* : તું ભિખારી જેવો લાગતો નથી.

*ભિખારી* : આમ તો લેખક છું. એક પુસ્તક પણ લખ્યું છે 'પૈસા કમાવાની સો તરકીબો.'

*વેપારી* : તો ભીખ કેમ માંગે છે?

*ભિખારી* : એ સો માંની આ એક તરકીબ છે!

☺ ☺ ☺ ☺ ☺

*એક કર્મચારી* : બિચારો પ્રકાશ બહેરો થઈ ગયો.

*બીજો* : ત્યારે તો નોકરી ગુમાવશે.

*પહેલો* : ના રે ના, તેની બદલી ફરિયાદ વિભાગમાં થઈ રહી છે!!

# રસરંજન

• શંકર ન. ઠક્કર •

## જમાનાની તાસીર

દિવસો હતા એ,
આફતો આવતી અને,
ડરાવતી મને.
કદી વળી ચડતો કલ્પાંતે,
જીરવી નહીં શકું હવે.

...અને છતાંયે
આફતો તો આવતી;
મુજ ભીરૂ મન પર,
અટ્ટહાસ્ય કરતી.
હું બનતો બહાવરો
એ હસતી રહેતી.

....અને આજે જ્યારે;
હું જીવતા શીખી ગયો છું;
કંઈક જીરવતા શીખી ગયો છું
ત્યારે પણ –
આફતો તો હજી આવે છે,
પણ આફતો આવે છે ત્યારે,
હું હસી લઉં છું.

....અને એ આફતો જ,
ખુદ રડી લે છે –
નિજની કો'ક ભૂલ સમજીને
એને પણ હવે સમજાયું છે
જમાનાની તાસીર મેં પકડી છે.

## હું માનવી છું

પ્રેમથી પીવડાવશો તો,
હળાહળ ઝેર પીનાર
હું શંકર છું.

વાત આવશે સિતમની તો;
કંસને મારનાર
હું કૃષ્ણ છું.

યુગોથી જન્મતો આવ્યો છું,
યુગો સુધી જન્મવાનો છું
હું માનવી છું.

*શંકર ન. ઠક્કર - નિવૃત્ત નાયબ કલેક્ટર, ભુજ*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

# શબ્દ શોધ : ૪૯

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ૪ | ■ | ૫ |
| ૬ | ૭ | | ■ | | ■ | ૮ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | | ■ | ૧૪ | ■ | |
| ■ | | ■ | ■ | ૧૫ | | | ૧૬ | ■ |
| ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ |
| ૨૧ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | |
| ૨૬ | | ■ | ૨૭ | | | ■ | ૨૮ | |
| ૨૯ | | | | ■ | ૩૦ | | ■ | |

## આડી ચાવીઓ

૨. કમલાકંથ, લક્ષ્મીજીના પતિ, ભગવાન વિષ્ણુ (૫)
૬. એક રાશિ (૩)
૮. અહીં મચ્છર આડો અવળો છે (૩)
૧૦. બળ, તાકાત (૨)
૧૧. કાળજું, કલેજું (૩)
૧૨. અહીં ઊંધેથી 'કાન, શ્રવણ કે સાંભળવાની ક્રિયા'નો પર્યાય મળશે (૨)
૧૩. આંખની કીકી (૩)
૧૫. આશ્ચર્ય, નવાઈ (૪)
૧૮. શ્રવણે કયા સાધનમાં બેસાડીને પોતાના માતા-પિતાને યાત્રા કરાવી હતી? (૩)
૧૯. થોડું, સ્વલ્પ (૩)
૨૧. દયા, અનુકંપા (૩)
૨૩. સુંદર સ્ત્રી (૨)
૨૫. _______ ત્યાં જંપ (૨)
૨૬. 'તળાવ'ને કચ્છી ભાષામાં શું કહેવાય? (૨)
૨૭. રાજીપો, પ્રસન્નતા, ખુશી (૩)
૨૮. ધરતીનો છેડો _______ (૨)
૨૯. એક દેવી કે માતાજીનું નામ (૪)
૩૦. એક એવી રાશિ કે જેના એક અક્ષર પરથી કદી કોઈપણ નામ ન પડે! (૨)

## ઊભી ચાવીઓ

૧. નબળું, નિર્બળ, અશક્ત (૪)
૨. હાથ, વેરો (૨)
૩. તાજેતરમાં ભાજપના કયા રાષ્ટ્રીય નેતાના પત્ની કમલાદેવીનું નિધન થયું? (૮)
૪. તમોગુણ, અંધારું, અંધકાર (૨)
૫. આપના હાથમાં કયું મુખપત્ર છે? (૪)
૭. હથેળી (૪)
૯. કામદેવના પત્ની (૨)
૧૪. રામચંદ્રજીના વનવાસ દરમ્યાન રાજા તરીકેનો વહીવટ કોણે સંભાળ્યો હતો? (૩)
૧૬. હાલનો 'ભારતીય જનતા પક્ષ' કયા પક્ષના વિલીનીકરણ પછી બન્યો છે? (૪)
૧૭. એક મહિનો (૪)
૧૮. કાર્ય, કાજ (૨)
૨૦. જમીનમાંથી ખોદી કાઢવું (૪)
૨૨. પરેશાન, ખૂબ દુઃખી કે પીડાયેલું, વ્યગ્ર (૩)
૨૪. માપ કરનારું, માપ આપનારું (૩)
૨૭. દાળ શાક વગેરેના વઘારમાં જીરા સાથે શું પડે? (૨)

## શબ્દશોધ : ૪૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | પ | રા | ■ | અ | ભિ | નં | દ | ન |
| પ | ધ્ર | ■ | મા | હ | ■ | દ | મ | ■ |
| વિ | જ | ય | મા | લ્યા | ■ | રા | ન | વી |
| ત્ર | ■ | વ | ■ | ■ | રા | ણી | ■ | જ |
| ■ | ગ | ની | મ | ત | ■ | ■ | સા | ળી |
| ભુ | જ | ■ | ડ | મ | રુ | ■ | બ | ■ |
| ■ | ગા | મા | ઇ | ■ | દ | ■ | ર | જા |
| કા | મિ | ની | ■ | ર | ન | ■ | મ | જ |
| મ | ની | ■ | જ | મા | ■ | ય | તી | મ |

**શબ્દ શોધ : ૪૭/૪૮નો ઉકેલ મોકલાવનારના નામ**

૧. સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
૨. બિંદી કેતન રાણા - અમદાવાદ
૩. મહાભાઈ આર. વોરા - ભુજ
૪. વસંતબેન વજેરામ ગોર - ગાંધીનગર

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

## લોક ડાયરો

તા. ૨૮ માર્ચે ગાંધીનગર ટાઉનહોલ ખાતે લોક સાહિત્ય પરિવાર, ગાંધીનગર દ્વારા 'શબ્દનો આરાધ' શીર્ષક હેઠળ ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છના જાણીતા ગાયક ઓસમાણ મીરે એક એકથી ચડિયાતા લોકગીતો રજૂ કર્યા હતા તેમજ ભારતીબેન વ્યાસે પણ તેમના સુરીલા કંઠ દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. લોકસાહિત્ય પરિવાર અને સત્રા પ્રોપર્ટીઝ મુંબઈના સૌજન્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે લોકસાહિત્ય પરિવાર દ્વારા ગુજરાત - સૌરાષ્ટ્ર અને કચ્છના લોકગીતના કલા વારસાને સાચવતા કલાકારોને બોલાવી લોક ડાયરાનું આયોજન કરવામાં આવે છે. આ લોક ડાયરામાં મોટી સંખ્યામાં પ્રેક્ષકોએ ઉપસ્થિત રહી લોક ડાયરાની મજા માણી હતી.

## ગાંધીનગર શહેર વસાહત મંડળ

ગાંધીનગર શહેર વસાહત મંડળે જરૂરિયાતમંદોને પગરખાં વિતરણની ઉમદા કામગીરી કરવા બદલ ઇન્ડિયા બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. શહેર વસાહત મંડળ તેમજ અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા લગભગ ૧૫થી ૨૦ હજાર જેટલા જરૂરિયાતમંદોને પગરખાં પૂરા પાડવામાં આવે છે. ગુજરાતના અંતરિયાળ ગામડાઓમાં જઈ લોકોને આ સંસ્થા દ્વારા પગરખાં પૂરા પાડવામાં આવે છે. કચ્છના શ્રી નીલેન્દુ વોરા આ કાર્યમાં સક્રિય જોડાયેલા છે. પગરક્ષણ સેવા માટે યોગદાન આપવા માટે શ્રી નીલેન્દુ વોરા (ફોન : ૦૭૯-૨૩૨૩૩૪૫)નો સંપર્ક કરવો.

## ટૂંક સમયમાં ગાંધીનગર 'વાઇ-ફાઈ'

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશને ગાંધીનગર પાટનગરને દેશના સૌપ્રથમ વાઈ-ફાઈ પાટનગર બનાવવાનો નિર્ધાર કર્યો છે. ટૂંક સમયમાં જ ગાંધીનગર 'વાઈ-ફાઈ' બની જશે. વાઈ-ફાઈનો ઉપયોગ કરનાર ઉપભોક્તા દિવસમાં ગમે ત્યારે ૩૦ મિનિટ આ સેવાનો લાભ લઈ શકશે.

## એજ્યુકેશન ઇનોવેશન ફેર

તાજેતરમાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેરનું આયોજન જી.સી.ઈ.આર.ટી. દ્વારા ટાઉનહોલ ખાતે યોજાયું હતું. આખા રાજ્યમાંથી ૧૦૮ ઈનોવેટીવ કૃતિઓ રજૂ કરાઈ હતી. આ ઈનોવેશન ફેરમાં ગણિત સરળતાથી કેમ જીવવું? અભિનય દ્વારા તથા ટેકનોલોજી દ્વારા શિક્ષણ અને તેનો ઉપયોગ તથા કઠપૂતળી દ્વારા શિક્ષણ ક્ષેત્રના અનેક વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. લોકોએ પણ આ ઈનોવેશન ફેરની મુલાકાત લઈ પોતાના બાળકોને અભ્યાસમાં રસ લેતા કરવાના ઘણાં નવા વિચારો પ્રાપ્ત કર્યા હતા. કચ્છથી પણ ઘણા શિક્ષકો આ ઈનોવેશન ફેરમાં ભાગ લેવા આવ્યા હતા અને પોતાના પ્રોજેક્ટો અને વિચારો રજૂ કર્યા હતા. આના ઉદ્‌ઘાટન પ્રસંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય કક્ષાના શિક્ષણ પ્રધાન નાનુભાઈ વાનાણી ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

## અભિનંદન સહ શુભેચ્છા

કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર સાથે બાળપણથી જ જોડાયેલા સૌની લાડલી એવી પ્રજ્ઞાબેન અને રિધ્ધિશભાઈ જોશીની સુપુત્રી ચિ. દિશા તાજેતરમાં કચ્છના સુમરી રોહાના વતની હાલ મુંબઈ સ્થિત પણ હાલ અમેરિકામાં સ્થાયી થયેલ શ્રી ધર્મેશભાઈ જોશીના સુપુત્ર ચિ. અંકિત જોશી સાથે લગ્નગ્રંથિથી જોડાયેલ છે. ચિ. દિશાએ કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગરના દરેક કાર્યક્રમમાં અંગત રસ દાખવી મંડળની પ્રગતિમાં સક્રિય ફાળો આપેલ છે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળકોને તૈયાર કરી અનેક કાર્યક્રમો રજૂ કરેલ છે. અમદાવાદ કચ્છી સજાજના નવરાત્રિ ઉત્સવ - સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ સક્રિય ભાગ લઈ ઇનામો પ્રાપ્ત કર્યા છે. અષાઢી બીજનો કાર્યક્રમ હોય કે શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ હોય, ચિ. દિશા સમય કાઢીને કાર્યક્રમને સફળ બનાવવા તન-મનથી જોડાઈ જાય — એવી લાડલી દિશાને કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે. વડીલ ગણ આશીર્વાદ પાઠવે છે.

*પડેલા પથ્થરને પગથિયામાં પલટાવી દે તે સંત.*
*વિઘ્નોને વરદાનમાં ફેરવી નાખે તે સંત.*
*આપત્તિને આશીર્વાદમાં ફેરવી દે તે સંત.*

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

Vaikunth R. Gopani
B.Com. FCA. DISA

M. 9426303628
9909986171

## V. R. GOPANI & CO.

**Charaterd Accountants**

H.O. :
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

Branch :
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

Resi. :
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---

## GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**: BRANCHES :**
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

---

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

## વિલમોર પ્લાય પ્રા.લિ.

All Products ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦

---

## AMBICA TIMBER MART

logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company) | FORESTRY PRODUCTS (Export and Import) | ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

---

PARBATBHAI PATEL (M) : 98240 62711

## Shivam Packaging

## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
કાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

---

## POSITIVE®
PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

RAVI ENTERPRISE

## RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસ:
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસ: બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓ:
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.c
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ગાર્ડનિયમ સિટીસેન્ટ
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઇમેલ : gurjarprakashan@gma

Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
JUST CALL AND BOOK TICKET
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group



Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-